


# સાધનોનું સૌન્દર્ય

પૂજ્ય ચિત્રભાનુજી

(શ્રી ચંદ્ર પ્રભસાગરજી)

# સાધનોનું સૌન્દર્ય

: પ્રવચનકાર :

'ચિત્રભાનુજી'

(પૂજ્ય શ્રી ચંદ્રપ્રભસાગરજી)

નવભારત સાહિત્ય મંદિર
૧૩૪, પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઈ – ૪૦૦ ૦૦૨
જૈન દેરાસર પાસે, ગાંધી રોડ, અમદાવાદ–૩૮૦ ૦૦૧

SADHANONUN SAUNDARYA
BY PUJYA CHITRABHANUJI

આવરણ : **ઠાકોર રાણા**


**પ્રકાશક :**

**ધનજીભાઈ પી. શાહ**

**નવભારત સાહિત્ય મંદિર,**

૧૩૪, પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઈ – ૪૦૦ ૦૦૨

જૈન દેરાસર પાસે, ગાંધી રોડ, અમદાવાદ – ૩૮૦ ૦૦૧

**આવૃત્તિ : આઠમી**

**પુનર્મુદ્રણ ૧૯૯૧**

**કિંમત : ૨૩-૦૦**

**મુદ્રક : ઈમેજ**

ઝવેર રોડ, મુલુન્ડ (વે.) • ફોન : ૫૬૧ ૩૩ ૦૬

# પ્રકાશકીય

કેટલીક વસ્તુઓ નિત્ય નવીન છે. વસંત વૈતાલિકનાં ગાન સદા અજરઅમર હોય છે. પૂજ્યશ્રી ચિત્રભાનુશ્રીની વાણી અને વ્યાખ્યાનનું આવું છે. એ વાણીમધુમાં હંમેશાં તંદુરસ્ત મીઠાશ છે: ને ભેદભાવ વગર હરકોઇ તેને આરોગી શકે છે.

પૂજ્યશ્રી 'ચિત્રભાનુ'ની પ્રવૃત્તિઓ હમણાં વિશ્વના આંગણે વિધવિધ પ્રવાહોમાં ગતિમાન બની છે. એમણે પોતાના વ્યકિતત્વથી પ્રવૃત્તિઓના વિશાળ ફલકને આવરી લીધું છે, છતાં તેમની અમીદૃષ્ટિ શ્રીજીવન-મણિ ટ્રસ્ટ માથે હંમેશાં રહી છે : ને અવારનવાર ઓછાંવત્તાં અમીરસનાં છાંટણાં કરતી રહી છે.

વાચકોને આ એક વિશેષ અમીરસનું છાંટણું લાધે છે. એને આંખે અને કાને અડાડી, અંતરે ઉતારી પાવન થઇએ.

**-લાલભાઈ મ. શાહ**
(પાંચમી આવૃત્તિમાંથી)

નામ ન જાનૂં ગાંવકા, બિન જાને કિત જાઊં ;
ચલતે ચલતે જુગ ભયો, પાવ કોસ પર ગાંવ.

મૈત્રીભાવનું પવિત્ર ઝરણું મુજ હૈયામાં વહ્યા કરે,
શુભ થાઓ આ સકલ વિશ્વનું એવી ભાવના નિત્ય રહે.

ગુણથી ભરેલા ગુણીજન દેખી હૈયું મારું નૃત્ય કરે,
એ સંતોનાં ચરણકમલમાં મુજ જીવનનું અર્ધ્ય રહે.

દીન, ક્રૂર ને ધર્મવિહોણા દેખી દિલમાં દર્દ રહે,
કરુણાભીની આંખોમાંથી અશ્રુનો શુભ સ્રોત વહે.

માર્ગભૂલેલા જીવનપથિકને માર્ગ ચીંધવા ઊભો રહું,
કરે ઉપેક્ષા એ મારગની તોય સમતા ચિત્ત ધરું.

ચિત્રભાનુની ધર્મભાવના હૈયે સૌ માનવ લાવે,
વેરઝેરનાં પાપ ત્યજીને, મંગલ ગીતો સૌ ગાવે.

E-1 Queen's View, 28-30 Walkeshwar Road.

# પ્રભાતનો પરાગ

આત્મામાં અનંત શકિતઓ છે એમ આપણે સાંભળીએ છીએ. પણ આત્મા અરૂપી હોઇ એને આપણે ચર્મચક્ષુથી જોઇ શકતા નથી કે દર્શન કરી શકતા નથી. પણ જયારે વિવિધ શકિતઓથી ભરેલી કોઇ વિશિષ્ટ વ્યકિતનાં દર્શન થાય છે ત્યારે આપણને પ્રતીતિ થાય છે કે આત્મા અનંત શકિતઓનો સ્વામી છે.

એવી જ અનુભૂતિ મને પૂ. ચંદ્રપ્રભસાગરજી (ચિત્રભાનુ) મહારાજનાં દર્શને થઇ. વિદ્વત્તા, પ્રતિભા, વકતૃત્વ, ચિન્તન, લેખન અને આધ્યાત્મિક સાધનાથી નીતરતું માધુર્ય–આ બધી શકિતઓને એક સંપથી પૂજ્યશ્રીમાં એક સાથે વસેલી જોઇ મારું મસ્તક શકિતઓના આ સ્વામીને નમી પડયું.

એમણે પોતાના પ્રભાવશાળી વ્યકિતત્વથી અમારા જેવાં લાખો યુવક–યુવતીઓને પ્રેરણા આપી જાગૃતિના પ્રભાતમાં ખેંચ્યાં છે. મુંબઇની વિદ્યાપીઠો, કૉલેજો, મહાવિદ્યાલયો અને શાળાઓમાં એમના શબ્દો ગુંજી રહ્યા છે. એમને સાંભળવા યુવક વર્ગ આતુરતાથી રાહ જુએ છે.

મુંબઇની પચરંગી પ્રજાના આચારમાં અહિંસા અને વિચારમાં અનેકાન્તની ઉજજવળતા લાવવા એમણે જે ગૌરવભર્યું કાર્ય કર્યું છે તેનું આલેખન આજ નહિ પણ આવતી કાલનો ઇતિહાસ જ કરી શકશે.

મુંબઇની શેરીએશેરીએ કરુણામય વીતરાગની વાણીને વહાવી એમણે કલ્પી ન શકાય એ રીતે લોકહૃદયનું પરિવર્તન કર્યું. અહિંસાની ભાવનાને ઉત્કટ બનાવી, મુંબઇની મહાનગરપાલિકા સુધી પહોંચાડી, અહિંસારૂપી જે એક સ્વપ્ન હતું તેને સાક્ષાત કર્યું; જેના પડઘા દેશના ખૂણેખૂણે આજે પડી રહ્યા છે.

એમની આર્ષદૃષ્ટિને સમાજ ધીરેધીરે અનુસરી રહ્યો છે, અને સમાજ-જીવનમાં આવતા પરિવર્તનનું ઉષાદર્શન એ રીતે આપણે કરી શકીએ છીએ.

એમણે સ્થાપેલા દિવ્ય-જ્ઞાન સંઘની અનેકવિધ પ્રવૃત્તિઓ અને એ સંસ્થા દ્વારા પ્રગટ થતાં વિચારપ્રચૂર કલાત્મક પુસ્તકોને વિશ્વ-ભરમાં અદભુત આવકાર મળ્યો છે. એ પુસ્તકો વાંચી દૂરદૂરથી પ્રવાસીઓ એમને મળવા આવે છે, એમના ઊંડા ચિંતનનો લાભ લે છે અને પાછા સ્વસ્થાને જઇ પોતે જે મેળવ્યું છે તે લેવા બીજાને મોકલે છે. આમ, દીવાથી દીવો પ્રગટે એ પધ્ધતિએ આજે જૈન ધર્મનું તત્ત્વજ્ઞાન ભારતના સીમાડા વટાવી દૂરદૂર સુધી પહોંચી રહ્યું છે.

આ મૌન એકાદશીના દિવસે લંડનથી B. B. C. ના નિષ્ણાતો અહીં આવી, એમનાં પ્રવચન અને જીવનચર્યાને ટેલિવિઝન માટે રેકૉર્ડ કરી ગયા એ પ્રસંગ કોને પ્રેરણા સાથે આહલાદ ન આપે? આ બધું

બતાવે છે કે ભૌતિકવાદથી થાકેલા પશ્ચિમના માનવીઓને આત્મજ્ઞાનની તીવ્ર ક્ષુધા જાગી છે તે આવી વિભૂતિ જ તૃપ્ત કરી શકે.

એમની વાણીની એક વિશિષ્ટતા છે. આગમનાં કઠિનમાં કઠિન તત્ત્વોને એઓશ્રી એકદમ સરળ અને સાદી ભાષામાં મૂકે છે. એમના વિચારોમાં ગહનતા છે અને ભાષામાં સરળતા છે. એવું કંઇક એ વાણીમાં છે જે માણસના હૃદયને સ્પર્શી જાય છે. આ વાણીની અસર જગતભરના વિદ્વાનો પર પણ પડી રહી છે. આજે આપણે ત્યાં ભાગ્યે જ એવો કોઇ વકતા કે ચિન્તક હશે જે એમનાં વિચારો અને પુસ્તકોથી પરિચિત નહિ હોય. આગળ વધીને કહું તો કેટલાકનાં વકતવ્ય અને લખાણોમાં પણ એમની જ સ્પષ્ટ છાપ જણાઇ આવે છે.

આ પ્રવચનો 'દિવ્યદીપ' માં છપાયાં હતાં. વાચકોની માગણી વધતાં અને 'દિવ્યદીપ'ના અંકો અત્યારે અપ્રાપ્ય થતાં એમાં પ્રગટ થયેલાં પૂજ્યશ્રીનાં પ્રવચનોને આ સંગ્રહરૂપે બહાર પાડવામાં આવે છે. મારા જેવા કેટલાય વાચકોને આ પુસ્તક એક સ્મરણનોંધના સંગ્રહરૂપે ગમી જશે તેમાં મને શંકા નથી.

પૂજ્ય મુનિશ્રી યુગ યુગ જીવો અને અહિંસાનો સંદેશ વિશ્વના ખૂણેખૂણે પહોંચાડો એવી હું પ્રભુચરણે પ્રાર્થના કરું છું.

O Lord ! Let my head bow unto him;
Who hath kindled the flame of religion in my heart !

૧-૧-'૬૫

ડૉ. વીરેન્દ્ર પી. શાહ
M. Com., Ph. D.

# અનુક્રમ


| | | |
|---|---|---|
| ૧. | લક્ષ્મીનાં ભાગ્ય દાનથી ખીલે છે | ૯ |
| ૨. | વિદ્યા સુકૃતથી ધન્ય બને | ૨૨ |
| ૩. | ચિન્તન એ પરમ તત્ત્વના વિનિશ્ચય માટે છે | ૩૨ |
| ૪. | વાણી પરોપકાર માટે હો | ૪૭ |
| ૫. | માનવધર્મ | ૫૮ |
| ૬. | ભક્તિનું માધુર્ય | ૬૮ |
| ૭. | યોગપ્રાપ્તિ માટે | ૭૭ |
| ૮. | સિધ્ધાંતો ભૂલીને માત્ર પૂજા જ કરતા રહીશુ ? | ૮૮ |
| ૯. | વિચાર, ઉચ્ચાર અને આચાર | ૯૮ |

# લક્ષ્મીનાં ભાગ્ય દાનથી ખીલે છે !

આ પ્રવચનમાળામાં, મનુષ્યને મળેલાં સાધનોનો વિચાર કરવાનો છે. સાધનોનો સદુપયોગ થાય, તો એ માનવજાત માટે આશીર્વાદરૂપ બની જાય છે; એનો દુરુપયોગ થાય તો એ જ અભિશાપ બની જાય છે.

માનવીએ સાધનોનો સદુપયોગ ન કર્યો, તેથી એ ભવોભવ ભટકતો આવ્યો છે. એને સાધન મળ્યાં, પણ એ સાધક ન બન્યો. જેનાથી તરવું જોઇએ, શક્તિ મેળવવી જોઇએ, તેને બદલે તેનાથી એણે વિનાશ સર્જ્યો. જે સાધનોથી એણે તરવાનું હતું, તેનાથી જ એ ડૂબ્યો.

આ સાધનોનો ઉપયોગ કેમ કરવો, તેનું આ ચિન્તન છે. ખેતરની સુરક્ષા માટે ચોતરફ વાડ બાંધો, એમાં કપડું ભરાઇ જાય ને તમે ખેંચો તો કાં તો કપડું ફાટે, કાં તો વાડ તૂટી પડે, પણ સંભાળીને કાઢશો તો કપડું પણ નહીં ફાટે ને વાડ પણ રહેશે. તેમ જિંદગી–જીવન કાંટામાં ફસાય નહીં ને સુરક્ષિત સ્થાને પહોંચે, એ માટે આ સાધનો બતાવવામાં આવ્યા છે.

આ શ્લોકમા માનવની ચાર શકિતઓનું વર્ણનછે. એ શકિતઓનો–સાધનોનો જે સદુપયોગ કરે છે એ માનવી ત્રણે લોકમાં, જગતરૂપી કપાળમાં તિલક સમાન શોભે છે. એ ચાર શકિતઓ છે લક્ષ્મી, વિદ્યા, મન અને વચન.

આજે આપણે લક્ષ્મીનો વિચાર કરીએ. સંસારમાં પૈસાની ઘણી જરૂર છે. માનવી પાસે જીવનનિર્વાહ માટે પૈસા ન હોય, તો તેની સમાજમાં કિંમત કંઇ નથી ! જ્યારે સાધુ–સંતો પાસે પૈસા હોય તો એની કિંમત કંઇ નથી ! સાધુપણામાં અર્થના ત્યાગની ભાવના મુખ્ય ભાગ ભજવે છે. સંતો કહે છે કે આ લક્ષ્મી વિકાસ માટે છે; વિલાસ માટે, વિનાશ માટે કે વ્યભિચાર માટે નથી. લક્ષ્મીના દુરુપયોગથી તો માનવ પણ માનવ મટી પશુ જેવો બને છે. પણ એનો સદુપયોગ થાય તો એ આશીર્વાદરૂપ થઇ જાય.

જેને લક્ષ્મી મળી છે, તે પુણ્યશાળી છે કે જે પવિત્ર માર્ગે પોતાની પ્રવૃત્તિ ચલાવે છે તે? એ પ્રવૃત્તિ ચાલુ ન રહે, તો લક્ષ્મી સ્થગિત બને છે. લોભના ખાબોચિયામાં ગંધાય છે !

જીવનમાં લક્ષ્મીની ઉપયોગિતા છે, એ હકીકત છે. દિવાળીના શુભ દિવસોમાં, તેરસને દિવસે કોની પૂજા થાય છે? લક્ષ્મીની, ધનની. ચૌદસને દહાડે શકિતની અને દિવાળીને દિવસે વિદ્યાદેવીની પૂજા થાય છે ને? આમ ત્રણે વરદા છે; ધનદા, શકિતદા ને. વિદ્યાદા છે.

અહીં પણ બધી શકિતમાં પહેલું સ્થાન 'લક્ષ્મી'ને મળ્યું છે. તેને સન્માનવામાં આવી છે. ત્યારે તે લક્ષ્મી હલકી છે, એમ કેમ કહેવાય? એનો દુરુપયોગ કરનાર હલકો છે. લક્ષ્મી યોગ-ક્ષેમ માટે છે, સંગ્રહ માટે નહિ. આજે આપણે વિચાર કરવાનો છે કે એ લક્ષ્મીને કેવી રીતે વાપરવી. દાનમાં વાપરશો તો દાન વડે એ તમારી, તમારા ઘરની, તમારા દેશની શોભા વધારશે અને પરિગ્રહમાંથી મુકત કરશે; ચિંતાના ભારથી હલકાં કરશે.

શાસ્ત્રમાં પણ પરિગ્રહ પરિમાણ વ્રત કહ્યું છે. તેમાં માણસની શોભા છુપાઇ છે. માનવી પાસે મર્યાદિત ધન હોય, તો તેને કોઇ હેરાન ન કરે. તેનાં સંતાનો પણ કુસંસ્કારી ન થાય. જેમ વધારેપડતો ખોરાક મળે તો શરીરમાં રોગો ઉત્પન્ન થાય, ને પ્રમાણસર મળે તો તેનું જીવન તંદુરસ્ત અને સ્વસ્થ થાય. તેમ ધન માટે પણ સમજવું.

માથા પરના વાળની જ વાત કરો ને! વધારે રાખો તો એ ગરમી કરે, તેલ વધારે ખાય ને આંખની આડા પણ આવે. એટલા માટે જ તો તમે પૈસા આપીને પણ વાળ કપાવો છો. ધન પણ વાળ જેવું છે. તે તમારી પાસે વાળની જેમ પ્રમાણ પૂરતું હોય તો જ સારું, નહિતર આંખની ઉપર આવી દર્શન રોકવાનું.

લક્ષ્મી આવ્યા પછી, માણસ ત્રણ જાતના બની જાય છે : લક્ષ્મીદાસ, લક્ષ્મીનંદન અને લક્ષ્મીપતિ. કેટલાક ધન આવતાં તેના દાસ બની જાય છે; તેના તાબેદાર તરીકે રહે છે. જીવન સુધી તેની સેવા જ કર્યા કરે. બીજા લક્ષ્મીના દીકરા હોય છે. લક્ષ્મી જેમ આજ્ઞા કરે, તેમ તે આચરે. નન્દન એટલે પુત્ર. એ આજ્ઞા બહાર કેમ જાય? પણ ત્રીજો, જે લક્ષ્મીનો સ્વામી હોય છે, એ જીવનભર એને છૂટે હાથે વાપર્યા જ કરે છે. અંત સમયે એને એમ ન થાય કે હું વાપર્યા વિના મૂકીને જાઉં છું. એનો આત્મા તો સાક્ષી પૂરે કે મેં જીવનને જીવી જાણ્યું છે, લક્ષ્મીને વાપરી જાણી છે, પતિ બની લક્ષ્મીને સદુપયોગમાં ખરચી લહાવો લીધો છે.

તમે લક્ષ્મીને વાપરો નહીં, સારા માર્ગે ખર્ચો નહીં, તમારા ઘરમાં અતિથિ આવે ત્યારે પણ દિલના ઉદાર બનો નહીં તો છેવટે એ પશ્ચાત્તાપ મૂકી જાય છે..

વિશ્વનો એ અફર નિયમ છે કે માનવી ભેગું કરે છે, પણ અંતે એ બધું અહીં જ મૂકીને જાય છે. બધું સાથે લઇ જવાતું હોત તો માણસ પોતાનાં પ્યારાં, પુત્ર-પુત્રીઓને અને પ્રાણપ્રિયાઓને મૂકીને જાત?

સંસારમાં અર્થની જરૂર છે, પણ તેની પણ મર્યાદા જોઇએ તમારા બૂટની જ વાત વિચારોને . તો બૂટ પગના માપથી મોટા હોય. ગબડી જવાય; નાના હોય તો પગ છોલાઇ જાય; બરાબર હોય તો જ મુસાફરી થાય. તેમ લક્ષ્મી પણ વધારે હોય તો માણસને ગબડાવી મૂકે છે, અને સાવ ન હોય તો કંગાલ કરી મૂકે છે. એ મર્યાદિત – પ્રમાણસર જોઇએ.

કેટલાક માણસોને તો છેલ્લી ઘડી સુધી ધનની વ્યવસ્થા કેમ કરવી, તેનો જ વિચાર ચાલતો હોય છે. એનું મન આ ચિન્તામાં હોય ત્યાં પ્રેમ અને પ્રકાશ માટે જગ્યા જ ક્યાં? ધન જેમજેમ દેતા જાઓ તેમતેમ એ સંપત્તિ પણ વધતી જાય છે. ધન સન્માર્ગે વાપરવાથી કદી ખૂટતું નથી.

લક્ષ્મી વાપરો તો એની સુવાસ વધે, લક્ષ્મીની વૃધ્ધિ થાય. ન વાપરો તો એ ક્ષીણ થાય છે. લોકો વસ્તુપાળ–તેજપાળને યાદ કરે છે. ઈતિહાસ પણ આ નામોને જતનથી જાળવી રાખે છે. એ કયા દેશના હતા તે સાથે કોઈ સંબંધ નથી, પણ તેની ઔદાર્યભરી દાનવૃત્તિ સાથે, તેને સંબંધ છે. એ પુણ્યશાળીના ઘરમાં અનુપમાદેવી એક આદર્શ નારી હતી. એ પુણ્ય અને પ્રકાશની કડી હતી.

ભાગ્ય એક સુંદર વસ્તુ છે. એક દિવસ વસ્તુપાળ ધન દાટવા માટે જમીનમાં ખાડો ખોદે છે. ત્યાંથી પણ પુણ્યયોગે ધનના ચરુ મળે છે. ત્યારે અનુપમાદેવી કહે કે : 'જેને નીચે જવું હોય તે ધનને નીચે દાટે અને જેને ઊંચે જવું હોય તે ઊંચે સ્થળે –સન્માર્ગમાં વાપરે!'

આ ટૂંકું પણ મર્માળું વચન વસ્તુપાળને ગમ્યું, અને એણે આબુના શિખર પર ઊંચે ભવ્ય મંદિરો બંધાવ્યાં.

આજે વસ્તુપાળ–તેજપાળ કે અનુપમાદેવી નથી પણ એમનાં સર્જનને શોભાવનારાં સ્થાપત્યો ઊભાં છે. એમની સંપત્તિને નહિ, સુકૃત્યોને સૌ અભિવાદન કરે છે. આ જિનમંદિરો ભારતીય કલા અને શિલ્પનાં અદભુત નમૂના તો છે જ પણ વીતરાગનાં સમતા–સૌન્દર્યનો

પણ આવિષ્કાર છે. આ કારીગરી જોતાં પ્રેક્ષકોનાં મન અને મસ્તક નમી પડે છે. આ છે સુકૃતમાં વપરાયેલી લક્ષ્મીની સુગન્ધ.

જેમ વર્ષો પહેલાંનું સર્જન આજે પણ આપણને પ્રેરણા આપે છે તેમ આપણે પણ જીવનમાં એવું કંઇક નિર્માણ કરવું જોઇએ જે જીવોને વિકાસમાં ઉપયોગી થાય.

Either write things worth reading or do things worth writing – કાં વાંચવા જેવું લખી જાઓ અથવા લખવા જેવું કંઇક કરી જાઓ.

લક્ષ્મીના ત્રણ પ્રકાર છે : દાન, ભોગ અને નાશ. એક ઘીનો ડબ્બો હોય તે કોઇને ખવડાવશો તો ખાનાર બધા સજી થશે. ઘરમાં રોટલા પર ચોપડો, તો તમે રાજી થાઓ પણ એ આગમાં બળી જાય તો દુ:ખ થાય. પહેલામાં આત્માની પ્રીતિ છે; બીજામાં દેહતૃપ્તિ છે; ત્રીજામાં વ્યથા છે.

લક્ષ્મી ઘરમાં આવ્યા પછી એને નિયમિત વહેતી રાખવી જોઇએ. ગંગાનાં પાણી જુઓ. એ સતત વહે છે ને કિનારાઓને લીલા રાખે છે. એક જગ્યાએ જ એ રહે અથવા એનો સંગ્રહ થાય તો એ બંધાય અને ગંધાય. લક્ષ્મી પણ બંધાય અને સંગૃહીત થાય તો ચિંતા-ભય, વૈમનસ્ય ઊભાં કર્યાં વિના રહે જ નહિ.

લક્ષ્મી કેમ મળે છે તેનો વિચાર કર્યો છે ? મહેનતથી જ મળે છે કે પુણ્યથી ? તમારા ઘરમાં ઘાટી-નોકર છે. ૨૪ કલાક મજૂરી

કરે છે. તમે રાજી થઇ કેટલા પૈસા આપવાના ? પાંચ કે પચીસ. તે બિચારો જીવનભર શ્રમ કરે તોય શ્રીમન્ત ન થાય, અને તમે ગાદી પર પડ્યા હો તોય લક્ષ્મી ચાલી આવે છે, કારણકે ત્યાં તમારું સુકૃત કે પુણ્ય રળે છે.

પુણ્યનો પ્રકાશ જ્યાં સુધી હોય ત્યાં સુધી સુખ; પછી તો સાંજ ઢળવાની. એ ન આવે તે માટે લક્ષ્મીને ચિરસ્થાયી બનાવવા દાન આપો. બૅટરીનો પાવર વાપર્યા પછી ખલાસ થાય તો તમે શું કરો છો ? બીજો નાખો છો. તેમ નવું શ્રેય સુકૃત્યોથી ઉપાર્જન કરવું જોઇએ.

જાગતા રહેવું. પુણ્ય સાધન છે, સાધ્ય નથી. મોક્ષની ઊંચાઇએ પહોંચવા પુણ્ય પગથિયારૂપ છે. એટલે નિશ્ચય અને ઉપાદાનને નામે સાધ્ય પર પહોંચતાં પહેલાં નિસરણીને લાત મારવાનો પ્રમાદ ન કરવો.

ખેડૂત ખેતરમાં એક દાણો રોપે છે, તો ચાર મહિને તેના સો દાણા થાય છે. બીજે વર્ષે હજારો થાય. આમ, એક બીમાંથી અનેકગણું થાય. યોગ્ય ભૂમિમાં વાવવાથી એકનું અનેકગણું ફળ મળે છે. માટે આ સાત સર્વોત્તમ ક્ષેત્રમાંથી, જે કાળે જેની આવશ્યકતા હોય તેમાં લક્ષ્મી વાપરવી.

એક બગીચો હોય, તેમાં સાત ક્યારા હોય; કોઇમાં ગુલાબ હોય, કોઇમાં મોગરો હોય; કોઇમાં જાસૂદ હોય; વળી કોઇમાં સારાં શાકભાજી પણ હોય; પણ બગીચાનો કુશળ માળી સાત ક્યારામાંથી જે ક્યારાનું પાણી સુકાઇ ગયું હોય ત્યાં તે રેડે. તેના મનમાં કોઇ ક્યારા પ્રત્યે ભેદભાવ નથી, પણ જરૂરિયાત જ્યાં હોય ત્યાં રેડવાની ભાવનાની છે.

સાતે ક્ષેત્રો કામનાં છે; માત્ર વિવેકદૃષ્ટિની જ આવશ્યકતા છે. જે ક્યારામાં પાણી નાખવાની જરૂરિયાત છે તેમાં પાણી ન રેડો અને જ્યાં જરૂરિયાત નથી ત્યાં રેડો, તો બંને બળે : એક સૂકા દુષ્કાળથી અને બીજું અતિવૃષ્ટિથી. માટે દાનમાં પણ દૃષ્ટિની આવશ્યકતા છે.

દાન પછી આવે છે ભોગ. સંસારમાં રહો તો ગૃહસ્થાઇથી, સાદાઇથી રહો. જાણીતાને શરબત આપવું અને અજાણ્યાને પાણી પણ નહીં, એવો તુચ્છતાભર્યો ભેદભાવ મનુષ્યને ન શોભે. આજે તમારે ત્યાં સુખના દિવસ આવ્યા છે તો દુઃખીનાં આંસુ લૂછો. માણસો સાથે પ્રેમથી વર્તો. નોકરની લાચારીનો લાભ લઇ ઓછા પગારે ચાકરી લઇ, એની જીવનદોરી ઓછી ન કરો. તમે ખીલો. સૌને ખીલવા દો. તમે કોઇને બોલાવતા નથી, તમારું પુણ્ય બોલાવે છે. તમારા પુણ્યનો પ્રભાવ જોઇ, લોકો તમારે ત્યાં લેવા આવે છે.

પુણ્ય પરવારી જશે ત્યારે સૌ કહેશે કે ત્યાં જવું ઠીક નથી; ત્યાં કંઇ નથી. જે માણસ આપણા બારણે આવીને ઊભો છે, તેને આપણા જેવી જ આંખો છે. આપણા જેવાં જ સ્વપ્નો અને ભાવનાની ઊર્મિઓ છે. આવેલાને તરછોડો નહિ. ભોગ એટલે આપણે એકલા જ ખાઈએ એમ નહિ, પણ આવેલાને આપી, વહેંચીને ખાઇએ.

**જ્યાં દિલ છે, દિલદારપણું** છે, ત્યાં તન-મન-ધનની સંપત્તિ વધ્યા **જ કરે છે. કોઇ અતિથિ** થઇ તમારે દ્વારે આવે ત્યારે તમે તેને પ્રેમથી સૂકો રોટલો ખવડાવશો, તોય એને એ મીઠો લાગશે. પણ કમનથી શ્રીખંડ-પુરી ખવડાવશો, તો એ ઝેરમાં પરિણમશે. માટે દાન

આપો, લક્ષ્મી વાપરો તો મનથી વાપરજો. આમ, પ્રેમથી વાવેલી લક્ષ્મી, જ્યાં જશો ત્યાં તમારી આગળ પ્રકાશ બનશે.

એક ગરીબ માણસ રોજ ચોળા અને તેલ ખાઇ કંટાળી ગયો હતો. એને થયું, લાવ બનેવીને ત્યાં જાઉં. કારણકે એના બનેવી મોટા શ્રીમંત હતા. તે શહેરમાં રહેતા હતા, એટલે બનેવીને ત્યાં એ આવ્યો. એ દિવસે બનેવીને થયું : રોજ બદામની કાતરી અને મીઠાઇ ખાઇ થાકી ગયા છીએ ! આજે ફરસાણ બનાવીએ,ખેતરેથી તાજા ચોળા મંગાવી, તેલ ને ચોળા ખાવાનો પ્રોગ્રામ ગોઠવ્યો.

બહેનને ખબર નહીં કે ભાઇ મીઠાઇ ખાવા આવ્યો છે. બહેને તો ખૂબ પ્રેમથી આગ્રહપૂર્વક ભાઇને જમવા બેસાડયો. ભાણામાં ચોળા આવેલા જોઇ, ભાઇએ પૂછ્યું : અરે, તમે અહીં કયાંથી ?

પડખે એક ડાહ્યો માણસ બેઠો હતો, એ સમજી ગયો. તેણે ધીરેથી કહ્યું, 'ભાઇ ! માણસ ટ્રેનમાં આવે છે. પણ તકદીર તારથી આવે છે. મૂંઝાયા વિના જે મળ્યું તે પ્રેમથી ચૂપચાપ ખાઇ લો,'

સામા માણસનાં તકદીર એવાં હોય છે ત્યારે રોજ મીઠાઇ ખાનારા પણ એ દિવસે ચોળા ખાવાનું વિચારે છે. જ્યારે ભાગ્યહીન મીઠાઇ ખાવા ઇચ્છે છે, ત્યારે તેને ત્યાં પણ ચોળા જ ખાવા મળે છે.

આ ભાગ્ય લક્ષ્મીનાં દાનથી ખીલે છે.

તમારો સારો દિવસ છે, તો દાન વડે હાથને શુધ્ધ કરતાં શીખો. લેવું ખૂબ અને દેવામાં કાંઇ નહીં; જમવું બધાનું અને જમાડવું કોઇને નહીં; તો એવો વ્યવહાર કયાં સુધી ચાલશે ?

ખેડૂત ખેતરમાંથી માલ ઉતારે છે. જરૂર હોય તેટલો પોતાને માટે રાખે છે, પણ ખેતરમાં હોય ત્યારે એનું ધાન્ય ઢોર ખાય, મોર ખાય અને થોડું ચોર ખાય. વધે તે એને મળે. એ અનાજ શ્રમ–પરસેવાવાળું છે, છતાં એનામાં દાનની ભાવના ઊંડેઊંડે પડી છે. દાન ન કરે, ભોગ ન કરે, તો એ નાશ થવા માટે બેઠું જ છે.

માણસ વાપરે નહિ અને સદુપયોગ ન કરે તો એનાં સંતાનો ઉડાવે. બાપને રૂપિયાની પણ કિંમત હોય છે, જ્યારે દીકરાને મન દસ રૂપિયા પણ કંઇ નથી. એક શ્રીમંતના છોકરાને મેં કહ્યું : 'તું માસિક ત્રણસો રૂપિયાનો હાથખર્ચ કેમ રાખે છે?' તે કહે : 'ત્રણસો તો મને ઓછા પડે છે. શું કરું મને વધારે મળતા નથી !' મને થયું કે આને સમજાવવો વ્યર્થ છે. એને શ્રમ શું છે તેની ખબર નથી. પછી પૈસાની કિંમત એને કેમ સમજાય ?

આ પ્રસંગે મને નદી ને તળાવનું રૂપક યાદ આવે છે. એક દિવસ તળાવે નદીને કહ્યું : 'હે નદી, તું ઉનાળાના દિવસોમાં સાવ સુકાઇ જાય છે, કારણકે તું આઠ મહિના વહીને તારું જળ વહેંચી નાખે છે! પછી તારી પાસે તે વખતે કોરી ધગધગતી રેતી જ દેખાય છે. જ્યારે હું પાણી કેવું સંગ્રહ કરીને રાખું છું !'

નદીએ કહ્યું : 'તારી વાત સાચી. તું ગમે તેટલું સંગ્રહે પણ ઉનાળામાં તો તારું પાણી પણ સુકાઇ જ જાય છે: રહે છે, તો નાનાંનાનાં ખાબોચિયાં ભરાઇ રહે છે. જેમાં જીવજંતુઓ જ ઉત્પન્ન થાય છે. વધારામાં તેમાં પગ મૂકનારા બિચારા તારા કાદવમાં ખૂંચી

જાય છે ! હું વહું છું તો મારા બંને કિનારા પર વૃક્ષો કેવાં ખીલી ઊઠે છે. અને ગ્રીષ્મમાં પણ મારી પાસે આવનારને હું કંઇ નહીં તો છેવટે નિરાશ તો નથી કરતી. રેતીમાં થોડો ખાડો ખોદે તો હું વીરડીનું મીઠું પાણી આપીને તેને તૃપ્ત કરું છું!'

નદી ને તળાવની આ વાત વિચારવા જેવી છે.

એક દિવસ હેમચંદ્રાચાર્ય મહારાજ પાટણ પધાર્યા. રાજા કુમારપાળે ખૂબ શ્રધ્ધા અને ભકિતથી ગુરુવર્યનું સ્વાગત કર્યું. આચાર્યશ્રીના શરીર પર થીંગડાવાળું ખાદીનું વસ્ત્ર હતું. પ્રસંગોપાત્ત વિનમ્રભાવે કુમારપાળે ગુરુવર્યને કહ્યું : 'આપને મારા જેવા અનેકાનેક ભકતો છે. સમાજ પર આપનો અનન્ય ઉપકાર છે છતાં આપના શરીર પર આવું જાડું થીંગડાવાળું વસ્ત્ર જોઇ અમને ક્ષોભ થાય છે.'

આચાર્ય મહારાજે જવાબ આપ્યો : 'હે રાજન, હું થીંગડાંવાળાં કપડાં પહેરું એ તમને ખટકે છે, પણ તમારા સમાજના કેટલાક સાધર્મિક બંધુ, અન્ન અને વસ્ત્ર વગર ટળવળે છે, તેનો તમે વિચાર કર્યો?'

જેમ શરીરમાં આત્મા બેઠો છે, ને આત્મા શરીરની સંભાળ રાખે છે, તેમ સમાજમાં આવા આત્મવાન માણસો જોઇએ, જે દાન ને ધર્મથી સમાજને સુખી રાખે . આજે સમાજ અને માણસો વચ્ચે અસમાનતાની દીવાલ ઊભી થઇ છે, જેને દૂર કરવાની જરૂર છે.

આજે મુંબઇ જેવાં શહેરોમાં પચાસ રૂપિયા લઇ સુખસગવડ સાથે ખાવાનું આપનારી હોટલ મળશે, પણ તમને પ્રેમ-ભકિત કે સાધર્મિક બંધુનું સગપણ જોવાનું નહિ મળે. એક રોટલામાંથી અડધો રોટલો બીજાને ખવડાવવાની ભાવનાવાળાને જ, સ્વાભાવિક સુખ-શાંતિ ને આનંદનો અનુભવ થશે.

શાળિભદ્રજીએ પૂર્વના રબારીના ભવમાં શું શું કર્યું હતું, એ વાત તમને ખબર જ હશે.

દિવાળીનો દિવસ છે. ગામમાં સર્વત્ર આનંદ છે. છોકરાઓ આનંદથી રમી રહ્યાં છે. સૌ ખાધેલી મીઠાઇ ગણાવી જાય છે. ત્યારે પેલો રબારીનો પુત્ર ખીર માટે રડી રહ્યો છે. એની મા બિચારી પુત્રનાં આંસુ જોઇને બેબાકળી થઇ જાય છે.

આંસુ તો પથ્થરને પણ પિગળાવે. એટલે માતાનું હૃદય દ્રવી જાય તેમાં નવાઇ શી? આડોશીપાડોશીઓ માતાને સીધું આપી, રડતા બાળકને શાંત કરવા અને ખીર બનાવી આપવાનું કહે છે. પાડોશમાંથી આવેલા આ ચોખા અને દૂધની ખીર બનાવી, માટીના વાસણમાં પીરસી, મા પાણી ભરવા જાય છે.

માટીનું વાસણ છે, તેમાં ચોખા-સાકરથી બનેલી ખીર ઠંડી થાય છે. ગરમ ખીર જલદી ઠંડી થાય તો પેટમાં જાય, એ જ વિચાર બાળકના મનમાં ઘોળાયા કરે છે. ત્યાં એને એક દૃશ્ય યાદ આવે છે. એના એક ભાઇબંધે એક દિવસ ગુરુ મહારાજને ઘરે આગ્રહ કરી લઇ જઇ, સુપાત્રમાં દાન આપી, આખો દિવસ અનુમોદનાના આનંદમાં

વિતાવેલો તે પ્રસંગ એને સાંભરી આવે છે. એને થાય છે : 'મને પણ આજે એવા મુનિ મળે તો ! પણ મારું એવું ભાગ્ય ક્યાં છે?' એના દિલમાં આમ દાનનો ઝરો ખળભળી ઊઠે છે, તે જ ક્ષણે એક ત્યાગી તપસ્વી મુનિરાજ માર્ગ પરથી પસાર થાય છે. ભાવનાની કેવી પ્રબળ અસર !

એ રબારી બાળક ખીર પડતી મૂકી ભાવનાના આવેગમાં ઊભો થઇ એમની પાસે જાય છે અને એ ત્યાગી મુનિવર્યને ઘેર બોલાવી લાવે છે. ઉચ્ચ ભાવનાથી મુનિના પાત્રમાં ખીર રેડી દે છે, અને આનંદથી એનું મન ભરાઇ જાય છે. તેનું મન આજે દિવાળી સફળ કર્યાનું મધુર ગીત ગાતું થઇ જાય છે.

ત્યાં તો કામ પૂર્ણ કરી મા પાછી ઘરે આવે છે. ખીર બધી ખલાસ થયેલી જોઇ એને નવાઇ લાગે છે. બાળક પણ કેવું ગંભીર! એણે દાનની બડાઇ ન મારી.

આ રબારી મરીને શાળિભદ્ર થાય છે !

દાન જેટલું સહજ હશે, જેટલું પ્રેમ અને કરુણાથી ભરેલું હશે, જેટલું શુધ્ધ હશે, એટલું એ ચેતનાને ઊર્ધ્વગામી બનાવશે.

અત્તરની બાટલીનું વિચારો. બાટલીનું ઢાંકણ બંધ હોય ત્યાં સુધી એની સુવાસ દીર્ઘજીવી રહે છે, તેમ જ આ દાનનું ઝરણું જેટલું પ્રેમભીનું હશે તેટલું જ ઊંડાણને સ્પર્શશે.

સ્ટીમના (વરાળના) જોરથી સેંકડો ટન વજનની ગાડી ખેંચી જવાય છે ને? ભાવનામાં આવી શક્તિ નથી એમ કોણ કહે છે? પણ તે ભાવના, બળવાન સંકલ્પમય હોવી જોઇએ.

# વિદ્યા સુકૃતથી ધન્ય બને

ગઈ કાલે આપણે 'દાનાય લક્ષ્મી' એ વિષય પર વિચાર કર્યો. આજે 'સુકૃતાય વિદ્યા' પર વિચાર કરીએ.

કેળવણી શા માટે છે, ભણવાનો હેતુ શો છે, તેનો આજે વિચાર કરીશું. વિદ્યા સુકૃત માટે હોવી જોઈએ. જીવન કેમ જીવવું એ એના દ્વારા જાણવાનું મળે. કેળવણી એટલે પાઠશાળા કે સ્કૂલમાં જઈ શિક્ષણ લેવું એટલું જ નહીં, પણ આત્મા અને શરીરનો વિવેક–તેનું નામ કેળવણી.

કેળવણી એટલે પ્રેમ, પ્રકાશ અને પ્રેરણાનો સંગમ. પ્રેમ એના સંબંધોને કરુણાથી સુંવાળા બનાવે છે. પ્રકાશ એના મૂંઝાતા જીવનને અજવાળું આપી માર્ગ મોકળો કરે છે. અને પ્રેરણા એના વિષમતાથી મુરઝાતા જીવનને બળ આપી ઉપર ઉઠાવે છે.

સામાન્યત: આજે વ્યાવહારિક કેળવણીનો પ્રચાર એટલો થયો છે કે બી. એ. તો કંઇ હિસાબમાં નથી. તમને યાદ છે કે ૨૦–૨૫ વર્ષ પૂર્વે, મેટ્રિક પાસ થયેલાઓનું પણ સ્થાન હતું અને બી.એ. થયેલો તો સમાજમાં બહુ વિદ્વાન કહેવાતો. જયારે આજે તો એમ. એ. વાળાનેય નોકરી શોધવી પડે છે અને ધંધામાં કોઇ સ્થાન નથી. આમાં મેટ્રિકવાળાની તો ગણતરી જ શી?

માતાપિતાને એક આશા હોય છે કે મારો પુત્ર વિદ્યા સંપાદન કરશે, તો તેનું જીવન સુંદર બનશે; એ સંસ્કારી અને સુખી બનશે, અને કુળ અજવાળશે. એક પિતાએ એના પુત્રને ઇંગ્લેંડ બૅરિસ્ટર થવા મોકલ્યો ત્યારે તેના બીજા મિત્રે કહ્યું : 'કમાઇને એ બહુ પૈસા લાવશે.'

તેના પિતા લક્ષ્મીના પૂજારી ન હતા; સંસ્કારી જીવનમાં માનતા હતા. તેમણે મિત્રને કહ્યું : 'મારો પુત્ર એક પણ નિર્દોષ માણસને છોડાવશે તો મારા વીસ હજારના ખર્ચને હું સફળ માનીશ. પૈસા તો અભિનેતા કે દાણચોરો પણ મેળવી શકે. મારો પુત્ર એ માટે નહિ, પણ વિદ્યા માટે જાય છે.'

જે સુકૃતને માર્ગે લઇ જાય, તેનું નામ વિદ્યા. જે વિદ્યા વિચારોમાં શુધ્ધિ ઊભી ન કરે, વિચારોને સુંદર અને સંસ્કારી ન બનાવે તે વિદ્યા

નહીં, પણ માનવીના મગજ પર લદાયેલી ડિગ્રીઓ છે. જેમ દાન વગરની લક્ષ્મી સુખ આપતી નથી, તેમ માનવીને સુકૃત વગરની વિદ્યા આનંદ કે શાંતિ આપતી નથી.

દૂધની અંદર તેજાબનું એકાદ ટીપું પડી જાય તો તે દૂધ ફાટી જવાનું. પરંતુ ગુલાબના એસેન્સનું એક ટીપું નાખવાથી તે કોલ્ડડ્રિંક બની જવાનું. એ દૂધનું નામ પણ પલટાઇ જાય છે ! વધુ સુંદર બની જાય છે.

કેળવણી પામ્યા પછી માનવીના મનમાં આ રીતે વિચારોની સુવાસ ન આવે, તો તેની મહત્તા કંઇ નથી. ભણેલો તો એ કે જેના મનમાં ખરાબ વાત ન આવે. શિક્ષિત એ કે જેના મુખમાંથી અસભ્ય, અસંસ્કારી શબ્દ ન નીકળે.

જેમજેમ વિદ્યા સંપાદન કરે તેમ તેમ સારા વિચારોનો જીવનમાં સંગ્રહ થતો જાય. જેની પાસે સત્ય ને સ્વાશ્રયી જીવન હોય, શુચિ ભાવના હોય.

સુકૃતની કેળવણી પામેલો વિદ્યાર્થી, પોતાના ગુણો વડે માબાપની ગેરહાજરીમાં, તેમની યાદ તાજી કરાવે છે. ભગવાન મહાવીર સ્વામીને આપણે યાદ કરીએ છીએ ત્યારે તેમનાં માતા-પિતા કોણ હતાં, એ પણ સહેજે યાદ આવી જાય છે.

મા-બાપ સંતાનને ધનનો વારસો આપે છે. પરંતુ પૈસાનો વારસો આપવો કે ન આપવો તેની બહુ મહત્તા નથી. મહત્તા છે

સંસ્કારનો વારસો આપવામાં કારણ કેળવણી વિનાનો કે અધ્યાત્મજ્ઞાન વિનાનો માનવી કયાં જઇ અટકશે એ કલ્પી શકાતું નથી.

પહેલાંનાં જમાનાના માણસો થોડું ખપ પૂરતું ભણતા હતા, છતાં એમનામાં છળ-પ્રપંચ જેવા દુર્ગુણો અલ્પ હતા. શાંતિથી જીવનરાજ્ય ચાલતું. આજે શિક્ષણ વધ્યું છે, પણ સુકૃતોનો અભાવ છે એટલે જીવનમાં શાંતિનો પણ અભાવ છે. આજના શિક્ષણથી દુનિયાને ઘણું મળવા છતાં જીવનને ઓછું મળ્યું છે.

ગાંધીજી યુરોપ જતા હતા. જતાં પહેલાં તેઓ મા પાસે આશીર્વાદ લેવા ગયા. પૂતળીબા એક સંસ્કારી માતા હતી. પુત્રને આશીર્વાદ આપતાં કહ્યું : 'તું પરદેશ ભણવા જાય તેમાં હું રાજી છું. પરંતુ પરદેશમાં ધર્મ કેમ પાળીશ એ મને સમજાવ.'

આ સંસ્કારી માતા ગાંધીજીને બાજુમાં રહેલા ઉપાશ્રયમાં ગુરુમહારાજ પાસે લઇ ગઇ. એ જાણતી હતી કે વ્રતધારી ત્યાગી ગુરુઓ જે હિતશિક્ષા આપશે, તે ઘણી ઉપયોગી અને પ્રેરણાદાયી થશે. કેટલીક પ્રતિજ્ઞા, ધ્રુવતારકની જેમ જીવનમાં માર્ગદર્શક બની જાય છે.

ગુરુ મહારાજે, દારૂ ન પીવો, માંસ ન ખાવું અને પરદારાગમન ન કરવું-આ ત્રણ પ્રતિજ્ઞા આપી, મોટા મનથી શુભાશીર્વાદ આપ્યા. ગાંધીજીએ આ વાત પોતાની આત્મકથામાં પણ લખી છે.

જૈન મુનિ પાસે લીધેલી આ પ્રતિજ્ઞા ગાંધીજીને વારંવાર યાદ આવતી; એટલું જ નહીં, પણ ઘણી વાર એવાં પ્રલોભનો પણ જીવનમાં

આવ્યાં હતાં. એનાથી તેઓ ચલિત થઇ ગયા હોત તો એ મહાત્મા ગાંધી ન હોત, માત્ર મોહનદાસ જ હોત. આ પ્રતાપ માતાએ આપેલા સંસ્કારનો છે.

ધનની ધમાલમાં ને ધમાલમાં મા-બાપ આજે સંતાન માટે સંસ્કૃતિનો વિચાર કરવા પણ સમય કાઢતાં નથી. પરંતુ તેથી નુકસાન ઘરમાં જ થાય છે.

જે મહાપુરુષો થયા છે, જે સુપ્રસિદ્ધ થયાં છે, તે બધા વિદ્યાના પ્રતાપે થયા છે. વિદ્યા મેળવ્યા બાદ તેમણે જીવનમાં એને ઉતારી છે, પચાવી જાણી છે.

લાખ રૂપિયા મળવા કે મેળવવા જેટલા સરળ છે, તેટલા એ પચાવવા કે વાપરવા સહેલ નથી. તમે મેળવેલા રૂપિયાનો પણ તમારે સરકારને જવાબ આપવો પડે છે ને? ટૅક્સ ભરવો પડે ને? વિદ્યાનું પણ એમ જ છે.

જેટલું ભણ્યા હો તેટલું સારા માર્ગે કામ લાગે, તો સમજો કે એ સુકૃતનું છે. હાથમાં પેન લેતાં તમારો આત્મા સાક્ષીપૂર્વક કહી શકે કે હું આ પેન વડે એવો અક્ષર નહીં લખું કે જેથી મારી સરસ્વતી લાજે; અક્ષર લખતાં લખતાં તો મારા જીવનને અ-ક્ષર એટલે કે શાશ્વત બનાવીશ, તો એ વિદ્યા સુંદર છે.

બંગાળમાં ઇશ્વરચંદ્ર વિદ્યાસાગર નામે એક વિદ્વાન થઇ ગયા. મિત્રને વિદાય આપી સ્ટેશન પર એ ઊભા હતા. એ જ વખતે ગાડીમાંથી

એક યુવાન બનારસથી ભણીને ઘેર પાછો જવા ઊતર્યો. પાસે એક બૅગ હતી. પેલાએ ખાદીનાં વસ્ત્રધારી ઇશ્વરચંદ્રજીને પૂછ્યું : 'તમે મજૂર છો?' જવાબ આપ્યા વગર તેમણે મૂંગા મોઢે બૅગ ઉપાડી લીધી.

માર્ગો અને ગલીઓ વટાવતાં, એ યુવાનનું ઘર આવ્યું. યુવાને ઘરમાં બૅગ મુકાવી પૂછ્યું : 'ભાઇ, કેટલા પૈસા આપું?' જવાબમાં વિદ્યાસાગરે કહ્યું : 'હું આપના માતા–પિતાનાં દર્શન કરવા ઇચ્છું છું.' એટલામાં તો એના મોટા ભાઇ અંદરથી દોડી આવ્યા. એમણે એમને ઓળખી લીધા અને વિનમ્રભાવે વિદ્યાસાગરને પગે પડી ક્ષમા માગી; પધારવાનું કારણ પૂછ્યું. મર્મમાં હસીને વિદ્યાસાગરે કહ્યું, 'તમારા નાના ભાઇ એટલું બધું ભણીને આવ્યા છે કે તેના ભારને લીધે આ બૅગ પણ તે ઉપાડી ન શકયા!'

યુવાન આ વાકય સાંભળી ખૂબ શરમાઇ ગયો ! એ તરત સમજી ગયો કે આ વ્યકિત બીજી કોઇ નહિ પણ બંગાળને કેળવણીથી ભરનાર **ઇશ્વરચંદ્ર વિદ્યાસાગર** છે.

શરમાયેલા યુવાનની પીઠ થાબડતાં વિદ્યાસાગરે કહ્યું : 'તારે શરમાવાની જરૂર નથી. મારું મહેનતાણું એ જ કે આજથી તું સ્વાશ્રયી બનીશ અને કોઇને બોજ નહિ બને. તો હું માનીશ કે મને મારી મજૂરી મળી ગઇ છે.'

આજે જગતમાં સારા વિચારોને જીવનારા અને પ્રેરક બનનારા ઓછા થયા છે; વિજ્ઞાન વધ્યું છે; એરોપ્લેન ને જેટ વિમાનો શોધાયાં છે; પણ માણસોમાં માણસાઇ ઓછી થતી જાય છે. આજે અમેરિકાના

પ્રમુખ કેનેડીને એક ઝનૂની માનવીએ, પળવારમાં હતો ન હતો કરી દીધો. એ માનવીમાં સુકૃતપૂર્ણ વિદ્યા હોત તો આવું અઘટિત કામ એ કદી કરત? *

આજે સંશોધન અને શોધખોળમાં જગત ઘણું આગળ વધી ગયું છે. પણ માનવી સદવિચારોમાં કેટલો આગળ વધ્યો છે? દસ વર્ષ પૂર્વે એ જ્યાં હતો, ત્યાંથી એ પાછળ છે કે આગળ? માનવીને શું સારા માણસોની જરૂર નથી?

દુનિયાના સંશોધકોએ મહેનત કરી સર્જેલું કાર્ય, એક ગાંડો માનવી એક ક્ષણમાં ધૂળભેગું કરી નાખશે. આજે દુનિયામાં સારા માણસને પેદા કરવા કરતાં, તેવા માણસને ખોઇ નાખવા રમતરૂપ બની ગયું છે.

ભણીને અશાંતિ ઊભી કરવી, કલહ ઊભો કરવો એ વિદ્યા નથી. શ્રી ઝીણા બુધ્ધિના ખાં હતા, પણ તેણે હિંદના બે ભાગ કર્યા. આમ; એ જ બુધ્ધિ માનવજાતને અભિશાપરૂપ બની ગઇ, અને એક ભૂમિનાં સંતાનો બે ભાગમાં વહેંચાઇને આજે લડી રહ્યા છે !

વિદ્યાવાળો આત્મા નમ્ર હોય, ગુણવાન હોય. તેને થાય કે મને વિદ્યા મળી તો તેના પ્રકાશ વડે હું મારો રસ્તો પ્રેમ અને કર્તવ્યમય કેમ બનાવું! આ પ્રકાશના પુંજથી લોકોને અંધકારમાંથી પ્રકાશ તરફ કેમ દોરું? નાનકડું કિરણ બની મારું જીવન ધન્ય કેમ બનાવું?

* એ દિવસે સવારના સમારમાં અમેરિકાના પ્રમુખ જકોન કેનેડીની હત્યાના સમાર આવ્યા હતા.

જ્યાં સુધી આપણે સારા નહીં થઈએ, ત્યાં સુધી જગત સારું નહીં થાય. જ્યાં સુધી આપણી ભાવનાઓ–વૃત્તિઓ–ઇચ્છાઓ ખરાબ હશે, ત્યાં સુધી સારાને જીવવા દેવાનું આપણને નહીં ગમે.

વિદ્યાની પ્રાપ્તિ પાછળ સુકૃતની ભાવના હોય, તો આપોઆપ અધ્યાત્મની ભાવના જીવનમાં આવતી જાય. મારામાં આવી ભાવના છે. હું આમ ઇચ્છું છું, આમ જીવવા માગું છું, એ રીતની પ્રાર્થના અને કામના કરો. સર્જન વિના સિધ્ધિ નથી.

એક મોટું મકાન હોય; એમાં તમે બાજુબાજુમાં રહેતા હો. તમે શાકાહારી ભોજન કરો, પેલો પાડોશી માંસાહારી હોય તો ગાળો દીધે કંઈ નહિ વળે. તે માટે તમારે તેનામાં સારો વિચારપ્રવાહ રેડવો પડશે., પ્રેમથી સમજાવવો પડશે. કરુણા અને યુક્તિઓથી એને ગળે એ વાત ઉતારવા પ્રયત્ન કરવો પડશે. અને ધીરજ રાખી, તમારે આ કાર્યમાં આગળ વધવું પડશે. તો એક દિવસ એના પર તમારા પ્રેમની અસર જરૂર થશે. પણ તમે કહો કે મારે શી પડી છે, મરશે. તો એની દુર્ગંધ રોજ તમને મળશે.અને જતે દિવસે તમે નહિ તો તમારા છોકરાઓ પર, એના આહારની અસર પડશે અને તમારા ઘરમાં એ પાપ પ્રવેશશે. માટે આંખમિંચામણાં કર્યે નહિ ચાલે. જગતમાં રહેવું છે તો આ પરિસ્થિતિ સમજવી પડશે.

સારો વિચારક ને સારો લેખક, દુનિયાના પ્રવાહને પલટાવી શકે છે. સમાજને એ સારા વિચારો આપી મગજને ભરી નાખે છે. હું તો વિચારને સહી (હસ્તાક્ષર) સાથે સરખાવું છું.

લાખ રૂપિયાનો ચેક લખેલો હોય, પણ તેમાં સહી કરી ન હોય તો? એ કાગળની કિંમત કંઇ જ નથી. જે પેનથી એ અક્ષરો લખ્યા, એ પેનની પણ કિંમત કંઇ નથી. કિમ્મત તો એ ચેકમાં જે સહી કરે છે તેની છે. એ સહી ન હોય તો બૅન્ક ચેક પાછો વાળે. આજે સારા પ્રાણવાન વિચારોની જરૂર છે. વિચારો સારા થાય તો માનવી સારું કામ કર્યા વગર રહેતો નથી. એક સારો આચારપૂર્ણ વિચાર, હજારો માણસોને પ્રેરણા અને પ્રકાશ આપે, અને અનેક શુભ ભાવનાઓ ઊભી કરે.

શ્રી તિલક વકીલાત કરતા હતા ત્યારની આ વાત છે: એક નવયૌવના તેમની પાસે અરજી લખાવવા આવી. અરજી લખાઇ ગઇ ને યૌવનાને આપી પણ દીધી. પરંતુ એમણે ન જોયું એ નવયૌવનાનું રૂપ કે ન નીરખ્યું એનું સૌંદર્ય. પાસે બેઠેલા મિત્રે વ્યંગ્ય કર્યો. "તેં તો રૂપસૌન્દર્યની મહેફિલ પણ ન માણી?'

શ્રીતિલક :

'આવો વિચાર પણ આપણી વિદ્યાને લજવે છે. આપણેય બહેન બેટી તો હોય ને! ભણેલા અને સંસ્કારી આમ કરશે તો સમાજ ક્યાં જશે?'

વિદ્યા શર્ટ, પાટલૂન કે નેકટાઇમાં નથી. સદગુણ–સદવિચાર અને સુસંસ્કારમાં છે. જાનવરને બહારથી જુઓ, માણસને અંદરથી.

બહારના દેખાવ પરથી માણસનું માપ ન નીકળે. એક માણસ પક્ષીઓને દાણા નાખતો હતો અને સાથેસાથે વટેમાર્ગુઓને શાંતિથી

જવા વિનંતી પણ કરતો હતો. કેટલાકને થયું કે આ કેવો ભલો માણસ છે! પણ એ પારધી હતો. એ ખરી રીતે પક્ષીઓને દાણા નાખવાની સાથે પોતાની જાળમાં એ પંખીઓને ફસાવવા માગતો હતો.

દુકાનમાં કોઇ ઘરાક મળવા આવે. તમે તેનો ભાવથી આદર સત્કાર કરો; પરંતુ એ બધું ઘરાકને જ માથે ને? પરોપકાર માટે તો નહિ ને?

માણસ સમાજમાં લોકકલ્યાણની પ્રવૃત્તિ કરે છે પણ પોતાના આત્માને એકાંતમાં જઇ પૂછે છે કે મારી પ્રવૃત્તિ પાછળ કઇ ભાવના છે? આપણે જ આપણા ન્યાયાધીશ બનવાનું છે; તે પછી બીજાના. આપણે આપણા વિચારના સંશોધક થવાનું છે, ક્રિયાના ચોકીદાર બનવાનું છે. એમ કરીએ તો જ જાગૃતિ આવવાની.

વ્યાખ્યાન કે સદવિચાર તમને પલટાવતાં નથી પણ પલટાવાના વિચાર આપે છે. જ્ઞાન કે વિદ્યા તમને તારતાં નથી, પણ તરવાની કળા શીખવે છે. તરવાનું તો છેવટ તમારે જ છે.

બુધ્ધિ દ્વારા, સમજણ દ્વારા જીવ માત્ર સાથે મૈત્રી કરવાની છે. આપણી આંખ, મિત્રની આંખ જેવી હોવી જોઇએ. મિત્રના દોષ, મિત્ર ન કાઢે તો કોણ કાઢશે? મિત્ર ભૂલ કરે તો આપણું હૈયું બળે. એ સુખી થાય તો આપણે સુખી થઇએ. આવી વિશાળ દૃષ્ટિ કેળવવા માટે જ સુકૃત વિદ્યાનું મહત્ત્વ છે.

આમ, વિદ્યા આવાં સુંદર કાર્યો અર્થે જ છે.

# ચિન્તન પરમ તત્ત્વની અનુભૂતિ માટે છે

આજનો વિચાર ચિંતન–મનનનો છે.

મનન કરે એ મનુષ્ય; પણ મનન શાનું કરવું? આજે એ શોધવાનું છે. સામાન્ય માણસ દરેક વસ્તુને ઇન્દ્રિયોથી જુએ છે, વિવેકી માણસ જ દરેક વ્યક્તિ અને વસ્તુને ચિન્તનના ચીપિયાથી ઉપાડે છે અને મૈત્રીની આંખથી જુએ છે.

ઇન્દ્રિયો કેટલું અલ્પ જુએ છે? પાણીના પ્યાલામાં આંખથી

જુઓ તો શું દેખાય? એકે જીવ દેખાય? પણ ઇલેકટ્રો-માઈક્રોસ્કોપ (Electro-microscope) થી જોશો તો હજાર જીવ દેખાશે. જે આંખ સાધન વિના જોઇ શકતી નથી, એ સાધનથી એને દેખાય; અને સાધનથી પણ જે ન દેખાય, તે જ્ઞાનીને જ્ઞાનથી દેખાય. મહાપુરુષો કહે છે : ઇન્દ્રિયોથી મન સૂક્ષ્મ છે; પણ મનથીય સૂક્ષ્મ જ્ઞાન છે-પ્રજ્ઞા છે.

આજે મનુષ્યને પરમ તત્ત્વ પ્રાપ્ત કરવાનો અવસર મળ્યો છે. આવો સુઅવસર બીજે કયાંય નથી. પશુગતિમાં અજ્ઞાનતા છે, નર્કગતિમાં જીવોને દુ:ખ સહેવાનું છે, દેવગતિમાં વૈભવ-વિલાસ છે, જ્યારે મનુષ્યગતિમાં જ સાચી સમજણ દ્વારા વિકાસ કરવાનો છે.

આ ચાર ગતિમાં મનુષ્યને જ વિવેક, વર્તન અને વિચાર કરવાની તક છે. એણે પરબ્રહ્મની ચિંતા કરવાની છે. એને બદલે મનુષ્ય આજે પરમનિમ્નની ચિંતા કરવામાં પડી ગયો છે. જે લિફ્ટ ઊંચે મહેલમાં લઇ જાય છે, તેના દ્વારા એ નીચે ખાડામાં પણ જઇ શકે છે.

જે પરબ્રહ્મ છે, પરમાત્મા છે તે આખા વિશ્વના અણુએ અણુમાં છે. આત્મા ગયો, એટલે શરીર મડદું છે. માટે જ શરીરમાં જે ચૈતન્યનું તત્ત્વ છુપાયેલું છે, તેનો અનુભવ કરીએ.

આજનો મનુષ્ય ચાર વસ્તુની ચિંતા કરે છે : (૧) પૈસો (૨) પ્યાર (૩) પુત્ર-પુત્રીઓ અને (૪) પ્રસિધ્ધિ-આ ચારમાં તેનું મન રોકાયેલું છે. આ બધાની ચિંતાના બોજથી એ વધુ ને વધુ દબાતો જાય છે.

ભગવાન પાસે, ગુરુ પાસે, જ્યાં એ જશે ત્યાં એ એની જ ચિંતા કરશે. આ મનની ટાંકીમાં જ્યાં સુધી સારા વિચારો નહીં પહોંચે, ત્યાં સુધી આવી ખોટી ચિંતા કરવાનુંય નહી મટે.

કહેવાય છે કે સાતમા નર્કે અહીંથી સીધી રીતે જનારા કોઇ જીવ હોય, તો તે એક મનુષ્ય અને બીજો તંદુલિકમચ્છ છે. અર્થાત મનુષ્ય જેમ ઊર્ધ્વગતિ પામવા ભાગ્યશાળી છે, તેમ અધોગતિ પામવા પણ કમનસીબ છે. જેવી મતિ તેવી ગતિ.

જ્ઞાની પુરુષો કહે છે કે તમે તમારી જાતને શાન્તિથી એકાંતમાં બેસી ત્રણ પ્રશ્નો પૂછો. હું કોણ? હું કયાંથી આવ્યો? હું અહીંથી કયાં જવાનો? આ ત્રણ પ્રશ્નોના વિચારમંથનથી તમને નવું જ માખણ મળશે. મનમાં ચિન્તનનો રવૈયો ચાલશે તો જીવનનું નવનીત ઉપર આવશે.

આજે કોઈ પોતાને પૂછે છે કે હું શું કરવા આ પ્રવૃત્તિ કરું છું? શા માટે પ્રભુની પૂજા કરું છું? શા માટે પ્રેમ કરું છું? કોને પ્રેમ કરું છું?

પૂજા કર્યા પછી, કોઇ દિવસ એમ થયું છે કે હે પ્રભુ! આપની દૃષ્ટિ કેવી સમાન છે! ફૂલ જેમ ડાબા કે જમણા હાથનો ભેદ રાખ્યા વિના, બંનેને સુવાસિત કરે છે, તેવો સમાન ભાવ અમારામાં કયારે જાગશે? પૂજા એ પોતાનામાં જ પરમાત્મા જોવાની પવિત્ર પળ છે.

તમે કોઇને મળવા જાઓ. એને મળવાનું ન બને તો તમે કહો:

'ફેરો નિષ્ફળ ગયો.' એમ સામાયિક કર્યા પછી જીવનમાં થોડી પણ સમતાની ઝાંખી ન થાય તો તમને લાગે છે કે સમય સાર્થક ન થયો? સામાયિકમાં આપણે રાગ-દ્વેષને સમતુલામાં મૂકવાના છે.

સામાયિક પરબ્રહ્મની અનુભૂતિ માટે છે; ઊંડાણમાં ઊતરવા માટે છે. તમે કહેશો કે એકની એક વાત વારંવાર વિચારવાથી શું મળે? પણ એ ન ભૂલતા કે મેંદીનાં પાન જરાક પીસવાથી તેનો રંગ ન આવે. એને તો શ્રમ લઇ જેમ પીસો તેમ વધુ રંગ આવે છે.

દૂધમાં હાથ નાખો તો તમારા હાથમાં માખણ ન આવે. એ મેળવવા ખૂબ વલોણું કરવું પડે છે. પીપરને પણ ૬૪ પહોર સુધી પીસવામાં આવે તો જ તેમાં રહેલા ગુણધર્મ બહાર આવે છે. તો જ એ માત્રા અને રસૌષધિ બને.

રંગ લાવવા માટે મેંદી પીસવી પડે, પીપરમાંથી સત્ત્વ કાઢવા ૬૪ પહોર સુધી ઘૂંટવી પડે, છાશમાંથી માખણ કાઢવા એ વલોવવી પડે, અમર આત્માની અનુભૂતિ માટે લાંબો વખત ચિંતન, મનન, ધ્યાન કરવું પડે.

સાધના વિના, ખાઇપીને મોક્ષ મળતો હોય તો બધાંને આનંદ થાય. ન સાધના, ન મૌન, ન સ્વાધ્યાય, ન એકાંતમાં ધ્યાન, ન તપ, ન ત્યાગ; આવો સસ્તો ધર્મ મળે તો કોને ન ગમે? ભોગી જીવોએ તો ભોગને પણ યોગ માન્યો. ભોગથી યોગ નહિ, રોગ મળે.

આજે વિસ્તાર વધ્યો છે, પણ ઊંડાણ નથી. ધર્મક્રિયાનો વિસ્તાર

છે, પણ ચિંતનનું ઊંડાણ નથી. પ્રવૃત્તિની પાછળ ખરી રીતે વિચારસરણી જ ભાગ ભજવે છે.

મેંદીનાં પાન પહેલાં લીલાં હોય, પીસ્યા પછી લાલ બને છે. દૂધમાં આમ જૂઓ તો કંઇ ન દેખાય, પણ વલોવ્યા પછીનું માખણ હાથે એવું ચોંટે કે સાબુથી પણ જાય નહીં. પીપર ખાઓ તો તમને કાંઇ ન થાય. પણ ચોસઠ પ્રહર ઘૂંટેલી ખાઓ, તો ગરમી ગરમી થઇ જાય. આ છે ચિંતન અને મનનનો મહિમા:

સામાયિક એક આસન છે; એક સાધના છે. એક આસને બેસીને સામાયિકમાં શાંતપણે વિચારવાનું છે કે હું મુકત, બંધનમાં કેમ પડયો? હું મુકિતનો પ્રવાસી, અહીંનો વાસી કેમ થઇ ગયો? હું કયાં છું? અહીં હું શું કરવા આવ્યો હતો અને શું કરી રહ્યો છું?

આ રીતે અંદરના એકાંતમાં પરબ્રહ્મનો અનુભવ કરવાનો છે. સંકુચિતતામાંથી વિશાળતામાં જવું, એનું જ નામ પરબ્રહ્મ. વિશ્વ આખું મારું છે અને હું વિશ્વનો છું આ વિચાર વિશાળતા વિના કયાંથી આવે?

જે માણસ બંધનથી બંધાયો છે, તે છૂટો થવા માટે સર્વ પ્રથમ બંધનને ઢીલાં કરશે. પછી તેનો ત્યાગ કરી, તોડીને મુકત થશે. તેમ માણસ, વિષય કષાયનાં બંધનમાં બંધાયો છે. તેને શિથિલ કરવાને બદલે, એ તેને વધારે દૃઢ બનાવે છે! ગમે છે બંધનો, અને વાતો મુકત થવાની કરીએ, તે કેમ ચાલે? તું આગળ વધવાની વાત કરે અને પગલાં પાછાં ભરે તો મંજીલે કેમ પહોંચે?

એક માણસે એક પોપટને પાંજરામાં પાળ્યો હતો. મેં તેના માલિકને પૂછ્યું : 'તમે શા માટે આને પૂરી રાખ્યો છે?' તેણે જવાબ ન આપતાં બારણું ખોલ્યું. પોપટ મુક્ત થયો. એ ઊડ્યો, પણ બંધનમાં જ સુખ માનનારો એ, ગગનમાં ચક્કર મારી, ફરી પાછો પાંજરામાં આવીને ભરાઇ બેઠો.

મને થયું : આપણે પણ એમાંના જ છીએ. આપણને પણ, બંધનનાં પાંજરાં ગમે છે. એ પોપટ જન્મથી એવો ટેવાયો હતો કે ઉડાડો તોપણ પાછો પાંજરામાં જ બેસે. મુક્ત આકાશનો સ્વાભાવિક આનંદ માણવાનું એ ભૂલી ગયો છે. અહીં જ એણે પોતાનું સુખ માન્યું છે.

આજે આપણી દશા પણ આવી જ છે. જાત્રાએ જઇએ તોપણ ધ્યાન ધંધાનું; ઉપધાન કરે, પૌષધ કરે અથવા સામાયિક કરે, તોપણ ચિંતા સંપત્તિની. જે સ્થળે છૂટવાનું છે, છૂટવા માટે જઇએ છીએ, ત્યાં પણ બંધન !

અનુકૂળ પુત્ર હોય, અનુકૂળ પત્ની હોય, અનુકૂળ શરીર હોય, અનુકૂળ મકાન હોય અને અનુકૂળ સંપત્તિ હોય એ આજનો મોક્ષ. પણ એ મોક્ષ નથી, પણ સુખનો ભ્રમ છે. સાધનનો ટેકો છે. સાધન ખસતાં, જ્યાં સુખ દેખાય છે, ત્યાં જ દુઃખ દેખાશે. ઊંડાણથી વિચારશો તો જણાશે કે આ બહારના સુખની આસક્તિ જ દુઃખની જનની છે.

પાણીની ટાંકી જેટલી ઊંચી હોય, એટલું ઊંચે પાણી ચડે છે, તેમ મનને, ઊંચા વિચારો વડે ઊંચું બનાવીએ તો મગજ સુધી સદવિચાર પહોંચે. તન માટે નળનાં પાણી છે, જ્યારે મન માટે ધ્યાને જ્ઞાનનાં પાણી છે. વાણી અને પાણી વિના પવિત્ર થવાતું નથી.

દરેક ગામમાં જવા માટે રાજમાર્ગ–સડકો હોય છે. તેમ મોક્ષની સડક કઇ? મોક્ષની સડક છે–સમ્યગ્‌–દર્શન, જ્ઞાન ને ચારિત્ર્ય.

દર્શન એટલે તત્ત્વનો પ્રથમ દૃષ્ટિએ સ્પર્શ. સ્પર્શની સાથે આત્મામાં દિવ્ય ઝણઝણાટી થાય છે.

જ્ઞાન એટલે તત્ત્વનું આન્તરદર્શન. વસ્તુનાં બધાં પાસાંઓનું જ્ઞાન. એ જ્ઞાનના આનંદના અનુભવ પછી, એ તત્ત્વનું આનંદ–સ્વરૂપે વ્યક્તિમાં સંક્રમણ થવું, તેનું નામ ચારિત્ર્ય.. દર્શન–માનવું, જ્ઞાન–જાણવું, ચારિત્ર્ય–માણવું, માનવજીવન એક અપૂર્વ ઉત્સવ છે. એમાં જીવને જાણીએ, આત્માને માનીએ અને આનંદને માણીએ.

નયસારની વાત ખૂબ પ્રસિધ્ધ છે. એ જંગલમાં લાકડાં લેવા ગયા હતા. બાર વાગ્યાના સમયે ખાવા માટે રોટલો કાઢે છે. ભૂખ તો એવી લાગી છે કે પથ્થર પણ પચી જાય.

ખાવાની વાત કરો તો બધાંને ખાતાં આવડે છે. પણ નયસારે વિચાર્યું કે આ જંગલમાં મારી જેમ મને કોઇ ભૂખ્યો મળે તો કેવું સારું? એકલો ખાઉં, તેના કરતાં આ રોટલાને ભાંગવામાં બીજો કોઇ ભાગીદાર હોય તો? પહેલાંના માણસો માનતા કે ખાવું ખરું પણ થોડું બીજાને આપીને, ભાગ પાડીને ખાવું.

નયસાર જૈન નથી, પણ માનવ છે. માનવને છાજે એવો એ વિચાર કરે છે.

અધ્યાત્મની બધી ઇમારતો આ માનવતાના પાયા પર ઊભી થાય છે. ભલે પછી એને કોઇ ધર્મ કે સદગુણ ન કહે! આવા માનવમાં પછી આપોઆપ શ્રધ્ધા, શ્રવણ ને સંયમ આવે છે.

કોને આપવું? એ વખતે નયસારને જાતિ, દેશ કે ધર્મનું બંધન નહોતું. એની નજર દૂર ચાલ્યા જતા એક પ્રવાસી પર પડી. એને જોતાં જ, એની ચેતનામાં આનંદની ઝણઝણાટી થઇ. આમ, તેને એ પ્રથમ ક્ષણે જ દર્શનનો સ્પર્શ થયો.

જાણો છો, સભ્યતા શું છે? નમન. પ્રેમભર્યું આતિથ્ય અને તે. આપવું જુઓને, વૃક્ષો નમે છે અને આપે છે. વિકાસ યાત્રા કુદરતમાં વૃક્ષોથી શરૂ થાય છે. એટલે એ ખીલે છે. શું એકેન્દ્રિય એવા વૃક્ષનો ગુણ પણ માણસમાં નહિ રહે?

સન્મુખ જઇ નયસારે કહ્યું, 'મહારાજ, મને લાભ આપો.'

આહાર, પાણી પતાવી શાંત થયા પછી પૂછ્યું : 'મહારાજ, તમે આ અટવીમાં ક્યાંથી?'

મહારાજે જવાબ આપ્યો : 'હું સાથીઓથી છૂટો- ભૂલો પડયો છું.'

નયસારે કહ્યું : 'મહારાજ, આ અટવી ભયંકર છે. આમાં જે ભૂલ્યા, તે જીવથી ગયા. આ જંગલ વાઘ-સિંહ-હાથીઓથી ભરેલું છે. ચાલો, હું આપને આપના સાથી સાથે મેળવી આપું.'

નયસાર ને મુનિ જંગલ વટાવતા જાય છે. મુનિએ જંગલને અંતે, પર્વતની ધારે એક નાનકડી કેડી પર ઊભા રહી પૂછ્યું : 'આ જંગલમાં ભૂલા પડેલાનું શું થાય? ભૂલા પડેલાનો ભોગ વાઘ અને વરુ લે ને? તેમ જીવનના જંગલમાં ભૂલા પડેલાઓને પણ ક્રોધ-માન-માયા-લોભરૂપી પશુઓ ચીરી ખાય છે.'

જંગલમાં ભૂલા પડેલાને તો પંથ મળી પણ જાય, પણ જે જીવનમાં ભૂલા પડયા છે, તેમનું તો પૂછવું જ શું?

જીવનમાં ભૂલા પડેલા કેમ જાગશે? ધન ને મદની સત્તા પાછળ જે ભૂલા પડયા છે, તેમને સત્યની કેડી કેમ જડશે?

ધર્મની કોને જરૂર છે? તે વાત પણ આ ઉપરના સંવાદથી સમજાશે. કારણ કે ગરીબ તો દુ:ખથી પણ કહેવાનો: 'હે ભગવાન, હવે મને છોડાવ.' પણ શ્રીમંત?

મહારાજે કહ્યું : 'હે નયસાર ! તેં મને જંગલમાંથી રસ્તો બતાવ્યો, તને ધન્યવાદ. પણ તું જીવનનો રસ્તો જાણે છે? ભાઇ, જીવનનો માર્ગ દર્શન, જ્ઞાન અને ચારિત્ર્ય છે.'

એક સારો વિચાર મનમાં આવે તો એમાંથી અનેક સારા વિચાર જન્મે. પણ આજે સારા અને સાચા વિચાર કરવાનો સમય કયાં છે?

આ ભારત દેશ, જે અહિંસા-ધર્મનો પૂજારી છે ત્યાં આજે કતલખાનાં ને મત્સ્યઉદ્યોગો વધી રહ્યા છે. આજે એવો સમય આવતો જાય છે કે માનવી દેડકાંઓની પરદેશ નિકાસ કરી હૂંડિયામણ ઊભું કરવાની ધમાલમાં પડયો છે.

જ્યાં મેઘરથ અને શિબિરાજ જેવા રાજા હતા જેમણે પારેવા માટે પોતાનું માંસ આપવાની તૈયારી બતાવી હતી. કુમારપાળે તો ગુજરાતમાં પશુવધ માત્ર પર પ્રતિબંધ મુકાવી કરુણાની ભાવના જગાડી હતી. આવા અનેક આદર્શ રાજા જ્યાં વસ્યા હતા, તે પ્રજા તો કેવી આદર્શ હોવી જોઇએ! પણ આજે શી દશા છે!

વિધાનસભામાં આજે અદ્યતન કતલખાનાં ખોલવાની વિચારણા થાય છે. ખાદી પહેરનારાઓ એવી સભામાં જઇને તાળીઓ વગાડે છે; પણ અહીં જ અહિંસાનું ખૂન થાય છે. દયાનો નાશ થાય છે. જે સિધ્ધાંત પર દેશ આઝાદ થયો તેની એમાં મશ્કરી છે, ઉપહાસ છે.

પશ્ચિમના દેશોમાં વેજિટેરિયન સોસાયટીઓ છે. વનસ્પતિ–આહાર એ શુધ્ધ,સ્વચ્છ ને શાંતિદા છે, એમ તેઓ વિજ્ઞાન અને તર્કથી સિધ્ધ કરે છે.

હિંસા અને ભૌતિકવાદનો પવન ફૂંકાય છે. આજે મનન–ચિંતનની ખૂબ આવશ્યકતા છે. ચિંતન વિનાના નેતાઓના નેતૃત્વ હેઠળ રહેલી આવતી કાલની પેઢીનું ભવિષ્ય શું?

ચિંતન કરવાથી એકની અસર બીજા પર થાય છે. રેલવેના એક ડબ્બાને ધક્કો લાગશે તો બીજા બધા ડબ્બાને લાગ્યા વગર નહીં રહે. મનને ધક્કો લાગ્યો એટલે સમજજો કે પાંચે ઇન્દ્રિયો પર એની અસર થવાની જ .

એટલે મુનિએ નયસારને કહ્યું :'તમે શાંતિથી વિચારો.

જીવનની અટવીમાં ભૂલા પડેલાનું શું થાય?' પછી એ તેને 'નમો અરિહંતાણં' પદનું મહત્ત્વ સમજાવે છે.

નમો એટલે અહંને બહાર કાઢવા અને પ્રેમના પ્રકાશને નિમંત્રવા ઝૂકી જવું.

અરિ એટલે અંદરની નબળાઇઓ. રાગદ્વેષરૂપી નબળાઇઓ જ અરિ છે. શત્રુ છે.

હંતાણં એટલે જીતનાર, હણનાર રાગદ્વેષના. આ મહામંત્રથી વિતરાગના પ્રકાશને અંદર નિમંત્રી અંધકારને જીતી સબળ બનો.

આમ, એ જીવને, તત્ત્વના સ્પર્શ સાથે અનુભવનો પરમ આનંદ થાય છે.

તે વધારે કોઇ જાણતો નથી, પણ કોઇક સારું છે, તેટલું તો જાણે જ છે. સૂર્યોદયની પહેલાં અરુણોદય થાય, તેમ જ્ઞાન પહેલાં દર્શન થાય છે. દિવ્ય જીવનની આવી ઝાંખી થયા પછી આત્માને બીજું જીવન નહીં જ ગમે.

આજે સમાજમાં આટલા રોગ કેમ? કોઇને બ્લડપ્રેશર, કોઇને હાઇ પ્રેશર, તો કોઇને લો પ્રેશર છે. રહેવા માટે જગ્યા ને પહેરવા માટે વસ્ત્ર જોઇએ. તે માટે માણસ આટલો શાને હેરાન થાય છે!

થોડીક વાર શાંત થઇને વિચાર કરીશું તો જીવનનું સાચું મૂલ્ય સમજાશે. મનના મંથન વિના મસ્તીનું માખણ કેમ મળશે?

મન ઘણું ચંચળ છે. એ ફાવે તેમ વિચાર્યા કરે છે. એક રાજા શાન્તિ માટે બગીચામાં ગયો. ત્યાં જઇ એણે આરામ કર્યો, પરંતુ સામેથી કોઇ રાજા સૈન્ય લઇ આવી રહ્યો છે, તેમ તેને જણાયું, અને એના મનમાં તરત ભયપ્રેરક વિકલ્પ ઉદભવ્યો : 'એ મારા પર ચડાઇ કરે તે પહેલાં હું જ તેને મારી નાખું!' અને પછી તો પૂછવું જ શું! એનું મન મારવા અને કાપવાના કામે લાગી ગયું. એણે મનથી યુધ્ધ આદર્યું. આમ, મનમાં ને મનમાં એણે બધી પાપની ઘટમાળ ઘડી કાઢી. મહાભારત મનમાં સર્જાયું.

સામેથી આવી રહેલા રાજાએ જોયું તો ગામનો રાજા બગીચામાં બેઠો છે, એટલે તેણે પ્રેમથી પ્રણામ કરી કહ્યું : 'હું દૂરની જાત્રાએ નીકળ્યો છું. આપ અહીં જ મળ્યા એ સારું થયું. હું આપને વિનંતી કરવા જ આવતો હતો. આપ પણ મારી સાથે જાત્રા કરવા પધારી મને લાભ આપો.'

આ રાજાને થયું કે હાશ ! આ શત્રુ નથી, જાત્રાળુ છે. પણ જોવાની ખૂબી તો એ છે કે એક જાત્રા કરવા જાય છે, તો બીજો એને મારવાનો વિચાર કરે છે! જગતમાં માણસો, આમ, વગર વિચારે જ, મગજમાં શાંતિ લાવવાને બદલે અશાંતિ સ્થાપે છે.

ચિંતકો કહે છે: હે માનવી! શત્રુ છે તે પણ તું જ છે; મિત્ર છે તે પણ તું જ છે. જેવાં ચશ્માં પહેરશો તેવું તમને દેખાશે. દૃષ્ટિ તેવી સૃષ્ટિ तत्पमसि.

કવિ દલપતરામ ને નાટ્યકાર ડાહ્યાભાઇનો પ્રસંગ યાદ આવે

છે. એક કવિ છે, તો બીજા નાટ્યકાર. બન્ને સ્વતંત્ર છાપામાં લખતા. માણસજાત ઘણી ઈર્ષાળુ. ઈર્ષાથી ડાહ્યાભાઇ પોતાના છાપાંમાં લખે છે : દલપતરામ તો 'એકલી સ્ત્રીઓ ગાય તેવાં જોડકણાં જ લખે છે. તેમાં શું તત્ત્વ છે?' જ્યારે કવિ દલપતે એ લખ્યું: 'ડાહ્યાભાઇ તો આખો દિવસ ભવની ભવાઇ જ લખે છે! એ નાટક નહિ, ભવાઇ જ છે!'

એક દિવસની વાત છે. અમદાવાદમાં પર્યુષણના દિવસો હતા. સ્થળે સ્થળે સાધુમહારાજો પ્રવચનો આપતા હતા. એક ત્યાગી મુનિરાજનું પ્રવચન સાંભળવા ડાહ્યાભાઇ જઇ ચડ્યા.

ત્યાગીઓ પાસે શું હોય? મૈત્રીની વાતો. તે દિવસે એ વિષય પર વ્યાખ્યાન આપતાં મુનિવર્યે કહ્યું : 'મનનું વસ્ત્ર મૈત્રીના જળથી ધોવાય નહિ તો આ જીવન ગંદુ–મેલું–અપવિત્ર બની રહે. પછી ભલે એ માનવ મહાવિદ્વાન કેમ ન હોય!'

નાટ્યકાર ડાહ્યાભાઇ એ જમાનાના શ્રેષ્ઠ સ્નાતક ને નાટ્યકાર હતા. તેમને થયું કે હું નાટક લખું છું, સંસ્કારી વાતો કરું છું, પણ મારા પત્રમાં કવિ દલપતભાઇ માટે સરસ્વતીને શરમ આવે તેવાં લખાણ લખાય છે! મારા મનના પડદા પર એને માટે કેટલાં વેરઝેર ભર્યાં છે? મારે મારું મન ધોવું જોઇએ.

વ્યાખ્યાન પૂરું થયું. પણ પેલો વિચાર ન અટક્યો. એ ગયા સીધા કવિના ઘર તરફ. કવિ હીંચકા પર બેઠાબેઠા સોપારી ખાતા હતા. તેમણે દૂરથી જોયું તો ડાહ્યાભાઇ ગલીમાં આવી રહ્યા છે ! થોડી વારમાં તો ડાહ્યાભાઇ, કવિ દલપતભાઇના ઘરનાં પગથિયાં ચડતા થયા. કવિને

ક્ષણભર તો ભ્રમ થયો. મારો શત્રુ મારે બારણે! દીવાથી દીવો પ્રગટે એમ, બેઉનાં અંતરમાં માનવતાના દીપક પ્રગટ થયા. ઘણે વર્ષે શત્રુઓની આંખો મિત્ર થવા માટે ભેગી થઇ. બંને હીંચકા પર બેઠા.

ડાહ્યાભાઈએ વાત મૂકી : 'ભાઇ, હું તમને એક વાત કરવા આવ્યો છું. રણક્ષેત્ર પર યુધ્ધ બંધ થવાનું હોય ત્યારે સમરાંગણમાં એક ઝંડી ઊભી કરાય છે, તે ઝંડી સફેદ હોય છે. આ વાત સાચી છે?'

કવિને આ વાત કેવું રૂપાંતર લેશે એની કલ્પના ન આવી. ટૂંકમાં તેમણે કહ્યું : 'હા, વાત સાચી છે.'

ડાહ્યાભાઈએ પાઘડી ઉતારીને સફેદ ઝંડી ચોટી બતાવતાં કહ્યું: 'કવિરાજ, આ ઝંડી આપણે માથે કુદરતે ઊભી કરી. હજુ આપણે વાગ્યુધ્ધ કર્યા કરીશું?'

આ ટૂંકા વાકયે કવિના દિલને હલાવી નાખ્યું.

કવિને ખ્યાલ આવી ગયો. એ ઊભા થયા. ડાહ્યાભાઇને ભેટી પડ્યા. આંખ ભીની થઇ. તેમના મોઢામાંથી શબ્દો સરી પડ્યા : 'તમે કેટલા મહાન! ક્ષમા માગવા માટે મારા દ્વારે આવ્યા? ખરેખર, તમે જીવનના સાચા નાટ્યકાર છો !'

શત્રુ મટી ક્ષણમાં બંને મિત્ર બન્યા. એ જ કલમ જે વર્ષો સુધી વેરનાં ઝેર વરસાવતી હતી, તે હવે મૈત્રીનું ઝરણું વહાવવા લાગી. પછી તો જીવ્યા ત્યાં સુધી એકબીજા, એકબીજા માટે સારું જ લખતા ગયા. આનું કારણ –चिंता परब्रम्ह विनिश्रयाच !

દૃષ્ટિ પલટાઇ જાય તો જીવન પલટાયું સમજો. સમાજમાં પણ દૃષ્ટિ પલટાઇ જાય તો નવી દૃષ્ટિ આવે. એટલે વસ્તુનું હાર્દ સમજવા માટે સાચું જ્ઞાન જોઇએ. આમ પહેલું વિચાર દર્શન, બીજું જ્ઞાન અને ત્રીજું ચારિત્ર્ય.

કાળચક્રનો વિચાર કરો તો આ જીવન બિન્દુ સમાન લાગશે. આત્મશાન્તિના સુખનો વિચાર કરો તો દૈવી સુખો પણ તૃણ સમાન લાગશે. મનનપૂર્ણ સદવિચાર, માનવીના આચારંને સુવાસ આપે છે, અને આચાર જીવનમાં આવતા અનાચારની દુર્ગંધને દૂર કરે છે.

આ આત્માને સ્વસ્વરૂપમાં ઠર્યા વિના, પરબ્રહ્મની પિછાન વિના ક્યાંય સુખશાન્તિ મળનાર નથી!

# વાણી પરોપકાર માટે હો !

આજે આપણે ભાષાનો વિચાર કરીએ છીએ. ભાષા માનવીની અપૂર્વ સિદ્ધિ છે. માણસના મનના ભાવોનું એ વાહન છે. ભક્તિ અને ભાવ; સ્નેહ અને સૌહાર્દ ભાષાના માધ્યમ દ્વારા વ્યક્ત થાય છે. અંદર ઘૂંટાતું તત્ત્વ આ ભાષા દ્વારા બહાર પ્રગટ થાય છે.

આ ભાષા માણસ અને પશુ બંનેને મળી છે, પણ માણસની ભાષાનો અનુવાદ બીજી ભાષામાં થઇ શકે છે. અંગ્રેજ અંગ્રેજીમાં બોલે, તો તેનો અનુવાદ ગુજરાતીમાં થઇ શકે; ભારતવાસી હિન્દીમાં બોલે તો એનો અનુવાદ અંગ્રેજીમાં થઇ શકે. પણ કૂતરાની ભાષાનો અનુવાદ

બિલાડાની ભાષામાં થાય? આ રીતે માણસની ભાષા, પશુની ભાષાથી વિશિષ્ટ છે. પણ એથીય વધારે મહત્તા તો એ છે કે માણસની ભાષા, કોઇકના વિકાસ અને પ્રેરણાનું પ્રબળ સાધન બની શકે છે, અને આ જ ભાષાનો વિવેક વિના ઉપયોગ થાય તો કંઇકનાં ઉદ્વેગ, પતન અને વિનાશનું નિમિત્ત પણ બની બેસે છે. માટે આપણે વિચાર કરવાનો છે કે ભાષા કેમ વાપરવી?

તમે જાણો છો કે સારી અને કીમતી વસ્તુ પર ચોકી હોય, પહેરો હોય; આ ભાષા પર પણ તેમ જ છે. બત્રીસ તો દાંત રૂપી જેના ચોકિયાત છે અને બે હોઠ રૂપ જેની આસપાસ કિલ્લા છે, એવી જીભમાં ભાષા છે. ભાષા કેવા રક્ષણ નીચે છે !

કાંટો, વીંછી કે સર્પ જે ન કરી શકે તે આ ભાષા કરી શકે છે. સર્પનું ઝેર ઉતારી શકાય, પણ જીભના ડંખનું ઝેર કાતિલ હોય છે. આ ઝેર તો ભવોભવ ચાલે. એટલે ભાષા વિવેક માગે છે.

વિવેકી કરતાં અવિવેકી માણસો ઘણા છે. તે એવું બોલે કે આપણને સાંભળતાં પણ શરમ આવે. એ પણ માણસ છે, છતાં એમના મગજમાં આવી ખરાબ વાતો કેમ આવી? એમની વાણીમાંથી આવા ખરાબ શબ્દો કેમ ઝર્યા તે જરા વિચારીએ.

જીભ તો પવિત્ર વસ્તુ છે. એના પર પ્રભુનું નામ રમે. મા સરસ્વતી એના પર વાસ કરે, અને બ્રાહ્મીનું જ્યાંથી અવતરણ થાય છે એ જ જીભ, આજે કેવી રીતે લોકો વાપરી રહ્યા છે, તેનો શાંતિથી વિચાર કરીએ તો લાગે, કે માણસો વાણીના વ્યવહાર વખતે, વિવેકને અને વિચારને વીસરી જાય છે.

તમારી જીભથી તમે તમારું ને પારકાનું ઘણું ભલું કરી શકો છો. આ જીભ વડે સારું ખાઇ શકાય છે, સારું પી શકાય છે ને સારું બોલી શકાય છે. જેવા માણસના સંસ્કાર !

એક દિવસની વાત છે. ઇંગ્લૅન્ડથી ખાસ એક હોશિયાર એલચીને હિન્દુસ્તાન મોકલવામાં આવ્યો હતો. અહીં આવી તેણે એ જ કામ કરવાનું હતું કે હિન્દુસ્તાનના રાજાઓ કેવા છે? રાજનીતિ કેવી છે? તેમનામાં સમજણ કેટલી છે? આ બધું જાણીને એણે ત્યાં જઇ હેવાલ રજૂ કરવો.

અહીં આવીને એ સીધો લખનૌના દરબારમાં ગયો. એની અંગ્રેજી ભાષા રાજવી જાણતો ન હતો. રાજવીની ભાષા અંગ્રેજ જાણતો ન હતો; એટલે વચ્ચે દુભાષિયો રાખવામાં આવ્યો. તે અંગ્રેજીનું ઉર્દૂ કહે, ને ઉર્દૂનું અંગ્રેજી કહે.

એ જમાનાના નવાબો નાચમાં, મુજરામાં, નૃત્ય ને મહેફિલોમાં મસ્ત હતા. તેમને પોતાના રાજ્યની કે પ્રજાની ચિંતા ન હતી. બધું કામકાજ રાજ્યના મંત્રીઓ કરી લેતા.

નવાબે ઇંગ્લૅન્ડના એલચીને પ્રશ્ન કર્યો : 'તમારા રાજાને બેગમો કેટલી છે?' દુભાષિયો રાજનીતિમાં નિપુણ હતો. તેણે વિચાર્યું કે આ પ્રમાણે હું અંગ્રેજને પ્રશ્ન પૂછીશ તો તેને લાગશે કે આ નવાબો એકલી ભોગની અને ઇશ્કની જ વાતો કરે છે. એટલે દુભાષિયાએ ફેરવીને પૂછ્યું : 'આપની કૅબિનેટમાં કેટલા સભ્યો બેસે છે?'

એલચીએ જવાબ આપ્યો કે ૨૧૨. દુભાષિયાએ નવાબને કહ્યું કે ૧૨ બેગમો છે.

પછી નવાબે પુછાવ્યું કે તેના શાહજાદા કેટલા છે? એનું ભાષાંતર દુભાષિયાએ કરીને પૂછ્યું : 'તમારી કૅબિનેટના મેમ્બરોને કેટલું ભથ્થું મળે છે? ચૂંટણી તમે કેવી રીતે કરો છો?'

નવાબે આમ એલચીને વાતોમાં બંગલા કેટલા, કૂતરા કેટલા ને મહેફિલ કરવાનાં સ્થાનો કેટલાં? એ જ વાતો પૂછી. તેના જીવનમાં ભારોભાર વિકાર અને વિલાસ હતો. જ્યારે તેનો અનુવાદ કરી રાજનીતિજ્ઞ દુભાષિયાએ રાજ્યનું વ્યવસ્થાતંત્ર કેવું છે? કર તમે કેટલો લો છો? આમ આખી વાત એલચીને ફેરવીને પૂછી.

આ વાર્તાલાપથી એલચીને થયું કે હિન્દુસ્તાનના રાજાઓ ભલે કંઇ ન જાણે, પણ રાજનીતિમાં આપણાથી ઊતરે એવા નબળા નથી. વિશિષ્ટ વાણીથી આવો પ્રભાવ પડ્યો.

ઘરમાં ઘી બરાબર વાપરો તો તેની રસોઇ સારી બને. પણ ઘીને ૧૦૮ વાર ધૂઓ તો એ ઝેર બને. આપણા વચનમાં કટાક્ષ હોય, કટુતા હોય, બડાઇ મારવાની ને બીજાને ઉતારી પાડવાની ભાવના હોય તો તે ડંખરૂપ જ નીવડે ને?

આપણે સામા માણસનું માન જળવાય તેવું, ઓછું પણ ગૌરવભર્યું વચન બોલવું જોઇએ. અહંકારથી માણસ શોભતો નથી, અલંકારથી શોભે છે. માનવીનો આ અલંકાર એટલે પરોપકારી વચનો. वाक् भूषणं भूषणाम्।

માણસમાં રહેલા આત્માને માન આપતાં શીખવું જોઇએ. શી ખબર કે અહીં નીચે બેઠેલો આત્મા પણ આવતી કાલે ઉચ્ચ ગતિએ જનારો હોય ! શિષ્યા હોવા છતાં મૃગાવતી, ચંદનબાળા કરતાં પહેલાં કેવળજ્ઞાન પામે છે. તપાસો, ગૌતમસ્વામી કરતાં પ્રથમ કેવળી બને છે.

જેમ મોટરમાં સારી બ્રેક હોય તો અકસ્માત થતો બચે છે, તેમ વાણી પર બ્રેક હોવી જોઇએ. બોલવાનું ઘણું મન થઇ જાય, ત્યારે જીભને કહેવું કે થોડા સમય માટે તું ચૂપ થઇ જા.

આત્માની શક્તિ આંકડાથી નથી માપી શકાતી. આપણે માણસ છીએ. માણસ ભૂલને પાત્ર છે. એ ભૂલને સુધારવા માટે વાણીને પવિત્ર રાખીએ. એને માટે આપણે ત્યાં માફી, ક્ષમા ને મિચ્છામિ દુક્કડં વપરાય છે.

ઇતિહાસ વાંચતાં કે સાંભળતાં તમે એવું ક્યાંય જાણ્યું છે કે મૌનથી ક્યાંય ઝઘડો થયો હોય? લોકો કહે છે કે મહાભારતનું યુધ્ધ જુગારમાંથી ઊભું થયું, પણ હું તમને યાદ આપવા માગું છું કે અહંકારભર્યા વચનના ઘાથી એ ઊભું થયું!

દુર્યોધન ઉતાવળથી મહેલમાં પ્રવેશ કરે છે. સામે બારણું છે એમ કલ્પી, અંદર જવા જાય છે, ત્યાં એ કાચ સાથે અથડાઇ પડે છે. એણે દરવાજો કલ્પ્યો, એ કાચ હતો. તેમાં બારણાનું પ્રતિબિંબ હતું. આમ, એ ભ્રમથી અથડાઇ પડે છે.

તે પાછો ફરે છે. દ્રૌપદી સામેના ઝરૂખામાં ઊભી છે. તે આ બનાવ જોઇને હસી પડે છે, અને વ્યંગ્યમાં કહે છે : 'આંધળાના દીકરા તો આંધળા જ હોય ને!'

દુર્યોધનને થાય છે કે આ તો દ્રૌપદી દ્વારા મારું અને મારા વડીલોનું અપમાન થયું! ધર્મહીન માણસ જીવનભર પોતાના અપમાનને યાદ રાખે છે. માણસ મરે છે, ત્યારે પણ એ અપમાનને યાદ કરતોકરતો મરે છે. આમ, તેનું વેર પરંપરાએ પણ બંધાય છે. ઇ. સ. ૧૯૧૮માં જર્મનીને ગુલામ બનાવાયું હોત, તો હિટલર ન પાકત. હિટલર એ અપમાનની ખેતીનો પાક છે, વેરનું પરિણામ છે.

સામાને નમાવીને સમાધાન ન કરતા. તેમાં તમે જીત્યા એમ માનો છો, પણ કોઇને પાડીને તમે ઊભા નહીં રહી શકો, હારનો બદલો હાર જ હોય છે. તમારાથી બીજો કોઇ બળવાન નીકળશે, ને એ તમને પાડશે .उपसमेण हणे कोहम। એટલે પ્રભુ મહાવીર કહે છે : પ્રેમના વારિથી ક્રોધને ધૂઓ..

દ્રૌપદીના શબ્દથી વેરનાં બીજ વવાય છે ને તેમાંથી મહાભારત નીપજે છે. અપમાન એ ડંખ છે. તે સહેલાઇથી પીગળતો નથી. વેર માણસાઈને જ બાળી મારે છે.

દુર્યોધનના કપાળમાં ચોટ લાગી હતી. એ એણે સહી લીધી, પણ દિલમાં લાગેલા વાણીના તીરનો ઘા ન રૂઝાયો. એણે ત્યાં જ મનમાં સંકલ્પ કર્યો કે મને આંધળાનો દીકરો કહે છે, તેને નિર્વસ્ત્ર ન કરું તો હું દુર્યોધન નહીં!

ભગવાન વર્ધમાનને ચંડકૌશિક સર્પ ડંખ મારે છે. શરીરમાંથી ધારા વહે છે. જવાબમાં પ્રભુ ઉગ્ર બનતા નથી. વાણીના પ્રહાર કરતા નથી. શાંતિથી "બુજઝ બુજઝ" કહે છે. ભગવાન સર્પને પ્રતિબોધવા, શાંત કરવા પ્રેમની અમૃતવાણી વરસાવે છે. પ્રેમ હૃદયનાં દ્વાર ખોલી નાખે છે. પ્રેમમાં હૃદય સર્વ સમર્પણ કરી દે છે.

જોયું નેં ! લોહીને બદલે અહીં દૂધ વહે છે! શબ્દોમાં જાદુ છે: એ ઝેર પણ છે અને અમૃત પણ છે. શત્રુને પણ મિત્ર બનાવી શકે છે.

શ્રાવકનું લક્ષણ ક્યું? જે રોજ સાંભળે તે શ્રાવક. તે સમજણ ને શ્રધ્ધપૂર્વક આત્માનો અવાજ સાંભળે છે કારણકે સાંભળનારને વિવેકનો પ્રકાશ મળે છે, સાચું ભાન થાય છે. માણસ જ્ઞાનનો ભૂખ્યો છે. તેને ખોરાકની જરૂર છે. તે ખોરાક મળે ક્યાંથી? વાણીમાંથી. વાણી સારી તો માણસ સારો.

માણસની માણસાઈને સમૃધ્ધિથી માપવામાં આવતી નથી; મપાય તો તે દિલથી જ મપાશે. કોઈને હલકો ન પાડો. કોઈનું કોઈ દિવસ અપમાન ન કરો. નહિ તો માણસાઈની રાખમાંથી આગ ભભૂકી ઊઠશે. એમાંથી અવાજ નીકળશે કે આણે મારું અપમાન કર્યું છે !

પાંડવો વનમાં ગયા. શ્રીકૃષ્ણ દુર્યોધનને સમજાવવા ગયા કે તું વધુ નહીં તો પાંચ ગામ પાંડવોને આપ. હું તને ધર્મ સમજાવવા આવ્યો છું. એમણે ઘણી સુંદર વાતો કહી, પણ તેણે એ ન સાંભળી.

દુર્યોધને કહ્યું : 'આપનું બધું તત્ત્વજ્ઞાન હું સાંભળીશ, પણ આ તકે નહીં. આપની વાત સુંદર છે. પણ ધર્મનો ઉપદેશ સાંભળવાનો આ અવસર નથી. જુગારમાં ધર્મ કેવો? આપના છળ અને કપટમાં ન્યાય કેવો ! जानामि धर्मं च मे प्रवृत्तिः जानामि अधर्मं न च मे निवृत्तिः। केनापि देवेन हृदि स्थितेन यथा नियुक्तोऽस्मि तथा करोमि॥

'આપ ધર્મની વાત કરો છો. હું મૂર્ખ છું, એવું પણ માનશો નહીં. આ બધું સારી રીતે જાણું છું, પણ તેને હું સ્વીકારી શકતો નથી; તેના માર્ગે જઇ શકતો નથી. એક સ્ત્રીની લાજ લેવી એ ભયંકર અધર્મ છે, એ હું જાણતો નથી, એવું કંઇ નથી. પણ મને દુ:ખ છે કે એવા અધર્મના માર્ગથી હું પાછો વળી શકતો નથી.'

તેના હૃદયમાં દેવત્વ નહોતું પણ વેરભાવ હતો. દેવત્વ હોત તો ક્ષમાને માર્ગે દોરાત. પણ તેના હૃદયમાં વેરનો દૈત્ય છે. કડવાશનું હળાહળ છે.

વાણીમાં જેટલી તાકાત છે એટલી અણુબૉમ્બમાં નથી.

મંત્ર શું છે? મંત્રથી આપણી સુષુપ્ત શકિતને પ્રબુધ્ધ કરીએ છીએ. મંત્ર એટલે શબ્દ. શબ્દમાં અદૃશ્ય તાકાત પડેલી છે.

કૂતરો નજીક આવતો હોય અને હડ–હડ કરો તો એ પણ તરત ભાગી જશે. માણસને પ્રેમથી કહો : 'પધારો' તો તે જરૂર આવવાનો. પણ જમાડ્યા પછી કહો કે તમારા જેવા બેકારો અહીં ઘણા આવે છે; જમાડવા પડે એટલે જમાડીએ છીએ

આટલાં અશિષ્ટ વચનોથી સારામાં સારું ખાધેલું પણ બળીને ભસ્મ થઇ જાય છે.

એક ગરીબ, સૂકો રોટલો આપીને કહે : 'તમારા જેવા સત્પુરુષનાં પગલાં અમારા જેવા ગરીબના ઘરમાં કયાંથી?' તો જમનાર પર કેવી અસર થાય? શબ્દોનો કેવો જાદુઇ પ્રભાવ છે !

મને એક દૃશ્ય યાદ આવે છે. એક ભિખારી બહુ જ વૃધ્ધ અવસ્થાએ ભીખ માગતો હતો. તે રસ્તામાં લાંબો હાથ કરી ઊભો હતો. તેને માગતાં આવડતું હતું, પણ એ બોલ્યા વિના જે મળે તેથી એ સંતોષ માનતો.

માર્ગ પરથી અનેક માણસો જતા. કોઇ જોયા કરતા, કોઇ હાંસી કરતા. કોઇ પૈસો બે પૈસા આપતા. કોઇ ટીકા પણ કરતા. માણસની જાત ઘણી વિચિત્ર છે. માણસ કંઇ ન કરી શકે, તો ટીકા તો કરી શકે. જે લોકો કંઇ નથી કરતા, તે બેઠાબેઠા આ કામ સરસ રીતે કરતા હોય છે!

આ વૃધ્ધ ભિક્ષુક પાસે થઇને, એક સજ્જન પસાર થયો. તેને કંઇ આપવાની ભાવના થઇ. ખિસ્સામાં હાથ નાખ્યો. કાંઇ ન મળ્યું. બધાં ખિસ્સાં જોઇ લીધાં. કંઇ ન મળ્યું. પાકીટ ઘેર રહી ગયું હતું.

તે સજ્જનને આપવું હતું, પણ આપી ન શક્યો. મનમાં દુ:ખ થયું. તેણે ભિખારીને સહાનુભૂતિભર્યા મીઠા શબ્દોમાં કહ્યું : 'દાદા, આજ ખિસ્સું ખાલી છે. દિલ છે, પણ દ્રવ્ય નથી, શું કરું? મારા ઘરે આવશો?'

વૃધ્ધે જવાબ આપ્યો : 'ભાઇ, ઘણા ઘણું આપે છે, પણ એના કરતાંય તમે મને ઘણું ઘણું આપ્યું છે. તમે જે સ્નેહભરી સહાનુભૂતિ બતાવી તે મારે મન ઘણું છે. ધન ઘણા આપે છે, પણ મન કોઇ આપતું નથી. સ્નેહનો શબ્દ કોઇના મોંએથી સાંભળ્યો નથી. આજે તમે મને એ સાચા સ્નેહભીના શબ્દો આપ્યા છે!' અને એ વૃધ્ધની આંખનાં ખૂણે એક આંસુ ઝૂલી રહ્યું.

માણસ માણસને મળે ત્યારે વાતો દ્વારા વિચારનો વિનિમય થવો જોઇએ. તેને બદલે એકબીજાની નિંદા અને કાપવાનું શરૂ કરે તે શું યોગ્ય છે? માનવી પાસે શબ્દનું શસ્ત્ર છે પણ તેનો સદુપયોગ નથી. એનો સદુપયોગ થાય તો આ સંસાર સ્વર્ગ બને. આ ઉજ્જડ જીવન નંદનવન બને.

જ્ઞાનીઓ કહે છે કે વાણીથી પરોપકાર થાય તો બોલો, અન્યથા મૌન રહો. ન બોલતાં આવડે તો મૌન રહેવું એ સુજ્ઞનું કર્તવ્ય છે. માટે જ ત્રણે લોકરૂપી ભાલમાં, તિલક સમાન થવા ચોથું સાધન વાણી કહ્યું છે. વાણી માણસનું ભૂષણ છે. આ ભૂષણથી માણસ શોભે છે. આના દ્વારા એ ઘણાને સહાયક બની શકે છે; ઘણાને શાતા આપી શકે છે; ઘણાને પ્રેરણા આપી શકે છે. વાણી દ્વારા એ ઊંચામાં ઊંચા સ્થાને પહોંચી શકે છે. વાણીને વિચારીને, વિવેકના વસ્ત્રથી ગાળીને વાપરીએ.

તમારી પાસે વિદ્યા ઓછી હશે તો ચાલશે, પણ વિવેક ઓછો હશે તે નહિ ચાલે. ધન ઓછું હશે તો ચાલશે પણ વાણી હલકી હશે તે નહિ ચાલે.

આપણે માટે આ સુભાષિત અમૃત છે : માનવી પાસે દાન માટેની લક્ષ્મી હો; સુકૃત માટે વિદ્યા હો; પરબ્રહ્મ માટે ચિંતા હો, અને પરોપકાર માટે વાણી હો.

આ ચાર ભેટ જે માનવી પાસે છે-હશે એ માણસ ત્રણે ભુવનમાં તિલક સમાન ગણાશે.

□

# માનવ ધર્મ

(શાંતિનગર જેકબ સર્કલ પર વસતાં ભાઇબહેનોએ, દશેરાના તા. ૨૯-૬-'૬૩ના દિવસે પૂજ્ય ચન્દ્રપ્રભસાગરજી 'ચિત્રભાનુજી'નું એક પ્રવચન "માનવધર્મ" પર ગોઠવ્યું હતું. એ વિશાળ મંડપમાં હજારોની માનવમેદની સમક્ષ આપેલા પ્રવચનની પ્રેરણાથી ઘણાય મહારાષ્ટ્રિયન ભાઇબહેનોએ દારૂ અને માંસ છોડવાની પ્રતિજ્ઞા લીધી હતી. પ્રવચનનો સાર અહીં રજૂ કરીએ છીએ )

**દુનિયામાં ધર્મો** ઘણા છે પણ માનવધર્મ એક છે. જૈન હો કે બૌધ્ધ હો, હિન્દુ હો કે મુસલમાન હો, શીખ હો કે ખ્રિસ્તી હો, પણ હકીકતમાં સૌ માનવ છે. માનવ એ મુખ્ય નામ છે; બાકી બધાં

અહીં વિશેષણ છે. આજે વિશેષણો એટલાં મહત્ત્વનાં બની ગયાં છે કે મૂળ નામ ગૌણ બન્યું છે; અરે! ભુલાતું જાય છે. માનવ, એ બધાં વિશેષણોથી મુક્ત થઇને પોતાનો વિચાર કરે, તો એને ખ્યાલ આવે કે પોતાનો ધર્મ શો છે?

તમે કુદરતમાં જોશો તો જણાશે કે વસ્તુનો સ્વભાવ એ ધર્મ છે. દરેક ચેતન વસ્તુને કે જડ વસ્તુને પોતાનો ધર્મ છે; પોતાનો સ્વભાવ છે. અગ્નિ ઉષ્મા આપે છે, ફૂલ સુગંધ આપે છે. શેરડી મીઠો રસ આપે છે; ધૂપ વાતાવરણ સ્વસ્થ કરે છે. આમ, પ્રકૃતિમાં સૌ પોતાનો ધર્મ બજાવ્યે જાય છે. વિષમ અને વિકટ પરિસ્થિતિમાં પણ એ પોતાનો ધર્મ નહિ છોડે ! ચંદનને બાળો તોપણ સુવાસ જ આપે છે ને? શેરડીને કોલુમાં પીલો તોય મીઠો રસ જ આપે છે ને? સોનાને આગમાં તપાવો તોય એ પીળું સુવર્ણ જ રહેશે. એ પોતાના સુંદર સ્વભાવને કેવાં અનુરૂપ હોય છે? પોતાનો ધર્મ છોડવો, એટલે પોતાના અસ્તિત્વને ગુમાવવું.

માનવ જ પોતાનો આ ધર્મ ભૂલી ગયો છે. એક કવિએ આજના માનવતા–ભૂલેલા માનવ માટે ઠીક જ લખ્યું છે :

'ખીલીને ફૂલ બીજાને સુવાસ આપે છે,
દીપક બળીને બીજાને ઉજાસ આપે છે;
ફક્ત છે માનવી એવો આ આખી દુનિયામાં;
જે પોતે જીવવા, બીજાને ત્રાસ આપે છે.'

માનવ પોતે મહાન છે, પણ એ પોતાને ભૂલી જાય છે ત્યારે

યુધ્ધ, કલહ, કંકાસ અને કજિયા કરી, જીવનને એક યાતના બનાવી મૂકે છે. આવા માનવીને એની મૂળ યાદ તાજી કરાવવા, તહેવાર અને પર્વ નક્કી કર્યાં છે. જેમકે, આજે દશેરા છે. લોકો રામ-રાવણની કથા યાદ કરવાનાં. સીતાના સતની કથા સંભારી, પ્રેરણા મેળવવાનાં. સત્યના અને શિયળના માર્ગે આગળ વધવાની પ્રતિજ્ઞા લઇ જીવનને સુગંધિત કેટલા કરવાના? રાવણનાં પૂતળાં બાળ્યે શું વળે? પર્વ માણસને જગાડનાર એક ઍલાર્મ છે.

ઘણા કહે છે : પ્રકૃતિ તો જડ છે. તમે જડની ઉપમા કેમ આપો છો? પણ પ્રકૃતિમાં કેવી વ્યવસ્થા અને સંવાદિતા છે, તે વિચાર્યું? સૂર્ય કેવો નિયમિત ઊગે છે? એ કંઇ તમારી પ્રાર્થનાની પ્રતીક્ષા નથી કરતો. સમય થતાં એ આકાશમાં દેખાયો જ હોય. સાગરમાં ભરતી અને ઓટ પણ કેવાં નિયમિત આવે છે! માણસ ઊંઘી જાય છે પણ એ ન ચૂકે. ચેતનવંત માણસને આ પ્રકૃતિ ઊંઘમાંથી જગાડે છે! આવી રીતે, પર્વ પણ માણસને યાદ અપાવે છે કે તારો ધર્મ શો છે?

માણસ પોતાનો ધર્મ સમજે, તો એ મિત્ર છે; ન સમજે તો એ દુશ્મન છે; વહેમનો પડછાયો છે.

એક ધર્મશાળામાં બે માણસ સાથે રાતવાસો રહ્યા. બંને બાજુબાજુમાં ગાદલાં નાખીને સૂતા. બંનેનાં ખીસાંમાં પૈસા છે. એકને થાય છે : 'આ કડકો છે.' બીજાને થાય છે : 'પેલો કડકો છે.' એ તો સામાન્ય છે ને કે જેની પાસે ધન હોય, તે સામાને નિર્ધન પણ માને ને કદીક ચોર પણ માને. બંને સાથે સૂતા, પણ અવિશ્વાસને લીધે

એકેને ઊંઘ ન આવી. સવાર પડી. કો'કે પૂછ્યું ત્યારે એમણે કહ્યું : 'અમે બંને સાથે રહ્યા. સાથે ઊંઘ્યા.' તત્ત્વચિંતક તો પૂછશે કે સાથે ઊંઘ્યા કે સાથે જાગ્યા? સાથે સાથે રહ્યા કે દૂર દૂર રહ્યા? એમની વચ્ચે તો અવિશ્વાસની તોતિંગ દીવાલ હતી; ત્યાં સાથે ક્યાં રહ્યા?

માણસની સ્થિતિ આ છે. ઉપરથી એ માણસ છે પણ અંદર તો અનાદિ કાળથી ચાલી આવતી પશુતા જ હજુ એનામાં બેઠી છે. ક્રોધ કરે છે, ત્યારે માણસ કેવો દેખાય છે? લાલ લાલ ડોળા કાઢતો, આવેશના ફૂંફાડા મારતો અને વાણીમાંથી વિષ વર્ષાવતો માણસ સર્પના સંસ્કાર નથી સૂચવતો? પોતાને વળગેલી પશુતાને માણસે ટાળવાની છે અને તે માટે પોતાનો ધર્મ વિચારવાનો છે.

પોતાના સ્વરૂપના વિચાર વિના, સ્વત્વ આવે તેમ નથી, અને પરત્વ ટળે તેમ નથી. વિચાર કરતાં સ્વધર્મ સમજાય. માણસનો ધર્મ શો? પહેલો નિયમ તે મૈત્રી, અગર નિઃસ્વાર્થ પ્રેમ. માણસમાં અને પશુમાં અહીં તરત ભેદ જણાઇ આવે. ઉત્તમ માણસ નિઃસ્વાર્થ પ્રેમ કરી શકે છે, પશુ તે નહિ કરી શકે. કૂતરું માલિકને ચાહે છે. માલિક આવે ત્યારે નાચે, કૂદે, પેટ બતાવે, પગ ચાટે કારણકે માલિક તેને રોટલો આપે છે. પણ તે જ કૂતરું બીજા અજાણ્યા માણસને જોઇ ભસવાનું. જ્યારે ઉત્તમ માણસ નિઃસ્વાર્થ ભાવે, પ્રેમને માટે જ પ્રેમ કરે છે.

તમારે મુંબઇથી બેંગલોર જવાનું હોય, તમારી પાસે ભાતું હોય, ભૂખ લાગે ત્યારે સુખડીનો ડબો ખોલી ખાવા બેસો ત્યારે બાજુમાં પાટિયા પર જે સહપ્રવાસીઓ હોય તેને આમંત્રણ આપીને, ધરીને કહો

છો ને કે ભાઈ, કંઈક લેશો? આમ બોલવા પાછળ તમારો માનવપ્રેમ છુપાયેલો છે. પ્રેમ તો હાથ લંબાવે છે. પોતાને માટે બનાવેલી સુખડી બીજાને ધરવાની એ ઉદારતા બતાવે છે. આપ્યા વિના ખાય તો માણસનું દિલ ડંખે. આમ, પ્રેમ–મૈત્રી આગળ વધતાં, વધારે નિર્મળ અને શુધ્ધ બને છે. સંતોનો પ્રેમ જોયો? એમને માણસ ગમે તેમ સંભળાવે તોય તે અનુકંપાથી કહે છે : 'બરાબર છે. તું હજુ નાનું બાળક છે. બાળકને વિવેક ન હોય; એ તો ધૂળ પણ મોંમાં નાખે. પણ મા એને ધૂળ ખાતો બચાવે છે. એ એને ઝૂંટવી લઇ કહે છે કે તું બાળક છે એટલે આ ધૂળ જેવા શબ્દો તું મોંમાં ભરે છે. તને બચાવવો જોઇએ. આમ, સાચા સંતો સહન કરીને પણ જગતને શાંતિ અને શીતળતા આપે છે.

માણસ જેમ પોતાની જાતને જોતો થાય તેમ તે વધારે ને વધારે ઉદાર અને ઊંચો થતો જાય. પૈસાદાર પૈસા કમાય છે ત્યારે કેવો કઠોર હોય છે! પણ એની માનવતા જાગે છે ત્યારે એ હજારોની અને લાખોની સખાવત કરે છે ને? સામાન્ય માણસો, જે પાયધુનીથી અહીં સુધી પગપાળા ચાલીને આવે છે, તે પણ ભૂખ્યાને જોઇ પાવલી આપી દેવાના. જે પોતાની સગવડ માટે નથી ખર્ચતા, તે બીજાને આપે છે. માનવતા જાગે ત્યારે આવા સદગુણો આવે અને થયેલી ભૂલો પર પશ્ચાત્તાપ થાય. આંખમાંથી આંસુ ટપકે અને સુધરવાની વૃત્તિ જાગે.

કલકત્તામાં સ્વરૂપ નામે એક સુખી માણસ હતો. તે સંગના કારણે મદિરાના વ્યસનમાં લપેટાઇ ગયો. પછી તો દારૂ વિના એને ચાલે જ નહિ. દારૂ એના જીવનનું મુખ્ય અંગ થઇ ગયો. એક દિવસ વર્ષામાં

એના બંગલાના કંપાઉન્ડની દીવાલમાં મોટું ગાબડું પડયું. એણે કડિયાને બોલાવ્યો અને કહ્યું : ' તમારે આજે જ આ ગાબડું પૂરવાનું છે.' કડિયો કહે : 'આજે તો હું વચનથી બંધાયેલો છું. કાલે આવીશ.' સ્વરૂપ કહે : 'ખરેખર, તું કાલે આવીશ? ફરી નહિ જાય?' કડિયાએ સરળ પણ સચોટ ઉત્તર વાળ્યો : 'સાહેબ, શું આપ મને દારૂડિયો ધારો છો? હું દારૂ નથી પીતો કે બોલીને ફરી જાઉં કે ભૂલી જાઉં.

કડિયો તો ગયો પણ સ્વરૂપ એના શબ્દો સાંભળી વિચાર કરતો થઇ ગયો. અરે, દારૂડિયાની આટલી હલકી છાપ ! એક કડિયાથી પણ હું હલકો? શું વ્યસનને કારણે માણસ આટલો નીચો ઊતરી જાય છે? અને એ અંદર ગયો. દારૂની ઊંચામાં ઊંચી કીમતી બાટલીઓ હતી તે લાવીને ગટરમાં ફેંકી દીધી!

એ જ ક્ષણે એના મનમાં પ્રસન્નતાની એક લહેર ઊઠી. એ હળવો હળવો થઇ ગયો. વ્યસનમુક્તિનો આ આનંદ છે.

માણસ પાપથી પાછો વળે છે ત્યારે જે સુખ એ અનુભવે છે, તે અપૂર્વ છે, કારણકે તે પોતાના સહજ સ્વભાવ તરફ વળે છે; મળ અને મેલથી મુક્ત થાય છે.

સારામાં સારી વસ્તુ પણ આસપાસના વાતાવરણને લીધે ખરાબમાં ખરાબ પણ દેખાય. પારદર્શક સ્ફટિકની પાછળ કાળી વસ્તુ પડી હોય તો એ સ્ફટિક, શ્વેત શુભ્ર હોવા છતાં કાળું દેખાય.

માણસ પણ વાતાવરણ અને સંયોગોને લીધે આવો બને છે.

બીડી કે દારૂ પીનારને પૂછો. આ ટેવ જન્મથી સાથે લઇને આવ્યો છે કે? ખરાબ વસ્તુ એકદમ નથી કરી શકાતી. એ માટે ધીરેધીરે ટેવ પાડવી પડે છે.

મારા દૂરના એક કાકા હતા. હું નાનો હતો ત્યારે એમની પાસે બેસતો, રમતો. એક દિવસ કહે : 'બેટા, અહીં આવ. ચાલ, જોરથી એક દમ લગાવ જોઇએ.' એમ કહી એણે મારા મોંમાં બીડી મૂકી. મેં દમ માર્યો, શું કહું? ગૂંગળાઇ ગયો, ગળું અને મગજ ભરાઇ ગયાં; આંખમાં પાણી આવ્યાં. ખાંસી જ ખાંસી. મારો તો દમ નીકળી ગયો. કાકા ગભરાયા. મેં કહ્યું : 'કાકા, બિસ્કીટ કે ચૉકલેટ આપવાને બદલે આ દમ મારવાનું તમે શું કહ્યું?'

આજે ઘણાને હું વ્યસનમાં ડૂબેલા જોઉં છું,ત્યારે મને મારા એ કાકા યાદ આવે છે. જેણે પણ બીડી કે સિગારેટ પીવાની શરૂઆત કરી હશે તેની દશા પહેલાં તો મારા જેવી જ હશે ને ! ધીમેધીમે માણસ એ ખરાબ વસ્તુઓથી ટેવાઇ જાય છે. પછી તેને તે વસ્તુ વગર ચાલતું નથી. પહેલાં માણસ ટેવ પાડે છે. પછી ટેવ જ માણસને પાડે છે.

ગાળથી ટેવાયેલા માણસો, અલ્પવિરામ અને પૂર્ણવિરામની જેમ હલકા શબ્દો વાપરતા હોય છે. પણ સારા માણસને એવો શબ્દ આવેશમાં પણ મોમાં નહિ આવે, કોઇ અપમાન કરે કે ક્રોધ આવે ત્યારે માણસ કેવી સમતુલા રાખે છે તેના પરથી એની જીવનસાધના સમજાય છે. મદનમોહન માલવિયાજી માટે એક માણસ અનુચિત વાતો લખતો હતો. ત્યારે એક પત્રકાર મિત્રે સલાહ આપી 'ઇંટનો જવાબ પથ્થરથી

આપો તો એ ચૂપ થઇ જશે.' માલવિયાજી કહે : 'જે જબાન પર સરસ્વતી બિરાજે છે ત્યાં હલકા શબ્દો આવશે તો મા શારદા કયાં જશે?'

કળિયુગે ધર્મને પૂછ્યું : 'હું કયાં જાઉં? મારે માટે જગ્યા કયાંય નહીં?' ધર્મે કહ્યું : 'તું ત્યાં જઇને રહેજે જ્યાં જુગાર હોય, ચોરી હોય, હિંસા હોય, અત્યાચાર હોય, દારૂ હોય.' કળિયુગ કહે : 'દારૂ, જુગાર, ચોરી અને અત્યાચાર બધાં જ એક ઠેકાણે ભેગાં થાય તે કેમ ખબર પડે?' ધર્મ કહે : ' જ્યાં તને પૈસો ઊભરાતો દેખાય, ધનનો ઢગલો દેખાય, ત્યાં આ ચારે વસ્તુ હશે.' કળિયુગ કહે : 'બધા પૈસાદારોને ત્યાં આ ચારે હોય?' ધર્મ કહે : 'ઊભો રહે. જરા સમજ, નહીં તો ભૂલ કરીશ. જે ઘરમાં ધર્મ હોય, સંત-સમાગમ હોય, સદાચારની પ્રતિષ્ઠા હોય ત્યાં આ ચારમાંનું એકે નહીં હોય.' પૈસા વિના ધર્મ અને નીતિ સ્વચ્છંદ બને છે. પૈસો આવે તેની સાથે દુર્જન આવે; ધીમેધીમે દુર્જનના સંગની ટેવથી માણસ ખરાબ થતો જાય. આ ખરાબીને રોકવાનો એક જ માર્ગ છે. સજજન સંગે સત્સંગ વધારી આત્મનિરીક્ષણ તરફ વળો. તમે તમને અને તમારા કામને જોતા થાઓ, પૂછતા રહો, કે હું માનવ છું તો આજે મેં માનવને શોભે તેવું શું કર્યું? તમારે ખુદને આ પ્રશ્ન પૂછવાનો છે. ખુદ એટલે ખુદા-અ ખુદ તેનું જ નામ ખુદા. ખુદને સમજે તે આત્મા ખુદા છે. ખુદ પોતાને જોનારો, બીજાની સારી વસ્તુ જોઇ રાજી થવાનો. એનું મન મૈત્રીથી છલોછલ ભરેલું રહેવાનું. એની આંખમાંથી અમી ટપકવાનું.

આજે લોકોનું માનસ બદલાયું છે. સુખીને જોઇ બળ્યા કરે. કહે : 'કાલે અહીં રખડતો હતો, નોકરી કરતો હતો, આજે મોટરમાં જાય

છે.' આ બળતરા શા માટે? આમ દુ:ખી થવાથી કંઇ વળતું નથી. સુખીને જોઇ ઇર્ષ્યા થાય અને દુ:ખીના પ્રત્યે તિરસ્કાર કરે. આ જમાનાનું એ માનસ છે.

સભામાં અકબર કહે : 'હું પાટિયા પર એક લીટી દોરું છું, તેને ભૂંસ્યા વિના, તેને અડકયા વિના, નાની બનાવો.' બધા કહે કે નાની બનાવવી હોય તો પોતું ફેરવવું પડે, તેને જરા ભૂંસવી પડે. બધા જ ભૂંસનારા છે ! ઇર્ષાનો સ્વભાવ છે કે કોઇ દોડે તો તેનો પગ પકડવો અને પાડવો.

બિરબલ ઊભો થયો. પાટિયા પાસે ગયો. અકબર કહે : 'મારી લીટીને સંભાળજે.' બિરબલે ચૉક લીધો, તે લીટીની બાજુમાં એવડી મોટી લીટી દોરી કે તેની સરખામણીમાં અકબરની લીટી નાની થઇ ગઇ. સાવ નાની, જાણે વિરાટ પાસે બટુક ! સિધ્ધાંત આ છે ! તમારી લીટી મોટી બનાવો. તમે કોઇનેય ગાળ દઇને એને નાનો ન બનાવો. તેમ કરવા જતાં તો માણસ પોતે જ નાનો બને છે.

જેના હૈયામાં મૈત્રી હોય તે બીજાનો વિકાસ અને પ્રગતિ જોઇને રાજી થાય છે, અને દુ:ખીને જોઇ એના હૈયામાં કરુણાનો સ્રોત વહે છે. એ ભોજન કરતો હોય ત્યારેય એને ભૂખ્યા જીવોનો વિચાર આવે. શિયાળામાં એ સુંદર પથારીમાં ઓઢીને સૂતો હોય ત્યારે એને માર્ગ પર ટાઢમાં ધ્રૂજતા, ટૂંટિયું વાળીને પડેલા માનવી સાંભરી આવે અને આરામથી છાયામાં બેઠો હોય ત્યારે તાપમાં શ્રમ કરતા ગરીબો એને યાદ આવ્યા વિના ન રહે. કારણ? એ માણસ છે. માણસને દિલ છે,

અને એ દિલનો ધર્મ મૈત્રી અને કરુણા છે. આ કરુણાથી એનું ચિત્ત દ્રવે છે. એને કંઇક કરવાનું મન થાય છે. એને પોતાનામાંથી કંઇક આપવાંનો, ત્યાગ કરવાનો વિચાર જાગે છે.

આવા વિચારોને સતેજ કરવા, જાગૃત કરવા માટે આ પર્વો છે. પર્વો માનવના આત્માને ઢંઢોળવામાં નિમિત્ત બને છે. આ પર્વના ઉત્સાહમય વાતાવરણમાં આપણામાં પણ ઉલ્લાસ જાગે છે અને શુધ્ધ પ્રેમ અને મૈત્રીની પ્રેરણા મળે છે.

વિશાળ ગગનના મંડપ નીચે જેમ પ્રાણી માત્ર છે, તેમ તમે આજે આ મંડપમાં જાતના, ભાષાના, પ્રાંતના અને વાડાના ભેદભાવ ભૂલી જે મૈત્રી અને પ્રેમથી મળ્યા છો, તે જોઇ સૌને આનંદ થાય છે. પણ મને તો વધારે આનંદ થાય છે કારણકે તમે જે પ્રેમભર્યો વ્યવહાર માણસો સાથે આજે દાખવ્યો છે, એવો પ્રાણી માત્ર પ્રત્યે સદાય દાખવશો એવો સંકલ્પ કર્યો છે. આ દિવસોમાં થતી હિંસા અટકાવવામાં તન, મન અને ધનથી સાથ અને સહકાર આપી પ્રતિજ્ઞા કરી છે. આજનો આ સમય ધન્ય અને અમર થઇ ગયો.

# ભક્તિનું માધુર્ય

(વૈષ્ણવ મંદિર દરિયાસ્થાનમાં આપેલું પ્રવચન)

**મનુષ્ય** જન્મનું ફળ, તે મોક્ષ છે, સ્વતંત્રતા છે. જન્મ શા માટે મળ્યો? મુક્તિ માટે. બધે બધું જ પ્રાપ્ત થાય છે, પણ મોક્ષ તો ફક્ત મનુષ્યજન્મ દ્વારા જ થાય છે ! તે પ્રાપ્ત કરવાનાં સાધનો શાં, અને કયે માર્ગે જઈએ તો મોક્ષ મળે, તે વિચારવાનું છે. મોક્ષનો ઉપાય અને યોગ્ય સાધન ન મળે, તો અહીં જ ભટકવું પડે, જન્મ વ્યર્થ જાય.

મહાપુરુષોએ એનાં ઉપાય અને સાધનોને જ્ઞાનના પ્રકાશમાં એકાંત અને ધ્યાનના અવકાશમાં શોધી કાઢયાં છે. જેવી પ્રકૃતિ તેવાં સાધન.

ધર્મ એક છતાં ઉપાસના જુદીજુદી હોય, ગામ એક છતાં રસ્તા જુદાજુદા હોય. પણ અંતે એક ઠેકાણે ભેગા થાય છે. કર્મ, ભક્તિ અને જ્ઞાન આ ત્રણે પંથ આમ જુદા દેખાય છે, પણ એ મોક્ષનાં જ સાધન છે. જીવન એટલે જ્ઞાન, ભક્તિ અને કર્મ. ત્રિવેણીનો સંગમ. આ ત્રણના મિલનથી સંગમનું તીર્થ બને છે. ગંગા, યમુના અને સરસ્વતી જુદી નદીઓ દેખાય, પણ સંગમ થાય ત્યાં તીર્થ બને છે.

એક જ સાધનને વળગેલા માણસો, આજે એકબીજાના માર્ગને વખોડે છે. સાધના કરવાને બદલે, કલહ અને કંકાસમાં એમનાં જીવન વેડફાય છે. જ્ઞાનવાળો, ભણેલો કોમળ–ભીનો–આર્દ્ર ન હોય તો એના હૈયામાં ધર્મવૃક્ષ ઊગતું નથી. જ્ઞાની તો ભક્તિ અને ભાવથી ભરેલો હોવો ઘટે. ભક્ત પોતાનો સમય રાગમાં ન કાઢતાં, ત્યાગમાં વિતાવે છે. અહીં બેઠેલાં ભાઇબહેનો ભક્તિ માટે ભેગાં થયાં છે. નહિ તો સિનેમામાં જાત અને ત્યાં વાસનાને ઉદીપ્ત કરત. જ્યારે અહીં પ્રભુના ભજનમાં ચિત્તને આનંદ આપી, ભાવદ્વારા એને ઉન્નત બનાવે છે.

ભક્તિની શક્તિ માણસના હૃદયને ભીનું અને કોમળ બનાવે છે. સૂરદાસનું દૃષ્ટાંત તો સૌ કોઇ જાણો જ છો ! તે કહે છે : 'આંખ વિનાના મને તો ધણી આંખોવાળા દોરી રહ્યો છે.' અંધના અકસ્માત ઓછા થાય છે, પણ દેખતા લપસી લપસીને પડી રહ્યા છે ! માનવીના જીવનમાં કેટલા અકસ્માત થાય છે? રસ્તા પર પડે તો તેને કોઇ ઊભોય કરે, પણ જીવનમાંથી પડે એને કોણ ઊભો કરે? આ માટે હૃદયની શ્રધ્ધાની આંખની જરૂર છે. આત્મવિશ્વાસ બહુ મોટી વાત છે. આત્મવિશ્વાસે તોફાની દરિયામાં વહાણ ચાલે છે. આત્મશ્રધ્ધા વિના ક્યાંય ચાલતું નથી.

મારી પાસે એક સુધારક ભાઇ આવ્યા. તે કહે : 'મહારાજશ્રી, અમે શ્રધ્ધામાં માનતા નથી. અમારે તો (Figers and facts) આંકડા અને દાખલા જોઇએ.' મેં તેમને કહ્યું : 'સંસારમાં મેં એકેય એવો માણસ જોયો નથી કે જે શ્રધ્ધા રાખ્યા વિના જીવી શકે. તમે બસમાં બેસો છો ત્યારે તમે ડ્રાઇવરને ઓળખો છો?' તો કહે : 'ના.' ત્યારે ડ્રાઇવર પર તમારી જિંદગીનો વિશ્વાસ તમારે મૂકવો પડે છે ને! તે ડ્રાઇવર પર વિશ્વાસ ન હોય તો તમે બસમાંયે ન બેસી શકો. તે જ રીતે વિશ્વાસ રાખી તમારા રૂપિયા બૅંકમાં મૂકો છો. વિશ્વાસ રાખી રસોઇયાની રસોઇ ખાઓ છો. વિશ્વાસ રાખ્યા વિના કયાંય ચાલી શકતું નથી. તમે વિમાનમાં જાઓ છો ત્યારે તમારી આખી જિંદગી વિમાનીને સોંપો છો; કારણકે વિશ્વાસ છે.

પ્રેમ હૃદયનાં બંધ દ્વાર પણ ખોલી દે છે. મૈત્રીના પ્રકાશને આધારે અંધકાર છતાં પ્રેમદીપકને આધારે જ અંધકારની પેલે પાર જવાય છે. સૂરદાસમાં શ્રધ્ધાનો એ દીવડો હતો. તે ભગવાનનું સ્મરણ, ચિંતન કરતો, ગીત ગાતો, ચાલ્યો જાય છે. એનું મન પ્રેમના પાનથી તૃપ્ત છે. વિષયોથી કોઇ તૃપ્ત થયો હોય તેવું નહિ મળે. અતૃપ્તિ એ સૂકી તરસ છે. એ જાગે ત્યાં ચિંતન-સ્મરણ ન મળે; તેના ચિત્તમાં ન મધુરતા કે સુંદરતા મળે. બધું જ લૂખું લૂખું-જાણે ધગધગતો તવો. જે મળે તેને એ બાળીને ભસ્મ કરે.

પ્રેમભકિત પથ્થરને પ્રતિમા બનાવી પૂજે છે. પ્રેમની આંખ વ્યકિતમાં સદગુણની સમષ્ટિ જોઇ શકે છે. પ્રેમ જ કામમાં રામ અને ભોગીમાં પણ યોગીનાં દર્શન કરી લે છે. એટલે પ્રેમભકિતને વિવેકની

પરમ આવશ્યકતા છે. વિવેકનો ભોમિયો ભૂલા પડેલાને સ્વ-ધામ પહોંચાડે.

સૂરદાસ ચાલ્યા જાય છે. માર્ગમાં ખાડો આવે છે. પણ એને પ્રેમભિકતનો હાથ સ્પર્શે છે. આ હાથનો સ્પર્શ નાજુક છે. આ હાથ પ્રેમનો છે. કદાચ તે સરકી જશે, તેમ ધારી સૂરદાસે તેને ખૂબ મજબૂત પકડી રાખ્યો. પ્રેમ અંતર્યામી છે. એ પકડાય? ખાડામાંથી પેલે પાર ઉતારી, એ હાથ સરકી જાય છે. પ્રેમ બંધન નહિ મુકિત છે સૂરદાસ ખાલી હાથ રહ્યા. હૃદય ભરાઈ આવ્યું.

ભકતોની દશા આવી જ હોય છે. ભકત રડતો હોય, તો તેને દુનિયા પાગલ કહે છે. પણ એવા પાગલો જ આ પરમતત્ત્વ પામે છે. રૂપિયાનાં કાગળિયાં તિજોરીમાં હોય છે; ભકિત અંતરમાં છે.

પ્રેમભકિત જેવું મધુર એકેય નથી.

હાથ છૂટતાં સૂરદાસ કહે છે : 'કયાં જાઉં? કયાં પોકાર કરું?' બધા પૂછે છે : 'શું ખોવાયું?, તે કહે છે : 'પરમતત્ત્વનો સ્પર્શ ગયો.' ત્યારે પૈસા ગણનાર કહે છે : 'ગયો તો ગયો. એમાં શું ખોયું? પૈસા કે પત્ની તો નથી ગયાં ને?' પૈસાના પૂજારીઓને પ્રેમનું આ ગીત સમજાય?

ભકતનું મન મૈત્રીથી મધુર છે. એને તો ગમે છે પરમતત્ત્વ. એમાં જ એ રમે છે. તેના સિવાય કોઇ વસ્તુમાં એનું મન લાગતું નથી.

એક સ્ત્રી હતી. તેનો પતિ બાર વર્ષે પરદેશથી આવે છે. તેનાં સાસુ-સસરા દીકરાને લેવા જાય છે, પણ બાઇને ઘેર રાખી જાય છે.

પણ તે બાઇ જલદીજલદી કામ પતાવી એક પગદંડીએ તે પતિને નિહાળવા દોડી જાય છે. રસ્તામાં બાદશાહ અકબર એક સુંદર ગાલીચા પર નમાજનો સમય થવાથી નમાજ પઢતો હોય છે. બાઇ તો તેની ધૂનમાં છે. તે મસ્તાની બની છે. તેને ખબર નથી કે બાદશાહ શું કરી રહ્યા છે? એ તો ધૂનમાં છે. ગાલીચા પર પગ મૂકીને ચાલી જાય છે. તેનાં ધૂળવાળાં પગલાં, ગાલીચા પર પડયાં, એટલે અકબરે નમાજ પઢતાં મગજ ગુમાવ્યું. તેણે ચોકીદારને હુકમ કર્યો કે તે પાછી ફરે ત્યારે પકડીને, મારી પાસે એને હાજર કરજો. પતિનાં દર્શન નજરમાં ભરી એ પાછી ફરે છે. એનું મન પ્રસન્ન છે. હુકમ પ્રમાણે માણસોએ કહ્યું: 'બાઇ, તને બાદશાહ અકબર બોલાવે છે.' તે બાદશાહની સન્મુખ આવી ઊભી રહી. બાદશાહે પૂછ્યું : 'આ ગાલીચા પર પગ મૂકી જનાર તું હતી?' તેણે કહ્યું : 'જહાંપનાહ ! મને ખબર નથી. કદાચ હું પણ હોઇશ. હું પ્રેમદીવાની છું. તે સમયે મેં આપને ન જોયા. મારા મનનો કબજો ત્યારે મારા દિલના બાદશાહે લઇ લીધો હતો. મારા સમગ્ર ચૈતન્યનું અસ્તિત્વ મારા પ્રિયતમ એવા મારા પતિમાં હતું. મને માફ કરો. પણ હું આપને એક વાત પૂછું કે તે સમયે આપ શું કરતા હતા?' બાદશાહ કહે : 'નમાજ પઢતો હતો.' 'નમાજ કોની? ભગવાનની? અલ્લાહની? અને તેમ છતાં તમે મને જોઇ? અરે, એક માટીના માનવીમાં મસ્તાની બનેલી હું, આપના જેવા બાદશાહને પણ ન જોઇ શકી, અને તમેં ભગવાનમાં મગ્ન હોવા છતાં, મારા જેવી એક સામાન્ય સ્ત્રીને જોઇ! તેમ છતાં આપ ત્યારે નમાજ પઢતા હતા?' આ સાંભળી શાણા અકબર વિચારમાં ઊતરી ગયા : 'ખરે જ, મારું અંતર હજી ભક્તિથી ધોવાયું નથી.' સાબુ-પાણી ચોખ્ખાં હોય તો જેમ

કપડામાં મેલ રહે નહિ, તેમ ભક્તિભીનું અંતર વિષયોવાળું હોય નહિ.

ભક્તિની આરાધના આજે બહુ ઓછી દેખાય છે. સાચી ભક્તિ હોય તો પ્રસાદ વેચાય નહિ પણ વહેંચાય !

ભક્તિ તો હૃદયને ધોઇ, મનને શુધ્ધ કરવા માટે છે. આવી ભક્તિ આવે તો જ્ઞાન, ભક્તિ અને કર્મનો મેળ મળે. તો જીવન જ આ ત્રિવેણીના સંગમથી પ્રયાગ બની જાય છે.

અકબર બાદશાહે બાઇને ઇનામ આપતાં કહ્યું : 'બાઇ, તારામાં જેવી પતિભક્તિ છે તેવી મારામાં પ્રભુભક્તિ જાગો !'

સૂરદાસ રડી રહ્યા છે. હાથમાં આવેલું ગયું, પણ રડતાંરડતાં એને એક વિચાર આવ્યો: ગયું; પણ કયાં ગયું? હાથ મરડીને ગયું? સૂરદાસ પ્રેમથી કહે છે :

'હાથ મરોડ કે જાત હો, દુર્બલ જાને મોય;
અંતર મેં સે જો ખસો, તો મર્દ બકું મેં તોય.'

ભગવાન ! તમે બળવંત છો; હું મનથી નબળો છું. આપ પર્વતને અંગૂઠાથી ડોલાવી શકો છો. પણ તમે મારા અંતરમાંથી ખસો તો હું તમને મર્દ કહું ! તમારી તેજોમય મૂર્તિ તો મારા હૈયામાં છે. અંતરના અણુએ અણુમાં છે.

અંતર પોતાના હાથમાં છે, તો ભક્તિ અંતરને ભીનુંભીનું કરે છે. ભીના હૃદયમાં ભગવાનના ભાવો ઊભરાય છે. એવા હૃદયમાં શુષ્કતા

કે કઠોરતા આવતી નથી. ભગવાનને યાદ કરીને એ ભાવથી રડી પડે છે.

ભક્તને અયોગ્ય કાર્ય કરતાં આંચકો લાગે છે. ખરાબ કાર્ય થઇ જતાં, ભગવાન મારી પાસેથી ખસી જાય છે, એવો એને અનુભવ થાય છે. દુનિયામાં કોઇ ન જાણે, પણ અંતર્યામી તો બધું જ જાણે છે. દુનિયાનો સુપ્રિમ જજ તમારો જ આત્મા છે, અને તે ભક્તહૃદયના સિંહાસન પર બેઠો છે.

ભક્તનું હૃદય નીતિમય હોય છે. એક બાજુ કર્મ અને બીજી બાજુ જ્ઞાન હોય છે. જ્ઞાનથી પ્રકાશ અને કર્મથી ગતિ મળે છે. ભક્તિ વચમાં શોભે છે, ને અવલોકન કરે છે, એટલે ભક્તિને વચમાં રાખી છે. આમ, જ્ઞાન અને કર્મ સાથે ભક્તિ તો હોવી જ જોઇએ.

એક સામાજિક કાર્યકર ભાઇ હતા. કામ બહુ કરે, પણ કડવી બદામ ખાધી હોય તેવું તેમનું મોં હોય. એક વખત એ પસાર થતા હતા. રસ્તામાં એક વણઝારણ બાઇ, ઘંટીએ દળતાં ભજન ગાઇ રહી હતી. પેલા ભાઇ ઊભા રહ્યા. મધુર ગુંજન પૂરું થતાં એણે પૂછયું : 'બહેન, તમને એક વાત પુછું ? તમે કામ કરતાં ગાઓ છો શું કરવા? દળતાં ગાવું અને ગાતાં દળવું આ બે કામથી થાક ન લાગે? મૂંગાં મૂંગાં દળો તો થાક ઓછો લાગે ને!'

વણઝારણે કહ્યું : 'ભાઇ ! ગીત વગરનું કાર્ય એ તો વૈતરું કહેવાય. શ્રમમાં સંગીત હોય તો એ કાર્યમાં ભાવ આવે. સંગીતમાં શ્રમ હોય તો મન ઉજ્જવળ થાય. ગીત વગરના શ્રમનો રોટલો તો

કૂતરાને નાખીએ તો એ પણ ખાઇને ભસવા લાગે, બટકાં ભરે. ગીત વિનાનું કામ એ તે કંઇ કામ છે?' આ સાંભળતાં પેલા ભાઇને તત્ત્વ સમજાઇ ગયું.

આજે માનવ બચકાં ભરતો ને ભસતો સંભળાય છે, કારણકે એની પ્રવૃત્તિ પાછળ કોઇ સંગીત નથી. એ માત્ર સત્તા અને શ્રીમંતાઇની પાછળ જ દોડી રહ્યો છે.

જ્ઞાન અને કર્મ સાથે ભક્તિનું માધુર્ય આવી જાય તો જ એમાંથી કાર્યનો સંવાદ પ્રગટે છે. જીવન કોઇ વૈતરું નથી, સંવાદ છે. સાચો ધર્મ સંવાદમાં છે. જેમ તંબૂરાનો તાર સંવાદમાં હોય તો જ સંગીત પ્રગટે છે તેમ જીવનના તાર પણ સંવાદમાં હોય તો શાંતિ મળે.

બુધ્ધને એક ભક્તે પુછ્યું : 'ભન્તે! જીવન કેવું હોવું જોઇએ?' એમણે કહ્યું : 'સારંગીના તાર જેવું. શિથિલ પણ નહિ, કઠણ પણ નહિ.'

તાર શિથિલ હોય તો સંગીત નીકળે? ના. તેમ તાર કઠણ હોય તો સૂર આકરા નીકળે. તાર મધ્યમ જોઇએ. તેમ જીવન પણ ન ભોગમાં હોય, ન નીરસતામાં હોય. એ ભક્તિમાં સહજ પ્રસન્ન હોય.

ભગવાન મહાવીરે કહ્યું છે : 'જીવન આંબા જેવું હોવું જોઇએ. આંબો મીઠો મધુર છે. મધુરતા આપી ચાલ્યો જાય છે. માણસે જીવનની કટુતા સમતામાં ઓગાળી મધુરતા સર્જવાની છે; ચંડકૌશિકના ઝેરને પચાવી દૂધની ધારા વહાવવાની છે.

અહીં આવવા માટે પ્રારંભમાં તમે મારો આભાર માન્યો. પણ એ તો મારો આનન્દ છે. મેઘ જેમ ધરતીના પ્રત્યેક ખૂણે વરસે છે, તેમ સાધુએ પણ સ્થળેસ્થળે જઇ ધર્મવર્ષા કરવાની છે. મેઘ વિના બોલાવે આવે છે, કોઇ પણ જાતના ભેદભાવ વિના મેઘજળ વરસે છે, સૂર્ય પ્રકાશ આપે છે, અને વાયુ હવા આપે છે, તેમ ધર્મ પણ સૌને ભેદભાવ વિના શાંતિ અને સત્ય આપે છે. જ્ઞાનીઓનાં વચન દુનિયાના કલ્યાણ માટે જ છે. વિના મૂલ્યે જ જ્ઞાનની ધારા વહાવવાની છે. બીજા દેશોમાં જ્ઞાન વેચાય છે. ડેલ કાર્નેગી તો વ્યાખ્યાનની ટિકિટ રાખતો, અને એમાં લાખો કમાતો. પણ આ દેશમા જ્ઞાન અમૂલ્ય છે. સૂર્યના પ્રકાશનું બિલ મહિનો થાય અને આવે તો શું થાય? ગરીબો તો મરી જ જાયને? પણ અમૂલ્ય વસ્તુઓ વિના મૂલ્યે જ મળે છે. અંતરને ધોઇ ઉજજવળ કરનાર ભક્તિ, એ પણ અમૂલ્ય વસ્તુ છે. તે અહીં વિના મૂલ્યે મળે છે. આ ભક્તિરૂપી ન્યાયાધીશ જીવનમાં બધાં જ કાર્યોને ન્યાય આપે છે. આ અમૂલ્ય ભક્તિનાં નીરથી આપણાં અંતર ધોઇ, ચિત્તને કુંદન જેવું ઉજજવળ કરીએ તો આજનો પ્રસંગ અને દિવસ ધન્ય થાય.

□

# યોગપ્રાપ્તિ માટે

યોગ એટલે ત્રણે બળોનું જોડાણ –મનોબળ, વચનબળ અને કાયબળનો પૂર્ણ સંવાદ. આ ત્રણેના મિલનથી જન્મતી શક્તિ એ યોગ છે. અગ્નિ જેમ કચરાને બાળી નાખે છે એમ, અંતરમાં રહેલા કર્મના કચરાને યોગ બાળી નાખે છે. મનમાં સંગ્રહાયેલા કષાયોના ગંજને એ રાખ કરી નાખે છે. યોગની તાકાત દુર્વાસનાને બાળીને ભસ્મ કરવાની છે. બાળવામાં પણ ચોક્કસ વસ્તુને બાળે છે–જે રીતે તેજાબ સોનાની અંદર રહેલા કચરાને બાળે છે, સોનાને નથી બાળતો, સોનાને તો એ વિશુધ્ધ બનાવે છે, તે રીતે યોગ કચરાને–કષાયોને બાળે છે અને આત્માને તેજોમય બનાવે છે.

ભગવાનનાં દર્શનનો આનંદયોગ–આ શબ્દો બરાબર સમજો. દર્શન થાય તો આનંદ થાય; પણ દર્શન પામવા મન, વચન અને કાયાના સમાધિમય યોગની આવશ્યકતા છે.

શ્રી આનંદઘનજી મહારાજે કહ્યું છે કે દર્શનના અમૃતનો પ્યાલો મળે તો જન્મમરણની તૃષા શાન્ત થઇ જાય, શાંતિ થઇ જાય, આનંદ–આનંદ છવાઇ જાય. દર્શનરૂપી અમૃતપ્યાલો મળતાં જીવનની તરસ છીપી જાય–સંતોષ થઇ જાય. આ તરસ કઇ ? અંગ્રેજીમાં કહે છે એવી Dry thirst નથી કે જેમાં પીઓ પીઓ તોપણ અશાંતિ ને અસંતોષ રહ્યા કરે. જાણે પીધું જ નથી એવું લાગ્યા કરે. પણ આ દર્શન –અમૃત પીઓ ને ટાઢક વળી જાય, સંતૃપ્તિ થઇ જાય. પછી બીજું કંઇ જ પીવાની જરૂર ન રહે. આ દર્શનનો અમૃતપ્યાલો આનંદ આનંદ છલકાવી જાય.

તૃષા લાગી છે. શેની? અમૃતપાનની. પણ છતાં તું તો અમૃતપાન મૂકીને ઝેરનું પાન કર્યા કરે છે. ખૂબી તો એ છે કે મોહના અજ્ઞાનથી એ ઝેરના પાનમાં સુખ માને છે. અમરતા તો આત્મદર્શનના અમૃતપાનથી જ મળશે ? દર્શન–દર્શન કરતો બહારના જગતમાં ફરતો માણસ જ્ઞાનીઓને રણમાં ઝાંઝવાનાં જળ માટે દોડતા–રખડતા રોઝ જેવો લાગે છે. રોઝ પાણીપાણી કરતાં રણમાં ઘૂમતાં મરે છે.

આ દર્શનરૂપી અમૃત ક્યારે મળે? ચિત્તના ઊંડાણમાં ઊતરે ત્યારે. સરોવરના જળના તરંગો શાંત થઇ જાય છે ત્યારે જ તળિયે પડેલી વસ્તુનું સ્પષ્ટ દર્શન થાય છે. એમ જ ચિત્તના તરંગો શાંત પડે,

ઓછા થઇ જાય ત્યારે દર્શન થાય અને તો જ આંતરદશા સુધરે. અને આંતરદશા સુધરતાં યોગ લાધે.

યોગ એટલે સંયોગ-જોડાણ. એને માટે ચિત્તની વૃત્તિઓના નિરોધની આવશ્યકતા છે. ચોક્કસ વસ્તુઓમાંથી મુક્તિ મેળવવાની રહે છે. કઇ વસ્તુઓમાંથી? તો કહે છે કે-

**ખાના, પીના, સોવના, મિલના, વચનવિલાસ-**
**જ્યોં જ્યોં પાંચ ઘટાઈએ ત્યોં ત્યોં ધ્યાનપ્રકાશ.**

ઉપરની પાંચે ચીજો ઓછી થાય છે.

પહેલું છે 'ખાના.' ખાવાની લપ કેટલી બધી કરી મૂકી છે! આગલે દિવસે સાંજે મનભાવતાં ભોજન પેટ ભરીને-અરે, ભાવતાં ભોજન હોય તો ભૂખ કરતાંય વધુ જમીને કરેલાં- હોય છે. તોપણ સવાર પડતાં જ પૂછે : 'ચાની સાથે શું બનાવ્યું છે? ખાખરા છે? કંઇ ગરમ ગરમ ફરસાણ બનાવો ને ! ચટણી-અથાણાં તો આપો ! બિસ્કીટ કે સૅન્ડવિચ હશે તો ચાલશે!' આ છે સવારના પહોરમાં જ ખાવાની ધમાધમ. સવારની ખાવાની ધમાલ પૂરી થાય ને બાર વાગે ત્યાં ફરી ભોજનની ધમાલ. અનેક વાનગીઓ જોઇએ. એમાં કોઇ વાનગી ન બની હોય તો મગજ ગુમાવી બેસે, ક્રોધ કરે, દ્વેષ પણ કરે. કોઇ મિત્રને ત્યાં જમવા ગયો હોય ને અનુકૂળ પદાર્થ ન મળે તો કહે : 'ફલાણાને ઘેર જમવા ગયો હતો પણ જમવામાં કંઇ માલ જ મળે નહિ. મિષ્ટાન્ન હતું, પણ ફરસાણમાં કંઇ જ નહિ.' આમ પેટ ભરીને જમીને આવે, ભાવ્યું પણ હોય, છતાંય દોષ કાઢે. ભોજનમાંથી કેટલા રાગદ્વેષ જાગે?

બારેક વાગ્યે જમ્યા હોય, પછી આરામ કરે. ઊઠે ત્યાં ચા-દૂધ-કૉફી-કોકો કે એવું જ કંઇક જોઇએ. એ પતી જાય ને પાંચેક વાગ્યે ફરી નાસ્તા માટે કંઇક જોઇએ. અને સાંજે અગર રાત્રે ફરી અનેક વાનગીઓથી ભરપૂર Full dinner જોઇએ. કેટલું ખાય ! ભૂખ હોય એટલું જ નહિ -અરે, પચે નહિ તોય પરાણે ખાય, કારણકે સ્વાદિષ્ટ છે ને! ભાવે છે ને! એટલે ખાય. જાણે ખાવા માટે જ ન જીવતો હોય! આવી ટેવ છે ખાવાની. આ ટ્રેવ ઓછી કરવાની કરવાની જરૂર છે. આમાં ઘણો સમય જતો રહે છે. **Eat to live, not live to eat.**

પછી આવે છે 'પીના'. આમાં પણ એવું જ. ચા-કૉફી-કોકો-શરબત-સોડા-લેમન અને બધાથી ચડે એવો દારૂ. જાતજાતનું ને ભાતભાતનું પીવાનું. એની પસંદગી, એનો પુરવઠો, એનો સ્વાદ, એનો ઉપયોગ. આમાં પણ સારો એવો સમય વ્યંર્થ વીતી જાય છે.

ત્યાર પછી આવે છે 'સોવના.' માણસની જિંદગીનો ઘણો સમય આ ઊંઘ લઇ લે છે. ઊંઘ આળસને લાવે છે, અને આળસ મનુષ્યને ઉધઇની જેમ કોતરી ખાય છે. વધુ ઊંઘ પ્રમાદને લાવે છે, અને પ્રમાદ અને આળસ જ્યાં હોય ત્યાં કોઇ શુભ કામ થાય નહિ. આળસુ માણસ એટલે કાંટા વિનાની ઘડિયાળ. ચાલે પણ સમય ન આપે. સામાન્ય રીતે તંદુરસ્ત માણસ માટે છ કલાકની ઊંઘ પૂરતી ગણાય. વધુમાં વધુ સાત કલાકની. આથી વધુ ઊંઘ મનુષ્યના ઉત્કર્ષ માટે અવરોધરૂપ છે.

હવે આવે છે 'મિલના'–

વ્યર્થ મળવાની ટેવ. કોઇ પણ હેતુ વગર વાતો કરવાથી મન શિથિલ થાય છે. એક ભાઇ બીજા ભાઇને મળે ત્યારે પૂછે કે 'કાં, શા સમાચાર? સાંભળ્યું, મગનભાઇએ દિવાળું કાઢ્યું'. કાં તો, 'પેલાને નોકરીમાંથી રુખસદ મળી કે ફલાણો ચૂંટણીમાં ઊડી ગયો.' ત્યારે બીજો પણ એમ જ પૂછે : 'કાં, છેલ્લા સમાચાર (latest news) શા છે?' આમ, જેની સાથે તને અંગત સંબંધ નથી એવું કોઇ ભાગી ગયું કે કોઇએ દિવાળું કાઢ્યું એ સાંભળીનેય તને શો ફાયદો !

પણ આ તો ટેવ પડી. આવું બધું સાંભળ્યા અને સંભળાવ્યા વગર ચેન જ ન પડે ને! પારકી વાતોમાં ઊંડા ઊતરી જાય. ઘણાને લપ કરવાની ટેવ હોય છે. 'કાં, હાલ શું કામ કરો છો? કેટલો પગાર મળે છે? સામાને ગમે કે ન ગમે તોય પોતાની પીંજણ ચાલુ રાખે ને વ્યર્થ સમય ગુમાવે. આ પીંજણ કરતી વખતે સામાને મદદ કરવાની ભાવના ન હોય, શક્તિ પણ ન હોય અને છતાં જેને કહેવાય છે ને કે 'ઝીણું કાંતે' એમ નાનીનાની બાબતોમાં પણ રસ લીધા કરે. આખા ગામની ફિકર કર્યા કરે. 'કાજીજી, ક્યોં દુબલે? તો કહે, કે સારે ગાંવ કી ફિકર' એ કહેવત મુજબ પોતાનું ભલું કરવું બાજુએ મૂકી, ગામની કૂથલી કર્યા કરે. મગજ આવી જ વાતોથી અને ખોટી ચિંતાઓથી ભરેલું રાખે. પછી આ મગજમાં સારી વાતો આવે કયાંથી? ખાલી જગ્યામાં બધે કચરો ભરી રાખે, પછી સારી વસ્તુ રાખે કયાં ! કબાટમાં રદી કાગળ–પસ્તી ભરી મૂકો ને પછી કહો કે કપડાં માટે જગા નથી, કયાં મૂકું! જગા નથી, પણ ભલા માણસ, પહેલાં પેલી પસ્તી કાઢી નાખ

ને! પસ્તી ગઇ કે સારી ચીજવસ્તુ મૂકવા સારુ આપમેળે જગા થશે. કપડાં સચવાશે ને તું સુખી થઇશ. એમ મગજમાંથી પણ ગામની ઉપાધિરૂપી પસ્તી કાઢી નાખ, ને મન સાફ-ચોખ્ખું -નિર્મળ રાખ, તો આત્મકલ્યાણની વાત કંઇક ગળે ઊતરશે.

વગર ફોગટનું હળવુંમળવું બંધ કરી થોડું એકાંત સેવતા થાઓ. એકાંતમાં આત્માનું સ્મરણ કરો. ચિંતન કરો. સારાં પુસ્તક વાંચો. ભૂતકાળનાં સુખદ સ્મરણો, જીવનયાત્રા, સારી ઘડીઓ, સેવાદાનના પ્રસંગો ઇત્યાદિ યાદ કરો. એ પ્રસંગો સાથે વાત કરો, એમાં રમો, મસ્ત બની જાઓ. તો તમને જરૂર આનંદ આવશે, સુખ મળશે. મન પ્રસન્ન બનશે.

હા, યાદ કરો ત્યારે ભૂતકાળની સારી જ વાતો યાદ કરજો. કટુ પ્રસંગ યાદ ન કરતા. એ બધા ભૂંસતા જવું, નહિતર સુખને બદલે દુઃખ મળે. મનને ઉદ્વેગ થાય ને ચિત્તતંત્ર અસ્વસ્થ થઇ જાય.

ઘણાને એવી કુટેવ હોય કે સારા પ્રસંગે જ ખરાબ વાત યાદ કરે. ઘેર લગ્નનો પ્રસંગ હોય, ભાવતાં ભોજન તૈયાર થતાં હોય, જાન આવવાની હોય, ઘરનાં બધાં સુંદર વસ્ત્ર-આભૂષણો પહેરી હરતાંફરતાં હોય, મંગળ ગીતો ગવાતાં હોય ત્યારે જ ઘરની અમુક વ્યક્તિ, કોઇ મરી ગયું હોય તેને યાદ કરી રોવા બેસે, આંસુ પાડે, ઓછું આણે ને રંગમાં ભંગ પાડે. કાં તો ભૂતકાળમાં કોઇએ વહેવારમાં ઓછુંવધુ કર્યું હોય તે યાદ કરી એની સાથે લડે, બે ચાર સંભળાવે, વાતાવરણ કલુષિત કરે અને કટુતાભર્યું વાતાવરણ સર્જે. ભૂતકાળની સારી વાતો યાદ

કરવાથી મન શાંત થાય છે. એથી આપણને આનંદ આવે છે. આપણું હૃદય પણ ઉદાર બને. કોઈની ભૂલોને આપણે ક્ષમા આપતાં શીખીએ. એણે ભૂલ કરી તો એના અજ્ઞાનના કારણે, આપણે તો ક્ષમા જ આપીએ. ઉત્સવ એટલા માટે છે કે માણસ ભૂતકાળની કટુતાને ભૂંસી આજને આનંદથી માણે, પણ એ ક્યારે બને? નકામી વાતોમાં સમય ન વેડફીએ અને એકાંતમાં શાંત ચિત્તે સુંદર વિચારો કરીએ ત્યારે.

છેલ્લે આવે છે 'વચનવિલાસ'–

અર્થહીન અને સત્વહીન વાતોમાં સમય ન ગુમાવે. જેનો કોઈ અર્થ નહિ, જેનો કોઈ ઉપયોગ નહિ, જેનું કાંઈ સારું ફળ નહિ એવું બોલબોલ કરવાથી વચનબળ નિર્બળ બને. આ પ્રકારના વાણીવિલાસથી બૂરું જ થાય, વચનનું જોર ઘણું છે. કસમયે અને કસ્થળે બોલાયેલું વચન વિનાશ નોતરે છે. બહુ બોલવામાં ક્યાંક એવું 'બફાઈ' જાય કે જેનું પરિણામ નરસું આવે. ઘરમાં ઝઘડા થઈ જાય, ગામમાં કજિયા થાય અને વિશાળ જગતમાં બોલવામાંથી જ વિશ્વયુધ્ધ સુધી વાત વધે. વાણીનો સંયમ એ શક્તિનો સંયમ છે. વાણી કરતાં મૌનનું બળ વધારે છે.

આ પાંચે ચીજ ઓછી કરો એટલે અંદરના ધ્યાનનો પ્રકાશ લાધે. સમય મળે ત્યારે એકાંતે ધ્યાન ધરો. મૌન કેળવો. વસ્તુને સહજ ભાવે જોતાં શીખો. એને વળગી ન રહો. એને છોડતાં શીખો તો દુ:ખ, દ્વેષ કે ક્રોધ ન થાય. આત્મા નિજાનંદમાં મસ્ત રહે. એ બહારના કષાયોનાં વાવાઝોડાંથી ચલિત ન થાય. અને ચલિત ન થાય તો જ નિજાનંદમાં મસ્ત થઈ શકે અને આનંદયોગનો યોગ થાય.

યોગની બીજી વ્યાખ્યા છે વીતરાગના દર્શનનાં આનંદનો યોગ.

દર્શનથી આનંદ થવો જોઇએ. ગમતી વસ્તુનાં દર્શનથી આનંદ થાય, દીકરો પરદેશ ગયો હોય, ભણીગણીને લાંબે ગાળે આવતો હોય, એને જોતાં માને કેટલો ઉમંગ હોય ! એનું દર્શન માતાને કેટલો આનંદ આપે! એ આનંદને વર્ણવવા માટે શબ્દોની જરૂર ન હોય. એ સુખ સારાય દેહ પર દેખાય. આનંદનો ઓઘ ઊછળતો હોય! યોગીને પણ એમ જ વીતરાગનાં દર્શનથી રોમાંચ ખડાં જઇ જાય. એના મુખ પર અને સમગ્ર દેહમાં આનંદઆનંદ છવાઇ જાય. એ વખતે બીજું બધું ભૂલી જવાય. વસ્તુ સાથેના રસાનુભવથી દેહવિસ્મરણ થઇ જાય. પ્રભુદર્શનાર્થે જાઓ ત્યારે બધું ભૂલીને એમાં જ લીન થવાનો આનંદ માણો. સર્વ કંઇ ભૂલી જાઓ. તમે અને પ્રભુ બસ એકાકાર થઇ જાઓ.

મંદોદરી મહાદેવી પ્રભુ પાસે નૃત્ય કરતાં બધું જ ભૂલી જતી. આ છે એકતાનતા, લીન થઇ જવાની તન્મયતા. મન મત્ત ને મસ્ત થઇ જાય, સ્થળ, દેશ અને કાળ ભૂલી જાય. દર્શનના આનંદથી યોગમાં ચિત્ત વિલીન થઇ જાય. મૈત્રીની એકાગ્રતામાં, વિશ્વરૂપ થઇ જવાય. આ પ્રકારનો યોગ થાય તે જ કેવળજ્ઞાનનો પાયો છે.

મરુદેવી માતાને આ યોગ થયો. એમને બીજાં સાધનોની જરૂર ન પડી. સાધનોના ઉપયોગથી જે વસ્તુ સિધ્ધ કરવાની હતી તે થઇ ગઇ. પછી સાધનો છૂટાં પડયાં. કવિએ કહ્યું છે :

**લિખી લિખાવન કુછ નહિ, નહિ પઢનેકી બાત,**
**દુલ્હા-દુલ્હન મિલ ગયે, ફીકી પડી બરાત.**

લગ્ન માટે જાન નીકળી હોય, ખાવાપીવાનું હોય, રંગરાગ હોય, આનંદગીત ગવાતાં હોય, એકબીજાને હોંશેહોંશે કોળિયા દેવાતા હોય, પણ એ બધું ક્યાં સુધી ! ફક્ત હસ્તમેળાપ સુધી? હસ્તમેળાપ થઇ ગયો, જાનને શીખ અપાઇ ચૂકી એટલે તમે તમારે ઘેર અને એ એમને ઘેર. સાધ્ય સધાઇ ચૂક્યું. સાધનોની જરૂર ન રહી. વીતરાગ દર્શનના આનંદનો યોગ મરુદેવી માતાને થઇ ગયો. સાધનોનો હવે ખપ શો ?

લાકડાં બે જાતનાં હોય–ઓકનું અને બાવળનું. ઓકને રંધો મારવાની એટલી જરૂર ન પડે. સહેજસાજ ઠીક કર્યું કે સુંવાળું થઇ જાય, બાવળને તો રંધો મારીમારીને થાકી જવાય. ગાંઠગડબા કાઢી નાખો તોય સુંવાળપ ન આવે, કારણકે એનું ઘડતર એવું છે. ઓકનું ઘડતર જુદા પ્રકારનું છે. તેમના વાત્સલ્યભર્યા કોમળ ચિત્તની કેળવણી જ એવી હતી કે એમને વાર ન લાગી.

શિષ્ય પૂછે છે : 'પણ આ તો તમે મરુદેવી જેવા યોગ્ય આત્માની વાત કરી. એવો કોઇ દાખલો છે કે જેણે ખૂબ પાપ કર્યાં હોય, કષાયોથી ભરપૂર હોય છતાં યોગબળના પરિણામે કેવળજ્ઞાન પ્રાપ્ત કર્યું હોય. અધોગતિનો અધિકારી હોય તેને પણ યોગબળે આ વસ્તુ (કેવળજ્ઞાન) પ્રાપ્ત થાય ખરી કે?'

'હા, એવો પણ દાખલો છે. દૃઢપ્રહારીમાં આવી બધી વસ્તુ હતી. તેણે બ્રહ્મહત્યા, સ્ત્રીહત્યા, ગૌહત્યા તથા બાળહત્યા એમ ચાર હત્યા એક સાથે કરેલી. લોકોને આ ચારે પ્રત્યે દયા–માયા અને લાગણી હોય છે. એવા આ ચારે જણને મારીને નર્કનો અધિકારી બનેલો એ દૃઢપ્રહારી એક બ્રાહ્મણનો પુત્ર હતો. નાનપણથી જ તોફાની અને

ઉપદ્રવી. માતાપિતાએ ત્રાસી જઇને તેને કાઢી મૂક્યો. જબરો તાકાતવાળો, ઊંચો, મજબૂત એવો દૃઢપ્રહારી જંગલમાં ચાલ્યો જાય છે. ત્યાં ચોરોના સરદાર એવા એક પલ્લીપતિએ એને જોયો. એને પૂછ્યું : 'તું ક્યાં જાય છે? તારે શું જોઇએ છે!' દૃઢપ્રહારીએ કહ્યું: 'મારે કોઇ મુકામ નક્કી નથી, માત્ર આધાર શોધું છું. આધાર મળશે ત્યાં રહી જઇશ.' પલ્લીપતિએ એના દેહનો બાંધો, શરીરની મજબૂતી અને ખમીર જોઇ એને પોતાની સાથે રાખી લીધો. એને તો એના ધંધામાં એવા જ ક્રૂર અને મજબૂત માણસની જરૂર હતી. લૂંટફાટ–ચોરી–મારામારી એ જ જેનો ધંધો. એને તો આવો માણસ ખૂબ ખપમાં આવે. જેને જેવો જોઇતો હતો તેવો મળી ગયો. સૌને પોતાને અનકૂળ મળી જાય છે. અફીણીને ચોરા પર અફીણીઓ મળી રહે, ભક્તો પોતાના જેવાને મંદિરમાં શોધી લે, જ્ઞાનીઓ જ્ઞાનદરબારે અને દારૂડિયા પીઠામાં પોતાના સંગાથી શોધી લે. સૌ એકબીજાને અનુકૂળ વાતો કરે. અનુકૂળતા ઊભી થઇ જાય. ન થાય તો વાતો દલીલો કરી, અનુકૂળતા ઊભી કરે.

એક ભાઇ મને મળવા આવેલા એમના મોઢામાંથી બીડીની ઉગ્ર વાસ આવતી હતી. મેં કહ્યું : 'ભાઇ, તમે નીચે જઇને મોઢું સાફ કરી આવો.' તો કહે છે : 'મેં સિગારેટ પીધી છે. એ કાંઇ ખરાબ વાસ નથી. એના ધુમાડાથી તો જંતુનો નાશ થાય છે !' વ્યસનીની આવી નિર્માલ્ય દલીલો હોય છે.

યોગ એટલે મન–વચન–કાયા અને વૃત્તિઓનું ચેતા સાથે જોડાણ. પતન કે ઉત્થાનનો આધાર એ જોડાણ ક્યાં થાય છે તેના

પર છે. વિકાર અને વ્યસનો સાથે થાય તો યોગ પતન પણ બની શકે, અને આત્માના ઉજજવળ સ્વભાવ સાથે જોડાણ થાય તો એ ઉત્થાનનું સોપાન બની જાય છે.

વ્યસનીની પામરતા અને નિર્બળતા એ છે કે એ જેમાં ફસાયેલો હોય તેમાંથી બહાર નીકળવાને બદલે બીજાને વ્યસનની અસ્મિતા કુતર્કથી સમજાવવામાં પોતાની શકિત ખર્ચી નાખે છે.

બુધ્ધિના આવા કુતર્કમાં માર્ગ ભૂલેલા ચિત્તને યોગના યમ, નિયમ, આસન, પ્રાણાયામ, પ્રત્યાહાર, ધારણા અને ધ્યાન દ્વારા નિર્મળ અને શાન્ત કરી સમાધિનો આનંદ માણવો એ જીવનનું ધ્યેય છે.

આ ઊંચાઇએ આત્મામાં જ પરમાત્માનું દર્શન થાય. જીવ જ શુધ્ધ થતાં શિવ થાય છે. ખુદમાં શ્રધ્ધા જાગતાં એ જ ખુદા છે. કંકર જ જળમાં ધોવાઇને ગોળ થતાં શંકર છે. અહં જ ગર્વ ગળતાં સોહં થાય છે.

□

# સિધ્ધાંતો ભૂલીને માત્ર પૂજા જ કરતા રહીશું ?

આપણે એ જાણવું જોઇએ કે ભગવાન મહાવીર કોણ હતા, એમનો જન્મ કયા સંજોગોમાં થયો હતો, અને પ્રાણી માત્રને તેથી શો લાભ થયો?

કોઇ પણ માણસ મહત્તાવાળો નથી હોતો તો તેના દીકરાઓ પણ તેને યાદ કરતા નથી; તો જગત તો યાદ કરે જ કેમ?

રાજાઓ સત્તા અને લડાઇમાં પડ્યા હતા, વૈશ્યો શોષણ અને

ભોગમાં પડ્યા હતા, બ્રાહ્મણો જાતિવાદ અને યજ્ઞમાં પડ્યા હતા અને શૂદ્રો ફૂટબૉલની જેમ ઠોકરે ચડી રહ્યા હતા. માનવજાત દુ:ખી હતી, તેને કોઇ આશ્વાસનની, સહૃદયતાથી તેમનો હાથ પકડે તેવા માનવીની જરૂર હતી. તેવા સમયે, અંધારામાં જેમ સૂર્ય પ્રકાશે તેમ ભગવાન મહાવીરનો જન્મ એક રાજકુળમાં થયો. આવા રાજકુળમાં જન્મવા છતાં, ગરીબોનાં અને વ્યથિત આત્માઓનાં દુ:ખદર્દો તેમનાથી અજાણ્યાં ન હતાં.

૩૦ વર્ષની ભરયુવાન વયે ભગવાન મહાવીરે સંસારનો ત્યાગ કર્યો. સિધ્ધિ માટે સાધના અને સંશોધન જરૂરી છે. ભગવાન મહાવીરે સાડાબાર વર્ષ સુધી એકાગ્ર બનીને એવી સાધના કરી કે જેમાં ખાવાપીવાનું, પહેરવા–ઓઢવાનું ભુલાઇ ગયું હતું. સંપૂર્ણ મૌનવાળી એ ઉગ્ર સાધના હતી.

એ સાધના અને આત્મસંશોધનમાંથી ભગવાન મહાવીરને કેવળજ્ઞાન પ્રાપ્ત થયું. તે સમયે બ્રાહ્મણો કહેતા કે અમે શ્રેષ્ઠ છીએ અને બીજાં બધાં અમારા અંગઉપાંગ છે; ત્યારે ભગવાને જણાવ્યું કે તમારામાં જે આત્મા છે તેવો જ આત્મા એક શૂદ્રમાં છે, કીડી–મકોડીમાં છે, સર્વ જીવમાં છે. તમને જેમ સુખ પ્રિય અને દુ:ખ અપ્રિય છે, તેમ તેમને પણ સુખ પ્રિય અને દુ:ખ અપ્રિય છે. કીડીને પણ તડકો ગમતો નથી. નાનામાં નાનું જંતુ પણ જીવવા ચાહે છે. ભગવાન મહાવીરનો આ પહેલો વિચાર હતો.

તમે બીજાને સુખ આપશો તો તે ફરીને અંતે તમારી પાસે જ આવશે, અને તમે બીજાને દુ:ખ આપશો તો તે પણ ફરીને અંતે તમારી પાસે જ આવશે. દુનિયા ગોળ છે. સુખ યા દુ:ખરૂપી તમે છોડેલું બાણ, અંતે દુનિયાનું ગોળ ચકકર લગાવીને છેવટે તમારી તરફ જ પાછું ફરશે એ ભૂલવું ન ઘટે. કાનમાં ખીલા મારવા આવેલા માનવીને માટે પણ ભગવાન મહાવીરે પ્રેમની લાગણી બતાવી હતી. ગાંધીજીને ગોડસેએ ગોળી મારી ત્યારે ગાંધીજી પણ મોઢામાંથી કટુ વચન ન બોલતાં 'હે રામ' બોલ્યા હતા.

જેના મોઢામાંથી ગાળ નીકળે છે એ મહાવીરનો શિષ્ય બનવાને લાયક નથી. ભગવાન મહાવીરના ઉપદેશની અસર આજે પણ જગત પર છે. ગાંધીજી પણ એ જ પગલે ચાલ્યા. હરિજન પણ એક માનવી છે. તમે તેને તરછોડશો તો દુશ્મન બનીને એ એક દિવસ તમારો વિરોધી થશે.

શ્રી કેનેડી Flower of humanity - માનવતાનું પુષ્પ હતા. તેમણે કહેલું : 'કાળી પ્રજા હોય કે ધોળી પ્રજા; એ તો ચામડીનો ભેદ છે. બાકી બધાંની અંદર એકસરખો આત્મા બેઠો છે.'

આજનો જમાનો જરાક કોઇને ઊંચો ચડેલો જુએ તો તેને પાડી દે છે, અને પછી ગ્લાસ ભરીને પાણી પાય છે. પહેલાં મારે છે, પછી એનાં પૂતળાં બનાવીને એની પૂજા કરે છે.

એક વાર એક ભાઇ દિલ્હી ગયા. એ એક મિત્રની સાથે સમાધિ ઘાટ પર ગયા. ત્યાં મિત્રની નાની છોકરીએ પૂછ્યું : 'આ સમાધિ

નીચે શું દાટ્યું છે તે તમે જાણો છો?' ત્રણ વસ્તુ : 'સત્ય, સાદાઇ અને અહિંસા. તેના પર આપણે બાપુજીની સમાધિ બનાવી છે.' અહીં આવી લોકો પગે પડીને કહે છે : 'બાપુ, તમને અમે પૂજીશું, પણ મહેરબાની કરીને આ ત્રણમાંથી કોઇને બહાર નીકળવા દેશો નહિ.' આમ, આજે સિધ્ધાંતોને ભૂલીને મહાપુરુષોને આગળ કરવામાં આવે છે; અપરિગ્રહને બદલે આજે વધારેમાં વધારે પરિગ્રહ ભેગો કરવામાં આવે છે; અહિંસક દેશોમાં આજે વધારેમાં વધારે હિંસા થવા લાગી છે. આપણે મહાપુરુષોના વિચારોને ભૂલી જઇએ છીએ. ઠેકઠેકાણે મંદિરો વધતાં જાય છે, પૂજા વધતી જાય છે, પણ વિચારો ભુલાતા જાય છે.

ભગવાન મહાવીર માનવ હતા. આત્મા હતા તેમાંથી એ પરમાત્માં બન્યા. કંકર પણ એમ ઘસાઇ ઘસાઇને છેવટ ગોળ બને, તો શંકર બને છે. સાધના કરતાં કરતાં માનવ કેટલો ઊંચો જઇ શકે છે તેનું દૃષ્ટાંત ભગવાન મહાવીર છે.

અહિંસા પછી, જગતકર્તા વિષે પ્રભુએ કહ્યું : 'આ દુનિયા માણસે જ બનાવી છે. માનવી સારો બને તો દુનિયા સ્વર્ગ જેવી બને, અને માનવી ખરાબ બને તો દુનિયા નરક બને. આજની લોકશાહીમાં જેમ દરેક માનવી, પ્રયત્ન કરીને, લાયકાત હોય તો વડો પ્રધાન બની શકે છે, તેમ અધ્યાત્મ ક્ષેત્રની અંદર , દરેક આત્માને આગળ વધવાનો સરખો હક છે. તમે પણ ધારો તો મહાવીર બની શકો છો. દરેક આત્માની અંદર એ ભગવાન બેઠેલો જ છે. એ અંદર રહેલા ભગવાનને શોધવાનું કામ મનુષ્ય કરી શકે છે.'

'ઊભો થઇ જા, પ્રમાદ છોડ અને આત્માની શોધ કર.' આ તેમનો બીજો વિચાર. કર્મવાદ પર જ જગત ઊભેલું છે. માણસ જે બનવા ચાહે છે તે બની શકે છે.

ત્રીજો વિચાર તે અનેકાંતવાદ–ભગવાન મહાવીરની એ સુંદરમાં સુંદર શોધ.. દરેક વસ્તુને જુદીજુદી દૃષ્ટિથી જુઓ. એને અનેક પાસાં હોય છે. તેનો એક પ્રત્યક્ષ દાખલો લઇએ. પહેલે માળે ચડીને આપણે જોઇએ તો બંગલો ને માણસો અમુક જ દેખાય. બીજા માળ પરથી, બંગલાની પાછળ શું છે તે પણ દેખાય. ત્રીજા માળ પરથી, દૂરની નદીના પ્રવાહો પણ દેખાય. ચોથા માળ પરથી આખું શહેર દેખાય; પણ અસ્પષ્ટ. આમ જેમ ઉપર જાઓ, તેમ દર્શન બદલાતું જાય છે પણ દરેક દૃશ્ય સત્ય છે. આનું નામ અનેકાન્તવાદ. આપણે એકબીજાને વખોડીએ તે નહિ ચાલે. દરેકમાં વખાણવા જેવું પણ કંઇક હોય છે જ. આપણે એ જોતાં શીખવાનું છે .

કોઇ ઘઉં વીણતું હોય અને તેને આપણે પૂછીએ તો કહે : 'ઘઉં વીણીએ છીએ.' પણ ના, તેઓ ઘઉં નહિ પણ કાંકરા વીણતા હોય છે. આ સાપેક્ષ ભાષા આપણે સમજી લેવી ઘટે. તમે ટ્રેઇનમાં બેઠા હો અને કહો કે ચર્ચગેટ આવ્યું, પણ ચર્ચગેટ આવતું નથી; માણસો ચર્ચગેટ આવે છે. તમે કહો છો : 'આ રોડ નરીમાન પૉઇન્ટ જાય છે.' રોડ નરીમાન પૉઇન્ટ નથી જતો, પણ તે રોડ પરના માણસો નરીમાન પૉઇન્ટ તરફ જાય છે. આપણે એકબીજાની આ સાપેક્ષ ભાષા સમજીએ છીએ તેમ, દરેક પ્રસંગે સમજવા પ્રયત્ન કરીએ તો દુનિયામાંથી ઘણાં ઝઘડા ઓછા થઇ જાય. જેવી દૃષ્ટિ હોય, તેવી ભાષા બને છે. પૂછવામાં

આવ્યું : 'પાણીનો ગ્લાસ કેવો છે?' તો એક કહે કે ગ્લાસ અરધો ખાલી છે; બીજો કહે કે અરધો ભરેલો છે. ખાલી મગજવાળાને એ ગ્લાસ અરધો ખાલી લાગે છે; ભરેલા મગજવાળાને એ ગ્લાસ અરધો ભરેલો લાગે છે. અંદર પાણી તો એટલું જ છે.

જે તમે કહેવા માગો છો, તે જ ઘણી વાર સામો માણસ પણ કહેવા માગતો હોય છે. માટે સામાનું સાંભળો. આવી સમજણમાંથી પ્રેમ પેદા થાય છે. પણ આજે સૌ વાદ પર ઊભેલા છે. સમાજવાદ, સામ્યવાદ, સત્તાવાદ–આમ બધા અલગ થઇ રહ્યા છે, બીજાને સમજવા માંગતા નથી. પણ આ બધા તકવાદ અને બકવાદ છે. માનવ અન્ય માનવીના ભાવો અને ધર્મો ન સમજી શકે, તો બીજું બધું નકામું છે.

આજના આપણા માંધાતાઓ સામાને સમજવાની કોશિશ કરે તો તંગ વાતાવરણ ઘણું ઓછું થઇ જાય. એટલે આજે દુનિયાને આ અનેકાંતવાદની બહુ જરૂર છે. આવી સમજણ આવશે તો જ યુધ્ધ અટકશે, શાંતિ સ્થપાશે.

એક વાર બાપ–દીકરો લડી પડ્યા. દીકરો કહે : 'હું આજે તમારી સાથે નહિ જમું'. એટલે બાપ પાટલો ને થાળી લઇ ને તેની પાંસે ગયો. કહ્યું : 'તું મારી સાથે નહિ જમે તો કંઇ નહિ, હું તારી સાથે જમીશ' દીકરો હસી પડ્યો. અને ઝઘડો શમી ગયો. જગતના વ્યવહારમાં આપણે આ લાવવાનું છે.

આજે લોકો બીજાને મારવા શસ્ત્રો ભેગાં કરી રાખે છે, પણ એ સમજતા નથી કે હું બીજાને મારવા શસ્ત્રો ભેગાં કરીશ તો બીજો

પણ મને મારવા શસ્ત્રો ભેગાં કરશે. એટલે બેઉ શસ્ત્રોનો ત્યાગ કરે તો?

ન્યૂ યૉર્કમાં એક વાર ત્રણ મિત્રો રાત્રે સિનેમા જોઇને આવ્યા. ઉપર જવું હતું. લિફ્ટ બગડેલી હતી. એમ્પાયર સ્ટેટ બિલ્ડીંગના ૬૦મે માળે રહેતા હતા, એટલે રસ્તો કાઢયો. નક્કી કર્યું કે વાર્તા કરતાં કરતાં ચડીએ. પહેલા મિત્રે એક વાર્તા કહી, ૩૦ માળ ગયા. બીજા મિત્રે પોતાની વાર્તા એક જ વાક્યમાં કહી દીધી કે આપણે ઉપર તો આવ્યા પણ બ્લૉકની ચાવી જ નીચે કારમાં રહી ગઇ છે! આમ, આજે બૉમ્બ અને ઍટમની શોધમાં માનવી ૬૦ માળ ચડી ગયો છે. હવે તેને લાગ્યું, કે અહિંસારૂપી ચાવી તો હું નીચે ભૂલી ગયો છું. આ ચાવી મેળવવા માટે દુનિયાની નજર આજે ભારત તરફ મંડાઇ રહી છે. સૌ ભારત તરફ આવી રહ્યા છે. લોકો અહીં આવી પહોંચે તે પહેલાં, અહિંસારૂપી આપણી ચાવી ભારતમાંથી ગુમ ન થાય તો સારું ! જગતની નજર આજે ભારતના ઉચ્ચ સિધ્ધાંતો ભણી વળી રહી છે, ત્યારે ભારત પોતે આજે ભૌતિક વિલાસની પાછળ જઇ રહ્યું છે. કૉન્ગ્રેસનાં અધિવેશન ભરાય છે અને માંસાહારનાં રસોડાં થવા લાગ્યાં છે. જરાક તો વિચાર કરો કે ભારત જેવા દેશમાં આ શોભે ? ગાંધીજીની કૉન્ગ્રેસ માટે આ કલંક નથી?

આપણે ભૌતિક રીતે વિચારીએ તો એમાં કંઇ નથી, અને આધ્યાત્મિક રીતે વિચારીએ તો એમાં ઘણું બધું છે. આજે તમારામાં કળા, વિજ્ઞાન વગેરે બધું જ હશે, પણ માનવતા નહિ હોય, તો એ રેતી પર ઊભેલા મહેલ જેવું બની રહેશે.

આજે મહાવીર જયંતીનો મંગળ દિન છે. તે દિવસે આપણે પ્રતિજ્ઞા કરીએ કે મારે હવે માનવ બનવું છે, તેના ગુણો ગાવા છે. બાહ્ય નહિ, આંતરસમૃધ્ધિથી સમૃધ્ધ થવું છે.

એક સુતારે લાકડાનો સિંહ બનાવ્યો. પેન્ટરે રંગ પૂર્યો. વૈજ્ઞાનિક તેને જીવતો કરવા ગયો. ત્યાં તત્ત્વચિન્તકે કહ્યું : 'ઊભા રહો. તમારી આ કળા કેવી રીતે કામ કરે છે તે જોવા માટે તો કો'ક જીવતો રહેવો જોઇએ ને ! માટે મને ઝાડ પર ચડી જવા દો'. તે ઉપર ચડી ગયો. પછી તે જીવતા બનેલા સિંહે, પેલા ત્રણને મારી નાખ્યા. ફિલોસોફર પાંસે તો અમી હતું; તેણે તે છાંટીને ત્રણને ફરી જીવતા કર્યા.

આજે માનવીએ વિજ્ઞાનનું સર્જન કર્યું છે. આ સર્જન જ આજે જાણે માનવીનું ભક્ષણ કરવા તૈયાર થયું છે. આપણે આ ન ભૂલીએ એ જરૂરી છે.

માનવીએ નવી સર્જન કરેલી શકિત માનવીના જ વિસર્જનના કાર્યમાં ન લાગી જાય તે જોવાનું છે ! પોતે તૈયાર કરેલો સિંહ, પોતાને જ ખાઇ ન જાય એનું ધ્યાન રાખવાનું છે.

ભગવાન મહાવીરના આ વિચારો માત્ર જૈનો કે હિંદુ સ્તાનને જ ઉપયોગી છે એમ ન માનશો; સારાયે વિશ્વને તેની જરૂર છે. આ વિચારોને પ્રથમ તો જૈનોએ આચારમાં મૂકીને દાખલો બેસાડવો પડશે. દુનિયામાં એકલા શબ્દો કામ નથી લાગતા. એ શબ્દોની પાછળ અર્પણની ભાવના જોઇએ; આચારની ઉજજવળતા જોઇએ. કાતો જ તે અસરકારક નીવડે છે.

આજે દુનિયામાં દરેક માણસ એમ વિચારતો થયો છે કે જગતનું ગમે તે થાય, મારું કલ્યાણ થાય તો બસ. પણ એ માણસ એમ નથી વિચારતો કે દુનિયા જ નહિ હોય તો એનું અસ્તિત્વ કઇ રીતે રહેશે?

મહાપુરુષોના આવા વિચારો અને એમણે આપેલી પ્રેરણા આપણને કામ લાગે છે; એટલે ભગવાન મહાવીરની જયંતી પણ આંતરરાષ્ટ્રીય સ્તર પર ઉજવાય તેમ થવું જોઇએ. તેમના વિચારો સારીયે દુનિયાને, આજના કટોકટીના કાળમાં ખપ લાગે તેવા છે. એ સાંભળીને માણસના ધ્યાનમાં આવશે કે પોતે ખોટે રસ્તે છે, તો તેમાંથી પછી પાછા વળતાં એને વાર નહિ લાગે. આ મહત્ત્વની વાતો પર આપણે સૌ વિચાર કરીએ. અપરિગ્રહ–અહિંસા–અનેકાંતવાદ વગેરે ભગવાન મહાવીરના સિધ્ધાંતોને આચરણમાં મૂકવા આપણે કોશિશ કરીએ.

પૈસો હોય તો તે પણ યોગ્ય માર્ગે વાપરતાં શીખો. જીવનમાં ત્યાગ કરતાં શીખો. નક્કી કરો કે વધારે કપડાં નહિ ખરીદું; રેશમ કે મોતી નહિ પહેરું, કોડલીવરના બાટલા નહિ વાપરું અને જીવનને સાદું બનાવીશ. અને પછી, સાદાઇથી બચાવેલા એ પૈસા, મારા બંધુ માટે વાપરીશ.

નદીને કિનારે બેસીને એક કાંકરો પાણીમાં નાખો છો તો તેનું કુંડાળું થતાં થતાં ઠેઠ સામે કાંઠે પહોંચે છે. આજે આપણે સૌ, ચોપાટીના આ સાગરકિનારે બેસી જે સંકલ્પ કરીશું તેના તરંગો દુનિયાના સામા કિનારા સુધી પહોંચી જશે. માટે આપણે આપણા જ

જીવનથી સારી વસ્તુઓની શરૂઆત કરીએ. ધીમેધીમે તેનો પડઘો સારાયે વિશ્વમાં પડી શકશે.

ભગવાન મહાવીરના નિર્વાણને ૨૫૦૦ વર્ષ થવાને હવે માત્ર દશ વર્ષ જ બાકી રહ્યાં છે. દુનિયાભરમાં એ દિન ઉજવાય તે માટે આપણે સૌ તન, મન, ધનથી પ્રયત્ન કરીએ; આપણે માનવજાતને ઊંચી લાવવા કંઇક આપીએ; ભગવાન મહાવીરના વિચારો મુજબ, આપણા જીવનને ઘડવા કોશિશ કરીએ; તેમ જ આવા શુભ વિચારો અને કર્તવ્યથી, આપણું અને અન્ય સૌનું જીવન દિવ્ય બનાવીએ.

(૨૩-૪-'૬૪ ની સાંજે મુંબઇ નગરીનાં લાખ લાખ ભક્તિભર્યાં નરનારીઓએ પ્રભુ મહાવીરનું જન્મકલ્યાણક સાગરકિનારે ઊજવ્યું, તે સમયે આપેલા પ્રવચનની ટૂંકી સ્મૃતિ નોંધ.)

# વિચાર, ઉચ્ચાર અને આચાર

આજે આપણે સૌ પ્રભુ મહાવીરનું જન્મ કલ્યાણક ઊજવવા સાગરકિનારે ભેગા મળ્યા છીએ. આ પહેલાં જૈનો મહાવીર જયંતી માત્ર પોતાનાં ધર્મસ્થાનકોની પરિધિમાં ઊજવતા હતા. "આ દિવ્ય વિભૂતિનો સંદેશ માત્ર જૈનો પૂરતો મર્યાદિત રાખી આપણે માનવજાતને આ મહામૂલા ધનથી વંચિત રાખીએ છીએ." એ વાત મેં મારા મિત્રો સમક્ષ મૂકી; જેને પરિણામે સૌના સહકારથી આઠ દિવસ માટે કતલખાનાં બંધ રહેવા સાથે આ વિરાટ સભાનાં આપણને દર્શન થાય છે. સાથે બેસી પ્રાણીમૈત્રી દિન ઊજવવાની તક મળી છે. આજે ભગવાન મહાવીરનું જન્મકલ્યાણક માત્ર જૈનો જ **નહિ પરંતુ સમસ્ત** પ્રજા ઊજવી રહી છે.

ભગવાન મહાવીરે પ્રબોધેલાં અહિંસા, અનેકાન્તવાદ, કર્મવાદ અને અપરિગ્રહવાદ માનવમાત્રને તો શું પણ આગળ વધીને કહું તો પ્રાણીમાત્રને આવશ્યક છે. જે જે મહાપુરુષોએ અહિંસા અને કરુણાનો પ્રકાશ આપ્યો છે, અહિંસાના તત્ત્વનું સંશોધન કર્યું છે, એવા સૌ મહાપુરુષોની જયંતી બધા સાથે મળીને ઊજવે એમ આપણે પ્રાર્થીએ.

આવા પુણ્ય-પવિત્ર દિવસે એ મહાપુરુષના તત્ત્વજ્ઞાનનું ચિંતન અને ઊંડાણથી મનન કરી એને આચરણમાં મૂકીએ.

હિમાલયમાંથી વહેતી ગંગા આસપાસના પ્રદેશો અને કિનારાઓને હરિયાળા અને શીતળ કરતી જેમ સાગરમાં ભળે છે, તેમ સંતો અને વિભૂતિઓ પણ માનવોનું અને પ્રાણીઓનું કલ્યાણગાન કરતાં કરતાં મોક્ષ પ્રતિ પ્રયાણ કરે છે.

હકીકતમાં મહાવીર જયંતી ઊજવવાનો બીજો કોઇ આશય નથી. પણ આપણે જયંતી ઊજવીએ છીએ ત્યારે આપણને અવલોકન અને આત્મ - નિરીક્ષણ કરવાનો એક શુભ અવસર સાંપડે છે, પુણ્ય ઘડી આવે છે. આ પુણ્ય ઘડીમાં આપણે આપણા આત્માનું અવલોકન કરીએ, અને ભગવાનની વિભૂતિનો, આ એમના ઉજજવળ જીવનના અને પ્રાણીમાત્રના કલ્યાણ માટે જે ઉપયોગી સિધ્ધાંત છે તેનો સ્વાધ્યાય કરીએ.

તમે જાણો છો કે સંસાર પરિવર્તનશીલ છે. કેટલીય વસ્તુ આવે છે અને જાય છે, પણ જે સત્ય છે તે શાશ્વત રહે છે. ભગવાન મહાવીર સત્ય હતા, એટલે અઢી હજાર વર્ષ પછી પણ શાશ્વત રહ્યા છે. આપણે

આંખ બંધ કરીશું તો એમ લાગશે કે ભગવાન હમણાં જ થઇ ગયા, જાણે કાલે જ થઇ ગયા. તેઓશ્રીની સ્મૃતિ સતત મનોભૂમિ પર તાજી ને સ્વસ્થ અને નજીક હોવાની આપણને કેમ પ્રતીતિ થાય છે? કારણકે એ સત્ય આપણાં હૃદયની પ્યાસ છે, અને સત્ય સદૈવ શાશ્વત હોય છે. વસ્તુઓ બદલાય, પણ સત્ય બદલાતું નથી. આજે નહિ, કરોડો વર્ષો પછી પણ ભગવાન મહાવીરનાં પ્રબોધેલાં પરમ સત્યો બદલાવાનાં નથી.

ભગવાન મહાવીરનો આત્માં પણ આપણા આત્મા જેવો જ એક આત્મા હતો. તેઓ ઉપરથી નથી આવ્યા કે આકાશમાંથી નથી અવતર્યા. પણ ધરતી પરથી ઊભા થયા. ધરતીની માટીમાંથી ભગવાન કેવી રીતે બની શકાય તે એમણે પોતાના જીવનમાં જીવી બતાવ્યું. માનવને મહાવીર બનવાની પ્રેરણા આપી.

તીર્થંકરોમાં વર્ધમાન મહાવીર અંતિમ તીર્થંકર છે.. એમના જીવનપ્રસંગો નિહાળી અને જીવન સિધ્ધાંતોના હાર્દમાં જીવીશું તો આપણામાં પણ પ્રભુતાનાં પરમ તેજ પ્રગટશે. એમનો જન્મ જાણે પ્રાર્થનાના ઉત્તરરૂપ હતો. સંક્રાન્તિનો એ સમય હતો. શ્રી પાર્શ્વનાથ અને શ્રી નેમિનાથે પ્રબોધેલો માર્ગ ભુલાયો હતો. તે સમયે મગધની ધરતી પર સિધ્ધાર્થ રાજા અને ત્રિશલારાણીને ત્યાં આ બાળકનો જન્મ થયો, ત્યારે આ ધરતી પર હિંસા અને સુરાપાનનું સામ્રાજ્ય વ્યાપેલું હતું, જાતિવાદ યુધ્ધે ચડ્યો હતો. ધર્મ ખેંચાખેંચીમાં પડ્યો હતો. ચોતરફ અંધકાર વધતો હતો. એવે સમયે એ અંધકારને પ્રકાશથી ઉજ્જવળ કરતા આ પરમ તેજનો પ્રાદુર્ભાવ થયો.

વર્ધમાન એ જન્મ-જન્મની સાધનાનું પરિણામ છે. સર્વ જીવોને મૈત્રી, કરુણા અને અહિંસાથી સુવાસિત કરી દેવાની ભાવનાનું ફળ છે. એ માતાના ગર્ભમાં પણ વિચારવા લાગ્યા કે મારા હલનચલનથી માતાને વેદના થતી હશે, તેથી તેમણે અંગોને સંકોચી હલનચલનની ક્રિયા બંધ કરી, પણ આથી તો માતા ત્રિશલાને ચિંતા થઇ કે મારા ઉદરમાં રહેલો ગર્ભ ગળી ગયો કે શું? આ વિચારથી માતાએ વિષાદભર્યા સ્વરે વિલાપ આદર્યો.

માતાનો અજોડ પ્રેમ જોઇ તેમણે પોતાના પગનો અંગૂઠો હલાવી પોતાના અસ્તિત્વનો સંકેત કર્યો ત્યારે માતાજી આનંદમાં આવી ગયાં. માતાની મમતાને જોઇ અને એ મહાપુરૂષે ગર્ભમાં જ સંકલ્પ કર્યો; ભલે આ મારો છેલ્લો જન્મ પ્રાણીમૈત્રી, અનેકાન્ત અને અહિંસાની પૂર્ણ સાધના માટે છે, પણ જ્યાં સુધી માતા-પિતા જીવંત છે, ત્યાં સુધી તેમની સેવા અને શાતાવેદનીય કર્મજન્ય લગ્નની જવાબદારી પાર પાડ્યા વિના દીક્ષા નહિ લઉં.

પ્રભુનો આ પ્રસંગ માતાપિતા પ્રત્યેના ભક્તિભાવ અને વિનય સૂચવે છે.

આ આત્માના આગમન સાથે જ રાજ્યમાં ધનધાન્ય, પ્રેમ, મૈત્રી ,સુખશાંતિની વૃધ્ધિ થવા લાગી. ઘરમાં, પ્રીતિ, લક્ષ્મીની વૃધ્ધિથી માતાપિતાએ 'વર્ધમાન' નામ આપી નામની સાર્થકતા કરી બતાવી.

બાળક વર્ધમાનના જન્મની ખુશાલીમાં રાજાએ કેદીઓને મુક્ત કર્યા, પ્રજાજનોને પ્રીતિભોજન આપ્યાં, પ્રજાને-લોકોને ઋણમુક્ત કર્યા.

વર્ધમાન આઠ વર્ષના હતા, ત્યારે પોતાના મિત્રો સાથે રમવા ઉપવનમાં ગયા. તે વખતે એક દેવ પરીક્ષા કરવા આવ્યો, તે રમતા બાળકોની વચ્ચે સર્પ થઇ પ્રગટ થયો. બાળકો ભયભીત થઇ નાઠા. વર્ધમાને કહ્યું : "ડરો નહિ, ડરે તે મરે. આપણે એનું કંઇ બગાડ્યું નથી તો એ આપણને શા માટે કરડે?" એમ કહી નિર્ભયતાથી પૂંછડી પકડી સર્પને દૂર કર્યો.

વર્ધમાનનો અભય જોઇને દેવ આશ્ચર્યચકિત થઇ ગયો. વધુ એક કસોટી કરવા તે બાળક બની બાળકો સાથે રમવા લાગ્યો. એનો દાવ આવતાં એ હાર્યો અને વર્ધમાન જીત્યા. રમતના નિયમ પ્રમાણે દેવે વર્ધમાનને ખભે બેસાડ્યા, અને દેવ તાડની જેમ વધવા લાગ્યો. વર્ધમાનને થયું કે આ કોઇ ડરાવવા આવ્યો લાગે છે. તેથી વર્ધમાને એવી નસ દબાવી કે એ બેવડ વળી ગયો !

ગર્વ ગળી જતાં એણે નમન કરી કહ્યું : "વર્ધમાન, આપ મહાન છો, મહાવીર છો. હું દેવ આપના ચરણોમાં નમન કરું છું."

ત્યારથી વર્ધમાન "મહાવીર" કહેવાયા.

એ યૌવનમાં આવ્યા. માતાપિતાના આગ્રહ અને પોતાને ભોગવવાના કર્મના ઉદયથી એમણે યશોદા સાથે લગ્ન કર્યાં. પુષ્પ અને પરિમલ જેવું એમનું મિલન હતું. પ્રેમની સુવાસ એમાં મહેકતી હતી એમના પ્રેમના પ્રતીકરૂપ પુત્રી જન્મી. એ પુત્રીનું નામ પણ પ્રિયદર્શના પાડ્યું. વર્ધમાનની પ્રેમઉષ્મામાં પ્રિયદર્શના અને યશોદા ખીલી રહ્યાં, અને પ્રકાશથી પ્રસન્ન હતાં.

ભગવાન મહાવીર અઠાવીસ વર્ષના થયા ત્યારે માતાપિતા બન્ને દેવલોક સિધાવી ગયાં. હવે પોતાની અંતરપ્રેરણા પ્રમાણે સાધના માર્ગે જવા માટે તેઓ મુક્ત હતા.

શ્રી વર્ધમાને ત્યાગના માર્ગે જવાની તૈયારી કરી મોટા ભાઇ નંદિવર્ધનની આજ્ઞા માગતાં તેમણે કહ્યું : "ભાઈ, મને મારે માર્ગે જવાની રજા આપો. દૂર–દૂરથી અગમનો સાદ મને બોલાવી રહ્યો છે. મારું રાજ્ય જ્યાં મૃત્યુ થાય એવી ધરતી પર નહિ, પણ અમૃતની આત્મભોમમાં છે. પંથ બોલાવી રહ્યો છે. જન્મ, જરા અને મૃત્યુથી રિબાતાં પ્રાણીઓની ચીસો મને સંભળાય છે. મને જવા દો, મુક્તિને માર્ગે જવા દો".

નંદિવર્ધને વેદનાભર્યા કંઠે કહ્યું : "પિતા અને માતા જાય અને નાનો ભાઇ પણ જાય ત્યારે મારા હૃદયને શું થાય તેની કલ્પના તો કરો, વર્ધમાન ! દૂરનો સાદ સાંભળનારો ભાઇ, મારો દર્દભર્યો સાદ નહિ સાંભળે? સૌની ઉપર દયા કરનાર પોતાના મોટા ભાઇ પર દયા નહિ કરે? મારે ખાતર બે વર્ષ અહીં તમારા આ બંધુ સાથે રહો."

મહાવીરનો આત્મા સ્નેહથી નીતરતો હતો. તેઓ મોટા ભાઇના સ્નેહને અવગણી ન શક્યા અને બે વર્ષ સંસારમાં રહ્યા પણ અલિપ્ત પંકજની જેમ. ત્રીસમે વર્ષે મહાભિનિષ્ક્રમણ કરી સંયમ લઇ તેઓ આત્મ સંશોધનની સાધનામાં લાગી ગયા.

સાડાબાર વર્ષ સુધી અપ્રમત્ત રહી મૌન, સંયમ, તપ અને ધ્યાનમાં તેઓ સ્થિર થઇ રહ્યા હતા. આ સાધનાકાળ ઘણો કપરો હતો.

આ સાધના દરમિયાન તેઓ ઝાડ નીચે ધ્યાનસ્થ હતા. ત્યાં એક ગોવાળ આવ્યો અને "આ મારા બળદને સાચવજો" એમ કહી તે જમવા ગયો.

ભગવાન મહાવીર તો ધ્યાનમાં હતા. એટલે ગોવાળના ગયા પછી બળદ રખડવા ચાલ્યા ગયા. પેલા ગોવાળે પાછા આવી જોયું તો બળદ નહોતા. તેણે મહાવીરને તે વિષે પૂછ્યું, પણ તેઓ ધ્યાનમાં હતા, મૌનમાં હતા. ઉત્તર ન મળતાં ગોવાળ બળદ શોધવા ચાલ્યો. પણ બળદ ક્યાંય ન મળ્યા, ત્યારે એ પાછો આવ્યો અને જોયું તો બળદ મહાવીર ભગવાન આગળ આવીને ઊભા હતા.

ગોવાળને ખૂબ ગુસ્સો ચડ્યો. એને થયું કે આ માણસે જ બળદ સંતાડ્યા હતા. એટલે તે ગાળો દેવા માંડ્યો પણ ભગવાન તો ધ્યાનમાં હતા એટલે એની સામે પણ ન જોયું.

આથી ગોવાળે શૂળની ખીલી કરી મહાવીરના બન્ને કાનોમાં ખોસી દીધી. વેદના અસહ્ય હતી. છતાં મહાવીર ધ્યાનમગ્ન જ રહ્યા. દેહ પર થતી પીડાને દ્રષ્ટા ભાવે જોઇ રહ્યા. ધ્યાનની સમાધિ ન છૂટી.

બીજો પ્રસંગ એવો છે કે એક વખત ઇન્દ્રે મહાવીર પ્રભુને વિનંતી કરી : "ભગવાન, આ બાર વર્ષ આપને બહુ જ કષ્ટ પડવાનું છે; એટલે આપ મને અનુજ્ઞા આપો, આપની રક્ષા અને સેવા માટે એક દેવને મૂકું".

ભગવાને કહ્યું : 'ઇન્દ્ર ! મોક્ષનો માર્ગ તો કંટકથી ભરેલો જ

હોય,એ માર્ગે જનારાથી ચોકીદાર ન રખાય. મદદથી બીજું બધું મળે પણ મોક્ષ ન મળે'.

આવું હતું મહાવીરનું મહાવીરત્વ.

ત્રીજો પ્રસંગ એ હતો કે એક દિવસ ઉનાળાના બળબળતા બપોરે વનવગડાના માર્ગે તેઓ જતા હતા. ત્યાં એક ગોવાળે તેમને રોકીને કહ્યું :'આ રસ્તે ન જશો. આ માર્ગમાં એક બહુ ભયંકર નાગ છે. એની નજર તમારા પર પડતાં જ કાયા કરમાઇને ઢળી પડશે.'

સરળ માર્ગ તો સૌ સ્વીકારે. પણ આ તો મહાવીર ! પર્વત આરોહણ કરનારા. ઝેરને પચાવે છતાં એમની પ્રસન્નતા ન જાય. એ તો ચાલ્યા ઉજ્જડ માર્ગે. માર્ગમાં એક રાફડો આવ્યો અને એ ત્યાં થંભ્યા.

માનવગંધ આવતાં નાગરાજ રાફડામાંથી બહાર આવ્યો. એની દૃષ્ટિ ઝેરી હતી. નજર પડે ત્યાં માનવ હોય કે વૃક્ષ, પણ તે ઢળી પડે. પોતાના રાફડા પાસે જ આસન જમાવનાર મહાવીરની હિંમત સામે એને ગુસ્સો ચડ્યો અને ગુસ્સો ઝેરી આંખ વાટે ઉલેચાઇ રહ્યો.

સાગરના પાણીમાં સળગતો ફટાકડો નાખીએ તો સાગરને કશુંય ન થાય.... પરંતુ ફટાકડો જ બુઝાઇ જાય તેવું બન્યું. મહાવીર તો પ્રેમના સાગર હતા. ચંડકૌશિકના ક્રોધાગ્નિનું ઝેર એમને કશું કરી શક્યું નહિ. એની આંખનું ત્રાટક નિષ્ફળ નીવડ્યું. ખિજાઇને એણે મહાવીરના ચરણે જોરથી ડંખ માર્યો.

દંશ મારતી વખતે એને એમ હતું કે દંશ લાગતાં જ આ માણસ મૂર્છા ખાઈને એના પર ઢળી પડશે. એટલે પોતે ચગદાઈ ન જાય તેથી એ દૂર રહ્યો. પરંતુ એ દંશમાંથી તો દૂધની સેર છૂટી! જીવમાત્ર પ્રત્યેના પ્રેમની એ ધારા હતી.

આજના વિજ્ઞાનના યુગમાં આ અતિશયોક્તિ લાગે છે. હું ભાવનગરમાં હતો ત્યારે ડૉ. હેમંતકુમારે આવી શંકા ઉઠાવેલી. એમણે પૂછ્યું હતું : 'શું આ વાત ઉપજાવી કાઢેલી નથી લાગતી? મેં અમેરિકા, ઇંગ્લૅંડ વગેરે કેટલાય દેશોમાં અનેક જાતનાં ઓપરેશન કર્યાં છે અને જોયાં છે, પરંતુ મેં ક્યાંય, માનવશરીરમાંથી દૂધ નીકળતું જોયું નથી.'

મેં કહ્યું : 'ડૉક્ટર ! તમે અનેક ઓપરેશન કરવા છતાં નથી જોયું; જ્યારે મેં તો વિના ઓપરેશને લોહીને બદલે દૂધ નીકળતું જોયું છે. સ્ત્રીને માતૃત્વ પ્રાપ્ત થાય છે ત્યારે એનાં સ્તન દૂધથી સભર બને છે ને! એ દૂધ ક્યાંથી આવતું હશે?'

ડૉક્ટરે કહ્યું : 'તે વખતે લોહીનું પરિવર્તન થઈ જાય છે.'
મેં પૂછ્યું 'કેવી રીતે થઈ જાય છે?'

તો કહે : "માતામાં વાત્સલ્ય પ્રગટે છે, બાળક પ્રતિ પ્રેમ જાગે છે.

મેં કહ્યું હતું : "એક બાળક પ્રત્યે જાગેલા વાત્સલ્યને લીધે સ્તનમાં દૂધ છલકાઈ જતું હોય તો પ્રાણીમાત્ર પરત્વે જેના અંતરમાં અસીમ પ્રેમ છલકાતો હોય, એના અંગેઅંગમાં દૂધ વહે તો નવાઈ લાગે?"

ડૉક્ટરે હસીને કબૂલ કર્યું :"આ વાત ગળે ઉતરે છે."

દંશ દેનાર પ્રત્યે પણ દયા દાખવીને એનું દંશીલું મોં દૂધથી ભરી દેનાર મહાપુરુષે સર્પને કરુણામય સ્વરે કહ્યું : "બુઝ-બુઝ બોધ પામ. પૂર્વ જન્મમાં તું ચંડકૌશિક નામનો સાધુ હતો. ક્રોધમાં અકાળ મૃત્યુ પામી તું સર્પ બન્યો. તું આજ સુધી બહુ સળગ્યો, હવે શાંત થા. તારો ક્રોધ જ તને સળગાવે છે. તેં તારા ક્રોધાગ્નિથી જગતને જ નહિ, તારા અંતરને પણ ઉજ્જડ કર્યું છે. હવે શાંતિના વારિથી તેને હર્યુંભર્યું બનાવ."

સર્પની આંખોનો અગ્નિ ભગવાનને ન સળગાવી શક્યો; જ્યારે એમની કરુણામયી વાણીએ તો સર્પના અંતરને ઠારી દીધું, અને સર્પ ભગવાન મહાવીરનાં ચરણોમાં નમી પડ્યો.

બસ, ત્યારથી જ નાગ રાફડામાં રહેતો... તે આહાર માટે પણ બહાર ન નીકળતો. એ વાત જાણીને ગોવાળિયાઓ રાફડામાં દૂધ -ઘી રેડવા લાગ્યા, તેમણે નાગપૂજા આદરી.

સાપનું હલનચલન બંધ થયું એટલે રાફડામાં કીડીઓ જામી. એ કીડીઓ ચંડકૌશિકના શરીરને ફોલી ખાવા લાગી. પોતે કરેલા ડંખોનું પ્રાયશ્ચિત્ત આ રીતે જ ભોગવી શકાશે, એ ભાવનાને લીધે, એ પોતાની સાધનામાં લીન રહ્યો. એના મનમાં એક જ વાત હતી. કીડીઓના ડંખથી મને દુઃખ થાય છે પણ મારા ડંખથી કેટલાના પ્રાણ ગયા? સૌને પહોંચાડેલી વેદનામાંથી જાગેલી સંવેદનામાં એણે પોતાને મૈત્રીથી ઉજ્જવળ કર્યો. આ મૈત્રીપૂર્ણ કરુણાભાવમાં સર્પનું રૂપાન્તર દેવમાં થયું. પ્રેમ નરને નારાયણ બનાવે છે.

ભગવાન મહાવીરની સાધના શિખરો પર શિખરો સર કરતી હતી. એ સાધનાની પ્રશંસા દેવરાજે પોતાની સભામાં કરી. એટલે સંગમ નામના દેવને મહાવીરની પરીક્ષા કરવાનું મન થયું. એના મનમાં એક વાતની ગાંઠ હતી કે માનવી એટલે નિર્બળતા. દુ:ખ આવતાં એ ગમે તેને માનવા કે ગમે તે કરવા તૈયાર જ હોય. સંગમે પહેલાં તો ખૂબ પ્રતિકૂળ ઉપસર્ગ કર્યા. અનેક કષ્ટો આપ્યાં. એમાં નિષ્ફળ થતાં એવાં પ્રલોભનભર્યાં અનેક અનુકૂળ આકર્ષણો સર્જ્યાં પણ એ બધામાં એ નિષ્ફળ જતાં એ પોતે જ થાક્યો..

છ મહિના સુધી અનેક પ્રકારની પીડાઓ આપી તોય ભગવાન મહાવીર અડગ રહ્યા.

મહાવીરને સ્વસ્થ જોઇને એનો ગર્વ ઓગળી ગયો અને એ પ્રભુના ચરણમાં નમી પડ્યો ભગવાન મહાવીરની આંખ વેદનાથી ભીની થઇ. આંસુ સરી પડ્યાં. એ આંસુ એમના દુ:ખનાં હતાં?

ના, એમની વેદના તો એ હતી કે એમના સમાગમમાં આવવા છતાં સંગમે છ-છ મહિના સુધી મલિન વિચાર કર્યા! આવાં પાપ કરવાથી એને દેવગતિમાંથી નીચ ગતિમાં જવું પડશે, એ ખ્યાલથી ભગવાન મહાવીરના હૃદયમાં કરુણા ઊપજી. વિશ્વમૈત્રી એટલે શત્રુ પ્રત્યે પણ કરુણા.

આ રીતે સાધના દ્વારા કરુણાનો છંટકાવ કરતા ભગવાન મહાવીરે સાડાબાર વર્ષ સુધી અનેક પ્રકારના ઉપસર્ગો સહન કર્યા અને આખરે સાધના અને આરાધનાથી સાડાબાર વર્ષને અંતે એમનાં કર્મો નાશ પામ્યાં અને તેઓ કેવળજ્ઞાન પામ્યા.

આ સાધનાનો પ્રકાશ દુનિયાને ખૂણેખૂણે પ્રસર્યો. એ કિરણ હું જ્યાં ભણતો હતો, એવા દૂરના પ્રદેશમાં કે જ્યાંની ભાષા કન્નડ છે, એમાં પણ પ્રસર્યો છે.

હું ભગવાન મહાવીર પ્રતિ કેવી રીતે આકર્ષિત થયો, એ મારા જીવનની એક નાની કહાણી છે. હું જે પ્રાંતમાં મોટો થયો, ત્યાંની ભાષા ગુજરાતી નથી પણ કન્નડ છે; અને આજથી બત્રીસ વર્ષ પહેલાં હું જૈન ધર્મથી પરિચિત પણ નહોતો. ત્યાં એક દિવસ કન્નડ ભાષામાં ભગવાન મહાવરીના ઉપદેશનો એક સુંદર અનુવાદ વાંચ્યો. એ વાક્ય હતું : "જે રીતે આંબાનું ઝાડ ગોટલીમાં છુપાયેલું છે એ રીતે હે માનવ ! તારા દેહમાં પરમાત્મા-ભગવાન છુપાયેલો છે, એને તું શોધી લે."

બસ, આ એક નાનું વાક્ય મને સ્પર્શી ગયું. જે રીતે આંબાની ગોટલીમાં એક મોટું વૃક્ષ છે અને ચકમકમાં આગ છે, તે પ્રકારે આપણા શરીરમાં, આપણી કાયામાં જ પરમાત્મા છે, ઈશ્વર છે. આ જ વાત ભગવાન મહાવીરે પોતાના જીવનમાં જીવીને પ્રગટ કરી. નયસારના જીવનથી પ્રારંભ થયેલો વિકાસ ભગવાન મહાવીરના જીવનમાં પૂર્ણતાના શિખરે પહોંચ્યો. એ માનવમાંથી મહામાનવ બન્યા. બીજનો ચંદ્ર પૂર્ણ ચંદ્ર બન્યો.

ભગવાન મહાવીરની કરુણા જીવમાત્ર પ્રત્યે વહેતી હતી. એ મહાભિનિષ્ક્રમણ પાછળ પ્રાણીની અસહાયતાનું દર્શન હતું.

એમણે જોયું કે દુનિયાના જીવો અત્રાણ છે, નિરાધાર છે. લોભી

અને લંપટ પુરુષો, સ્ત્રીને ગુલામ તરીકે રાખતા હતા. એક એક પુરુષ નવ સ્ત્રી, પંદર અને બત્રીસ સ્ત્રીઓ સુધી રાખતો જેમ આજે મનુષ્ય પશુઓને રાખે છે તેમ તે રાખતો. સ્ત્રીઓની આ અવદશા? કોઇએ કહ્યું કે ના ના स्त्री स्वातंत्र्यम् अर्हति સ્વાતંત્ર્યને લાયક નથી. સ્ત્રી સ્વતંત્રતાનો અવાજ ઉઠાવે પુરુષો આટલી આટલી સ્ત્રીઓને કેમ પરણી શકે? પુરુષો પોતાની કામવાસનાને કાબૂમાં-સંયમમાં રાખવાને બદલે સ્ત્રીઓને કામ અને નરકની ખાણ કહી વખોડતા હતા. અરે, સ્ત્રીનું મોં ન જોવામાં ધર્મ માની પવિત્રતાનો દેખાવ કરતા હતા.

બીજી વાત : ધર્મના જ નામ પર પશુઓનાં બલિદાન થતાં હતાં, અધ્વર્યુ સ્નાન કરી, પવિત્ર થઇ, ફૂલો ચડાવી દેવોની મૂર્તિ સામે જ યજ્ઞમાં અબોલ પશુઓની હિંસા કરતો. દશાશ્વ મેધ કરતો. આ જોઇને દિલમાં કરુણા ઊપજી.

ત્રીજી વાત : જાતિવાદનો ભેદ. ઉજળિયાત લોકો શૂદ્ર મનુષ્યને તુચ્છતા અને તિરસ્કારની દૃષ્ટિથી જોતા. તેને એટલો અન્યાય થતો કે તેની સાથે એક પશુ જેવો વ્યવહાર રાખતા. કદાચ પશુને પણ સારી રીતે રાખતા હશે. એને ઢેઢ કહી, ચમાર કહી, શુદ્ર કહી કાઢી મૂકતા. તે લોકોનો અચાનક સ્પર્શ થઇ જતો તો ઢોર માર મારતા. આ માનવજાતની ભયંકર અવહેલના હતી. મનુષ્ય જેવા મનુષ્યને શૂદ્ર કહી અપમાન કરે ! માનવતા શું મરી પરવારી !

પ્રભુના દિલમાં આ વસ્તુનું દુઃખ હતું, દર્દ હતું. (૧) સ્ત્રીની પરતંત્રતા (૨) પશુઓનો સંહાર (૩) માનવને શૂદ્ર ગણી ફેંકી દેવા -

અંધશ્રધ્ધા વગેરે... દર્દ ઘણાં હોય પણ એનું નિદાન એક જ હોય. ભગવાને તેનું મૂળ પકડ્યું. અસમાનતાનું મૂળ વિષમતા હતું.

એમણે વિચાર્યું કે વિષમતા દૂર થશે, તો જ સમાનતા આવશે. સમાનતા આવશે તો જ સ્ત્રીસન્માનની ભાવના જાગશે, અને સ્ત્રી પુરુષથી સન્માન પામશે. પોતાનાથી કોઇ બળવાન શકિતથી ડરી એને રાજી રાખવા પશુઓનો સંહાર કરવામાં આવે છે તે બંધ થવું જોઇએ. શૂદ્રમાં પણ આત્મા છે, એનું દર્શન થતાં ઊંચ-નીચની ભાવના ધીરે ધીરે લુપ્ત થશે. અને જે કર્મ સંસારી આત્માઓનાં સમગ્ર દુઃખોનું મૂળ કારણ છે, તે નાબૂદ થતાં આત્મા પૂર્ણ સમાનતા પાશે.

જે મહેતારજ અને હરિકેશીબલને લોકો શૂદ્ર કહેતા હતા એ મચ્છીકુમાર અને મહેતર કુળમાં જન્મેલા હતા. ભગવાને તેમને પણ દીક્ષા આપીને પોતાના સાધુ બનાવ્યા અને સમાનતા આપી.

આજે આપણે હરિજન ઉધ્ધારની વાત કરીએ છીએ, સમાનતાનાં ભાષણ કરીએ છીએ, પણ જીવનમાં અને વ્યવહારમાં કેવી ભયંકર વિષમતા છે?

A man of words, and not of deeds
is like a garden full of weeds

ભગવાન મહાવીર માત્ર શબ્દો બોલી બેસી રહે એવા ન હોતા. ભગવાન મહાવીરે વિચાર્યું કે હું પૂર્ણતા લાવવા માટે, સમાનતા લાવવામાટે, વિષમતા દૂર કરવા માટે, પહેલાં હું મારા જીવનમાં પૂર્ણ સમાનતા લાવું.

પહેલાં પોતાના પર પ્રયોગ કર્યો, પછી ઉપદેશ દેવાનો પ્રારંભ કર્યો. પહેલાં તો એમણે અસમાનતાનું મૂળ એવો વૈભવ છોડ્યો. પોતાના પ્રિયજનનાં આંસુથી પણ ન થંભ્યા, મહાભિનિષ્ક્રમણ કર્યું.

મનુષ્યના જીવનમાં સમાનતાનું સંગીત આવે છે વિચાર, ઉચ્ચાર અને આચારના સંવાદથી. આ ત્રણેના સંવાદમાં જ સંગીત છે. આ સંગીત જેનામાં ગુંજે છે એ PERFECT MAN - પૂર્ણ મનુષ્ય છે. ભગવાન એટલે પૂર્ણ મનુષ્ય.

જેમ વૈજ્ઞાનિકો પ્રયોગશાળામાં જઇ પ્રયોગ કરે છે તેમ મહાવીરે સાડાબાર વર્ષ જીવનની પ્રયોગશાળામાં, આ ત્રણેને સુધારવા અને અહિંસક બનાવવા પ્રયોગ કર્યા. વિચાર ધ્યાનથી અહિંસક બને, ઉચ્ચાર મૌનથી અહિંસક બને અને આચાર તપશ્ચર્યાથી અહિંસક બને.

વિચાર, ઉચ્ચાર અને આચાર : આ ત્રણેને અહિંસક બનાવવા માટે એમને ધ્યાન, મૌન અને તપશ્ચર્યાનાં સાધન જડ્યાં.

એમણે ધીરે ધીરે ધ્યાન ધરતાં વિચારોમાં જે અહં છે, તેને ધ્યાનથી નાહં કરી સોહંનો અનુભવ કર્યો. પણ તે કરતાં પહેલાં પ્રભુએ અહમને ઓગાળવાનો પ્રયત્ન કર્યો.

કવિવર રવીન્દ્રનાથે એક નાનો પ્રસંગ લખ્યો છે : "પૂનમની રાત હતી, હું ઓરડામાં બેઠો હતો અને કાંઇક લખી રહ્યો હતો. લખતાંલખતાં આંખને આરામ આપવા મેં બત્તી બંધ કરી. જેવી બત્તી કરી ત્યાં જ મારા આશ્ચર્ય વચ્ચે આકાશમાંથી પૂર્ણિમાની ચાંદનીએ બારીમાંથી

એકદમ અંદર પ્રવેશી મારા ઓરડાને પ્રકાશથી ભરી દીધો. કેવો મધુર, કેવો શીતળ, કેવો સુંદર એ પ્રકાશ!"

પ્રકાશને જોઇ કવિહૃદય દ્રવી જાય છે, એમનું દિલ ભરાઇ આવે છે. એ વિચારે છે કે હું છ વાગ્યાથી બેઠો છું, અત્યારે સાડાનવ થયા છે, પણ સાડાત્રણ કલાક સુધી મેં ચાંદનીને કેમ ન જોઇ? એમને સમજાયું કે આ નાની બત્તી પૂર્ણ ચંદ્રમાનો પ્રકાશ જે એના ખંડમાં આવી રહ્યો હતો તેનો અવરોધ કરતી હતી. નાની બત્તી બંધ કરી તો પૂર્ણિમાની જ્યોત્સ્ના આવતી દેખાઇ. આ વિચારથી એ અંદર ઊતરી ગયા, ધ્યાનમાં ઊતરી ગયા. એમણે વિચાર્યું કે પરમાત્માની જ્યોત્સ્ના પણ આવી રહી છે, પણ મારા અહંનો નાનો દીવો પરમાત્માની જ્યોત્સ્ના જોઇ શકતો નથી ત્યારે સોહમનો પ્રકાશ આવતો દેખાય છે, અને દિલને, મનને અને પ્રાણને ભરી દે છે.

મહાવીરે પોતાના અહંને દૂર કરવા ધ્યાનને પકડ્યું. ધ્યાનના પ્રયોગથી વિચારને અહિંસક બનાવ્યો.

બીજી વાત વાચાં. આપણા ઉચ્ચારમાં એક પ્રકારની દ્વિધા ભરેલી છે. આપણે સભા સમક્ષ કાંઇ બોલીએ, અને એકાંતમાં કંઇ બીજું જ બોલીએ. લોકો સમક્ષ પ્રશંસા કરીએ અને લોકોથી દૂર થતાં એકબીજાને કાપવાનું, એકબીજાનું બગાડવાનું, એકબીજાનું બૂરું બોલવાનું શરૂ કરીએ છીએ. આપણી વાણીમાં મધુરતા–મીઠાશ આવવી જોઇએ તેને બદલે વાણી કાતિલ અને કર્કશ બની ગઇ છે. તે કાતિલ અને કર્કશ બોલી પહેલાં આપણને જ નુકસાન કરે છે. પહેલાં

તો આપણે મિતભાષી બનવાનું છે. ભગવાને એને માટે મૌન બતાવ્યું. મૌનથી ઉચ્ચારનું સંશોધન કરી, શુધ્ધ કરી, સ્યાદ્વાદી અહિંસક વાણી બનાવવી.

હવે આવે છે આચાર, જીવનમાં જ્યાં સુધી ત્યાગ-તપશ્ચર્યા નહિ આવે ત્યાં સુધી જીવન વિલાસી રહે છે અને વિલાસી જીવન કોઇ પ્રકારના કામમાં આવતું નથી.

લોકો કહે છે કે મહાવીર મોટા તપસ્વી હતા. તેમણે માત્ર તપશ્ચર્યાની જ વાત કરી છે. હું કહું છું કે મહાવીરે તપશ્ચર્યાનો વિરોધ કર્યો છે. એમણે કહ્યું કે જે અજ્ઞાનથી તપશ્ચર્યા કરે છે તે માનવને નીચે લઈ જાય છે. અજ્ઞાનતપ એ કષ્ટ છે. નિર્જરાનું કારણ નથી. એમણે કહ્યું કે તમારો આચાર શુધ્ધ અને સુંદર બનાવવા માટે તપ કરો, પણ તપ દંભ ન થઇ જાય અને અતિશય થઇને તમને પરેશાન ન કરે એ વિચારતા રહો.

વિચાર, ઉચ્ચાર, અને આચાર એ ત્રણ સાધનોને અહિંસાનું રૂપ આપવા માટે એમણે ધ્યાન, મૌન અને તપશ્ચર્યાના સાધનોથી પોતાના જીવનને અહિંસામય બનાવી લીધું. આ સાધનાને અંતે એમને જે પ્રાપ્ત થયું એનું નામ કેવળ જ્ઞાન છે. કેવળજ્ઞાન એટલે PERFECT KNOWLEDGE સંપૂર્ણજ્ઞાન એ કેવળજ્ઞાનના પ્રકાશમાં એમણે જે મેળવ્યું એ જ એમણે દુનિયાને આપ્યું.

પ્રભુએ માનવઆત્મા માટે, પ્રાણીમાત્ર માટે અને વિશ્વ માટે ત્રણ વાત બતાવી.

**પ્રાણી ત્રણ વસ્તુનો ઇચ્છુક છે : સુખ, મૈત્રી અને આઝાદી.**

આ ત્રણ વાતને ભગવાને સુંદર વળાંક આપ્યો. એમણે કહ્યું કે માણસને સુખ જ નહિ, પણ शांतिदा सुख જોઇએ છે. આ સુખ ઇન્દ્રિયોના સુખમાં નહિ મળે. ઇન્દ્રિયોના સુખથી અંતે થાકી જવાય છે. શાંતિદા સુખ સંતોષથી મળે છે. આ માટે એમણે પહેલી વાત અપરિગ્રહની બતાવી. સંગ્રહ કરવાની ઝંખના માણસને અશાંતિની ખીણ તરફ લઇ જાય છે.

જે સંચય કરે છે, જેમની પાસે ઘણું ધન છે, એમને રાત્રે સૂવા માટે દવા લેવી પડે છે. તમે તો દવા વગર સૂઇ જાઓ છો તો સુખી કોણ? ભગવાને બતાવ્યું કે શાંતિ આપનારું સુખ એ જ સાચું સુખ અને એ સુખ સંતોષથી જ મળે.

બીજી વાત બતાવી મિત્રની. તમે મિત્ર શોધો પણ ઘણી વાર મિત્રો જ તમારો નાશ કરે છે. ક્લબમાં લઇ જઇ રાત્રે મોડે સુધી જગાડી, તમને વ્યસનને રસ્તે ચડાવી તમારો વિનાશ તમારા જ મિત્ર કરે છે. એટલે ભગવાને કહ્યું કે મિત્ર એ છે જે તમારા જીવનમાં આનંદ લાવે. તમારા પ્રાણને આનંદથી ભરી દે. નૈસર્ગિક આનંદથી તમારા દિલમાં માનસિક સ્વસ્થતાનું સુખ ઉત્પન્ન કરે, તો મિત્ર કોણ? अप्पा शत्रु चं मित्र च ભગવાને કહ્યું, તું તારો મિત્ર છે અને તું જ તારો શત્રુ પણ છે. તારા આત્માને જ તું તારો મિત્ર બનાવ. જે આત્માને મિત્ર ગણતો નથી, જેનામાં અનુપ્રેક્ષા કે અવલોકન શકિત નથી, અંદર ઊતરી

જે પોતાને શોધતો નથી, સ્વયં પોતાની જાત સાથે સંબંધ ઇચ્છતો નથી, પોતાની સાથે બેસી થોડી ક્ષણો પણ પોતે વાત કરતો નથી એ બહારના મિત્રોને શું આપી શકવાનો છે ?

ભગવાને કહ્યું કે તમે બીજાને શું કામ મિત્ર બનાવો છો?, તમે પોતે જ તમારા મિત્ર બનો. તમારો મિત્ર તમારો આત્મા છે. જે સાચો આનંદ આપનારો મિત્ર છે.

ત્રીજી વાત ભગવાને બતાવી કે લોકો આઝાદી ઇચ્છે છે. પણ આઝાદીનો હેતુ શો છે તે ભૂલી જાય છે. આઝાદી મળવા છતાં દિલમાં અને મુખ પર બરબાદી દેખાય તો એને સમજવા માટે આઝાદીના રહસ્યને સમજવાની જરૂર છે. આપણી આઝાદીમાં આજે શું સુખ છે તે જુઓ.

જીવનમાં અનીતિ છે. રસ્તા પર જુઓ તો પશુઓનો સંહાર થઇ રહ્યો છે. માર્ગમાં માછલીઓ વેચાઇ રહી છે. પશુઓ પર ક્રૂરતા આચરાય છે અને નિર્બળોનું શોષણ થાય છે. આપણી માનવતા જ જાણે મરી ગઇ હોય એવી પ્રતીતિ થાય છે. આપણા ખાવામાં, આપણાં વસ્ત્રોમાં, આપણા સાબુમાં, ચારે બાજુ હિંસાનું પ્રદર્શન થઇ રહ્યું છે. આપણી આઝાદી શું લાવી? હિંસા જ લાવી કે બીજું કાંઇ?

મિત્રો ,વિચાર કરવા જેવી આ વાત છે. હું જાણું છું કે આ વાત દર્દ ઉત્પન્ન કરે છે. ક્રિયાકાંડની મૂર્ચ્છનામાં આપણે સત્યને ભૂલવા ઇચ્છીએ છીએ, પણ ભૂલવાથી તે વાત દૂર નહિ જાય, સામે આવશે.

**બિહારનો દુકાળ, ગુજરાતનો દુકાળ અને ચારે બાજુ કુદરતનો પ્રકોપ માનવની માનવતાના અભાવનું પ્રદર્શન નથી?**

ત્રણ દિવસ પહેલાં બિહારના મુખ્ય પ્રધાન શ્રી મહામાયા પ્રસાદ બિહારમાં આપણે જે રાહત કેન્દ્રો શરૂ કર્યાં, તે માટે પોતાની પ્રજા અને સરકાર તરફથી ધન્યવાદ પાઠવવા આવ્યા હતા. ત્યારે મેં તેમને કહ્યું હતું કે બિહારનો દુષ્કાળ માત્ર અન્ન આપવાથી, વસ્ત્ર આપવાથી દૂર થવાનો નથી. એ તો અમે આપીશું. અમે નહિ આપીએ તો અમારી માનવતા મરી પરવારેલી ગણાશે. પણ પ્રજા ઊઠશે, જાગશે, ઊભી થશે તો જ તેનો ઉધ્ધાર થવાનો છે. હવે તમે પ્રજાને જગાડવાનું કામ કરો. પ્રજામાં જાગૃતિ આવે એવી રચનાત્મક પ્રવૃત્તિ કરવા–કરાવવામાં મદદ કરો. આપેલાં વચનોને સત્ય પુરવાર કરો તો જ આ બિહારની પ્રજા પ્રભુ મહાવીરના સમયમાં જેટલી સમૃધ્ધ હતી, એટલી નહિ પણ કેટલેક અંશે તો જરૂર બેઠી થશે. આ વાત સાંભળી એમણે કહ્યું કે, ભગવાન અમને સદબુધ્ધિ આપે. મેં કહ્યું કે ભગવાને તો કર્મ પ્રમાણે આપી છે. ભંડારો તો ભરેલા જ છે પણ આજ સુધી એને દરવાજે તાળું હતું, હવે આપણે તાળું ખોલી એ દરવાજા ઉઘાડવાના છે.

ભગવાન મહાવીરે કહ્યું કે આપણને જે સમૃધ્ધ બનાવે, આપણને જે ઉઠાવે અને આપણામાં છુપાયેલી આપણી દિવ્યતાને બહાર લાવે એવી આઝાદી લાવો.

સુખ ઇચ્છશો તો સુખ મળશે પણ શાંતિ આપે એવું સુખ ઇચ્છો. મિત્ર જોઇશે તો મિત્ર મળશે પણ આનંદ આપે એવા આત્માને જ મિત્ર

બનાવો. અને આઝાદી જોઇએ તો તે મળશે પણ, આપણને આધ્યાત્મિક રીતે સમૃધ્ધ બનાવે એવી આઝાદી મેળવો.

આજે ભગવાન મહાવીરના જન્મકલ્યાણકનો દિવસ હોવાથી આપણા હૃદયમાં ખૂબખૂબ ભાવ અને ઉલ્લાસ છે. સૌ મળ્યા, પણ મળીને છૂટા પડી આ પ્રસંગને ભૂલી જઇએ તો આપણને સાચો લાભ શો મળે? આજે આપણે આ પાવન પ્રસંગનું ચિંતન કરીએ. આ ચિંતનમાંથી સંકલ્પશક્તિ પ્રગટાવીએ જેથી આપણા જીવનમાં વર્ધમાનનો જન્મ થાય.

પ્રભુ મહાવીરનું જીવન અને એમની સાધના સાગર સમી વિશાળ છે. એ વિષે શું કહી શકાય? એની તો ઉપાસના જ હોય. આપણે તો ભાવપૂર્વક નમન કરી એટલી જ પ્રાર્થના કરીએ કે પાણી, પ્રકાશ અને પવન જેવાં પ્રભુએ પ્રબોધેલાં ધ્યાન, મૌન અને તપ પ્રાણીમાત્રના આધ્યાત્મિક સ્વાસ્થ્ય માટે હો અને સર્વ જીવો એનો પૂર્ણ લાભ પામો.

### સુપ્રસિદ્ધ ચિંતન ને કુશળ વ્યાખ્યાનકાર

### 'ચિત્રભાનુ'ના

## અપૂર્વ ગ્રંથો

**(૧) સૌરભ** **૩૦/-**

જીવનના બાગમાં નવીન વિચારણાની બહાર લાવે તેવાં સુંદર પદ્યના નમૂના જેવાં, રસભરપૂર ગદ્યમૌકિતકોનો સંગ્રહ. એક એક મૌકિતકમાં જીવનના બાગમાં નવી સૌરભ પ્રગટે તેવું સારરૂપ લખાણ છે. આ પુસ્તક ગુજરાતી ચિંતન- સાહિત્યમાં નવીન સૌરભ પ્રસારે છે. ભેટ-ઈનામ માટે પણ સુયોગ્ય છે.

**(૨) જીવન-માંગલ્ય** **૧૫/-**

એમના વિચારો સમાજને યોગ્ય દોર અને દિશા આપે છે. આ સંગ્રહ ઉચ્ચ જીવનની ખેવના રાખનારા સહુ કોઈને પ્રેરક બની રહેશે.

**(૩) ધર્મજીવનના અજવાળા** **૪૦/-**

ધર્મરત્ન પ્રકરણ વિશેના પ્રવચનો છે. સર્વધર્મી જનને એના આદર્શની સિદ્ધિ પ્રતિ લઈ જાઓ એ જ સાધના છે. ભકિતભરી, સ્નેહ ભરી ધર્મરત્નની પ્રાપ્તિ માટે

**(૪) બિંદુમાં સિન્ધુ** **૫/-**

સાદી આંખે સામાન્ય લાગતી ઘટનામાં પણ જીવનક્રાંતિનાં બીજ રહેલાં છે ... ઓજસ્વી કલમે એવા મહાન પુરુષોના જી... ...જૂ થઈ છે.

**(૫) ત્રીસ દિવસ...** **૭/-**

રોજબરોજન... ...ક વાર્તા સરળ શૈલીથી ધર્મ...

**(૬) પ્રતિબિંબ** **૭/-**